# સરદાર રસદાર ખબરદાર

સં. લેખન

**વિષ્ણુ મહંત**

(M.Com., M.Ed.)

-: પ્રકાશક :-

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧

**SARDAR RASDAR KHABARDAR**

by ***Vishnu Mahant***

Shihol Ta. Petlad Dist. Anand M. 9998385365

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. :

**સરદાર રસદાર ખબરદાર**

વિષ્ણુ મહંત

-: ટાઈપ સેટીંગ :-

Mayur's

-: વિક્રેતા :-

**એમ. એમ. સાહિત્યપ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ

-: મુદ્રક :-

**અર્પણ પ્રિન્ટરી, આણંદ**

# અર્પણ

દીલદાર મિત્રશ્રી

**યાકુબભાઈને...**

## પ્રસ્તાવના....

શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે તેમના જીવનકાળ દરમ્યાન સતત રાષ્ટ્રપ્રેમને પોસ્યો છે. તેમની રક્તવાહીનીઓનું લોહી નહિ પણ રાષ્ટ્રપ્રેમ જ વહેતો હતો તેમ કહેવાય. તેમના મગજમાં ચાલતા વિચારો પણ સતત રાષ્ટ્રપ્રેમથી જ રંગાએલા હતા.

સમગ્ર જીવન દરમ્યાન ખેડૂતો અને સત્યાગ્રહીઓ કેવી રીતે ઉદ્ધાર થાય તે તેમનું એક વિચાર ચિંતન રહ્યું છે. તેમને માટે કહી શકાય કે -

મા ભારતીના રથના કર્ણધાર હતા તમે
મા ગુર્જરીની સેનાના સરદાર હતા તમે.

આપની વાણી એવી હતી કે દુશ્મનને તલવાર જેવી લાગે અને દેશવાસીઓને મીઠી મધ જેવી લાગે. કરમસદથી બારડોલી સુધી આપની સફળ એટલે ભારત ભોમ પર માંડેલાં વિરાટ પગલાં હતાં. રજવાડાઓને એક કર્યા એ તો કોઈકાળે કોઈનાથી શક્ય બને તેવી વાત ન હતી. આપશ્રીના હાથમાં એવો તો જાદુ હતો કે જ્યાં જ્યાં ભારતમાતાએ આંગળી ચીંધી ત્યાં ત્યાં આપે ફતેહના ડંકા વગાડ્યા.

એકતા અને અખંડતાના શિલ્પી.
વેરાયેલા ટુકડાઓને સાંધી,
શી સર્જી તમે,
સુભગ ભારતની પ્રતિમા

લોખંડી મનોબળ

કોમળ છતાં વજ્ર જેવું હૃદય

અને વહી

સરવાણીઓ સ્નેહની

એવી સરદાર ખબરદાર પ્રતિમા!

આપશ્રીને વંદન કરતાં ધન્યતા અનુભવુ છું કે આપશ્રી જેવા મહાન નેતા માટે મારા જેવા અલ્પ માણસને આ કંઈક સંગ્રહ સંકલન કરવાની તક મળી. આપના ચરણોમાં અને કરમસદની રજેરજને મારા કોટી કોટી વંદન સહ -

એ માટીની ધૂળથી માથુ ભરી દઉં

એ ધૂળ ફરી મળે કે ન મળે -

કંઈક વાંચીલો સરદાર વિષે

બીજુ પુસ્તક આવુ મળે કે ન મળે -

અસ્તુ,

જય જય ગરવી ગુજરાત... જય ભારત .... જય સરદાર

લિ.

**વિષ્ણુ મહંત**

સિંહોલ, તા. પેટલાદ જિ. આણંદ-ગુજરાત

૯૯૯૮૩ ૮૫૩૬૫

## ::: અનુક્રમણિકા :::

૧. ગાંધીભક્તિ ---------- ૧

૨. મીઠાશ ---------- ૫

૩. સરદારમાં ગુણો ---------- ૧૦

૪. એકલા જવાશે? ---------- ૧૨

૫. પગલે પગલે ---------- ૧૩

૬. પ્રેમભરી કડકાઈ ---------- ૧૫

૭. નિષ્ઠા ---------- ૨૧

૮. યોગી ---------- ૨૬

૯. બેવફા નથી ---------- ૨૯

૧૦. રોકી રાખ્યો ---------- ૩૭

૧૧. બેરિસ્ટર સરદાર ---------- ૪૦

૧૨. ગાંધીજીની સાથે ---------- ૪૫

૧૩. પ્રમાણપત્ર ---------- ૫૨

૧૪. ખાદીધારી ---------- ૫૪

૧૫. રાંધીને જમાડશે ---------- ૫૭

૧૬. શ્રદ્ધા ---------- ૬૦

૧૭. કસોટી ---------- ૬૨

૧૮. હુકમ વિના નહીં ---------- ૬૪

૧૯. આત્મનિરીક્ષણ ---------- ૬૮

૨૦. વિશ્વાસ ---------- ૭૨

૨૧. સેનાપતિ ---------------------------------------------- ૭૪
૨૨. ગાંધી અને સરદાર ------------------------------------- ૭૫
૨૩. પ્રજાની શક્તિ ------------------------------------------ ૭૭
૨૪. સત્યાગ્રહી ---------------------------------------------- ૮૧
૨૫. પહેલો પાઠ ---------------------------------------------- ૮૩
૨૬. શિક્ષકનો બહિષ્કાર ------------------------------------- ૮૫
૨૭. ઘડતર --------------------------------------------------- ૮૬
૨૮. સુકાન સંભાળ્યું ---------------------------------------- ૧૦૦
૨૯. બોરસદ ------------------------------------------------ ૧૧૧
૩૦. બારડોલી ---------------------------------------------- ૧૩૨



# ૧. ગાંધી ભક્તિ

૩૨ ની લડત વેળાએ યરવડા જેલમાં ગાંધીજી સાથે સરદારશ્રીને રાખવામાં આવ્યા હતા.

સરદારશ્રીની બાપુજી પ્રત્યેની ભક્તિ અને વફાદારી કેવી ઉત્કટ હતી એનું દર્શન આ જેલનિવાસ દરમિયાન પ્રત્યક્ષ જોવા મળ્યું.

સરદાર આ પહેલાં ચા પીતા હતા. પણ બીજે દિવસે સરદારને ચા પીતા ન જોઈને મહાદેવભાઈએ પૂછ્યું : 'કેમ તમે ચા પીવાની બંધ કરી છે?'

સરદારે કહ્યું :

'અહીં બાપુની સાથે આવીને હવે શું ચા પીવી? આપણે તો એ જે ખાય તે ખાવું એમ ઠરાવી દીધું છે. ચોખા છોડ્યા છે,

શાક બાફેલું ખાવાનું રાખ્યું છે અને બે વખત દૂધરોટી લઉં છું. બાપુ પણ રોટી ખાય છે.'

સરદારનો આવો નિશ્ચય સાંભળીને મહાદેવભાઈએ પણ ચા પીવાનું બંધ કર્યું.

મહાદેવભાઈને એકાદ મહિના પછી ગાંધીજી અને સરદાર સાથે યરવડા જેલમાં રહેવાનું થયું હતું. એટલે ગાંધીબાપુને માટે સોડા બનાવવો, ખજૂર સાફ કરવું, દાતણ કચરવું એ બધું વલ્લભભાઈએ પોતે જ માથે લઈ લીધું હતું.

એક દિવસ સરદારે હસતાં હસતાં મહાદેવભાઈને કહ્યું :

'મને ક્યાં ખબર હતી કે અહીં બાપુ સાથે રાખવાના છે? ખબર હોત તો કાકા (સાહેબ)ને પૂછી લેત કે બાપુનું શું શું કામ કરવાનું હોય છે. આ તો બાપુ કશું કહે નહીં એટલે કંઈ ખબર પડે નહીં. કપડાં ધોવાનું તો બાપુએ રહેવા જ દીધું નથી. નાહવાની ઓરડીમાંથી ધોઈને જ નીકળે પછી કરવું શું?

વલ્લભભાઈની ગાંધીજી પ્રત્યેની ભક્તિ અને સેવાભાવના જોઈને મહાદેવભાઈને થયું :

'જે પ્રેમથી બાપુને માટે વલ્લભભાઈ ફળ સમારે છે અને દાતણ કૂટવાનું ભૂલી ગયા હોય, તો યાદ આવતાં દાતણ લેવા દોડે છે એ બધું એમની બાપુ પ્રત્યેની અપાર ભક્તિ સૂચવે છે અને એ ભક્તિ શીખવાને માટે પણ એમના પગ આગળ બેસવાને



પ્રેરે છે.'

અહીં એક પ્રસંગ જોઈએ.

જેલમાં એક વાર ગાંધીજી કાગળ લખાવવાના હતા. તે વેળાએ મહાદેવભાઈ કાંતતા હતા.

એટલે ગાંધીજીએ વલ્લભભાઈને કહ્યું : 'એનું કાંતવાનું તો ન જ છોડાવી શકાય.'

સરદાર કહે : 'મને લખાવો.'

ગાંધીજી ગમ્મત કરતાં કહે :

'ભલે. તમારી ઉપર મને દયા આવે એમ નથી.'

એમ કહીને ગાંધીજીએ વલ્લભભાઈને કાગળ લખવા બેસાડ્યા.

પરંતુ સાંજે ગાંધીજીએ વલ્લભભાઈને એથી વધારે આકરું કામ સોંપ્યું.

આકાશદર્શન ઉપર એક લાંબો આશ્રમને માટે જે મોકલાય તેની નકલ કેમ્પ જેલમાં અને બહેનોની જેલમાં વસતાં આશ્રમવાસીઓને મોકલવાની ગાંધીજીએ પરવાનગી મેળવી હતી.

એટલે એ લખાણોની નકલ કરવાની વધી.

એક નકલ મહાદેવભાઈએ કરી તો હતી જ. પણ બીજી કેમ્પ જેલને માટે કરવાની બાકી હતી.

તે વખતે મહાદેવભાઈ કાંઈક કામમાં હતા. એટલે ગાંધીજીએ એ નકલ કરવાનું કામ વલ્લભભાઈને સોંપ્યું.

વલ્લભભાઈ તો તરત નકલ કરવા બેસી ગયા.

કલાકેક એમને થયો હશે. એટલે મહાદેવભાઈ ગાંધીજીને કહે :

'બાપુ, જેમને એક કાગળ લખતાં પણ કંટાળો આવે, તેમને આ કામ શા સારુ સોંપ્યું છે?'

ગાંધીજી ગમ્મત કરતાં કહે : 'થાકશે તો પડતું મૂકશે.'

વલ્લભભાઈ માટે આ નકલ કરવાનું કામ એ નવો અનુભવ હતો. તેમને માટે 'અલ્પોક્તિ', 'અતંદ્રિત' એવા એવા શબ્દો અને કેટલાંક અટપટાં વાક્યો અપરિચિત અને જડબાતોડ આવતાં હતાં!

પરંતુ સરદાર એ પૂછતા ગયા અને આગ્રહપૂર્વક પૂરું કરીને જ સૂવા ગયા!

❒



# ૨. મીઠાશ

સરદારશ્રી બહારથી લોખંડી પુરુષ જ લાગે. પણ તેમના પરિચયમાં આવનારને એમના હૃદયની પ્રેમળતાનો પરચો મળતો.

સરદારશ્રી ગાંધીજી સાથે ૩૨ની સાલમાં યરવડા જેલમાં હતા. તે વખતે તેઓ ગાંધીજીની બહુ સંભાળ રાખતા અને બાપુનું ઘણુંખરું કામ પ્રેમ અને સેવાભાવથી કરતા.

ઘણીવાર સરદાર ગાંધીજીની સાથે રકઝક કરીને પણ ગાંધીજીને અમુક સગવડ કરી આપવા મથતા.

પરંતુ ગાંધીજી પણ થોડા હઠીલા (!) ખરા ને! તેઓ તો પોતાનું ધાર્યું જ કરતા.

એવી એક મીઠી રકઝક અહીં આપણે જોઈએ. એમાં નર્યો પ્રેમ જ નીતરતો જોવા મળે છે.

ગાંધીજી રાતે બહાર ખુલ્લામાં જ સૂતા. પણ કોઈ વાર રાતે વરસાદ પડતો, ત્યારે ગાંધીજીનો ખાટલો ઉઠાવીને વરંડામાં લાવવો ભારે પડતો હતો.

એટલે ગાંધીજીએ જેલના મેજર પાસે હલકો ખાટલો માગ્યો.

મેજરે કહ્યું : ‘કાથાની દોરીની ચારપાઈ છે, એ ચાલશે?’

ગાંધીજી કહે : ‘હા, ચાલશે.’

મેજરે કહ્યું : ‘તમે કહેશો તો કાથાની દોરી કાઢીને એના ઉપર પાટી ભરી આપીશ.’

સાંજે ખાટલો આવ્યો.

ગાંધીજી કહે : ‘આના પર પાટી બંધાવવાની કશી જરૂર જ નથી. મારી પથારી આજે એના ઉપર કરજો.’

સરદારશ્રી તરત જ બોલી ઊઠ્યા : ‘અરે શું? એના ઉપર તે સુવાતું હશે? ગાદલામાં કાથાના વાળ ઓછા છે જે કાથાની દોરી ઉપર સૂવું છે?’

ગાંધીજી કહે : ‘પણ જુઓની, આ ખાટલો કેટલો સ્વચ્છ રહી શકે છે?’

સરદાર બોલ્યા :

‘તમેય ખરા છો! એના ઉપર તો ચાર નાળિયેર ચાર ખૂણે બાંધવાનાં બાકી છે! આવો અપશુકનિયો ખાટલો નહીં ચાલે.



એના ઉપર કાલે પાટી ભરાવી દઈશ.’

ગાંધીજી કહે : ‘ના વલ્લભભાઈ, પાટીમાં ધૂળ ભરાય. પાટી ધોવાય નહીં. આના ઉપર તો પાણી રેડ્યું કે સાફ.’

સરદાર પાસે એનો જવાબ તૈયાર જ હતો. તેઓ કહે : ‘પાટી ધોબીને આપી કે બીજે દિવસે ધોવાઈને આવે.’

ગાંધીજી પણ ગાંજ્યા જાય એવા ન હતા. કહે : ‘પણ આ કાથાની દોરી ઉખેડવી ન પડે. એમ ને એમ ધોઈ શકાય.’

મહાદેવભાઈ દેસાઈ ગાંધીજી અને સરદારની આ મીઠી રકઝક સાંભળતા હતા. તેઓ વચ્ચે બોલ્યા : ‘હા બાપુ, એ તો ગરમ પાણીએ ઝારી શકાય અને એમાં માંકડ પણ ન રહી શકે.’

એ સાંભળીને સરદાર બોલી ઊઠ્યા :

‘ચાલો, હવે તમેય મત આપ્યો! એ ખાટલામાં તો ચાંચડમાંકડ એટલા થાય કે વાત ન પૂછો!’

ગાંધીજીએ તો પોતાની હઠ પકડી રાખી :

‘હું તો એના ઉપર જ સૂઈશ. ભલે તમે એવો ખાટલો ન મંગાવતા. મારે ત્યાં તો બાળપણમાં આવા જ ખાટલા વપરાતા એ યાદ છે. મારી બા તો એના ઉપર આદું ઘસતી.’

મહાદેવભાઈએ કુતૂહલથી પૂછ્યું : ‘એ વળી શું? એ હું ન સમજ્યો.’

ગાંધીજી કહે :

'આદુંનાં અથાણાં કરવાં હોય, ત્યારે આદુંને છરીથી સાફ ન કરતાં આના ઉપર ઘસે. એટલે છોતરાં બધાં સાફ થઈ જાય.'

સરદારે રદિયો આપ્યો :

'તે જ પ્રમાણે આ મૂઠી હાડકાં ઉપરની ચામડી ઊખડી જશે! એટલે જ કહું છું કે, પાટી ભરાવો.'

ગાંધીજી પણ આખરે 'બેરિસ્ટર' ખરા ને! એમની પાસે દલીલ તૈયાર જ હતી :

'અને પાટી તો 'ઘરડી ઘોડી ને લાલ લગામ' જેવું થઈ પડશે. આ ખાટલા ઉપર પાટી શોભે નહીં. એના ઉપર કાથો જ શોભે. અને પાણી રેડીએ એટલે બિલકુલ ધોવાઈ જાય, જેમ કપડાં ધોવાય. એ કેવું સુખ! વળી કાથો કોઈ દિવસ સડવાનો નહીં.'

એટલે સરદાર કહે : 'વારુ ત્યારે, મારું કહ્યું ન માનો તો ભલે.'

ગાંધીજીએ ખાટલો વરંડા ઉપરથી નીચે લેવરાવ્યો.

સરદારે ખાટલો નીચે મૂક્યા પછી કહ્યું : 'પણ બાપુ, વરસાદ આવશે તો?'

ગાંધીજી કહે : 'તો ઉપર લઈશું.'

એટલે સરદાર બોલી ઊઠ્યા :

'ततो दुःखतरं नु किम् ?'

એ દિવસોમાં સરદાર સંસ્કૃત શીખવતા હતા. એટલે



ગાંધીજી ગમ્મતમાં હસતાં હસતાં કહે :

'એ તો હું જાણતો જ હતો કે, આ શ્લોકનો ઉપયોગ કરવાને માટે જ તમે આ સવાલ પૂછો છો!'

❐

# ૩. સરદારમાં ગુણો

’૩૨ની લડતમાં ગાંધીજી સાથે વલ્લભભાઈ યરવડા જેલમાં હતા. ગાંધીજીને ૮મી મે, ૧૯૩૩ ને રોજ છોડી મૂકવામાં આવ્યા. તે વખતે ગાંધીજીએ જે નિવેદન કરેલું તેમાં સરદારશ્રી વિશે લખ્યું હતું :

‘જેલમાં સરદાર વલ્લભભાઈ સાથે રહેવાનું મળ્યું એ એક મોટો લહાવો હતો. તેમની અદ્વિતીય શૂરવીરતા અને જ્વલંત દેશપ્રીતિની તો મને ખબર હતી. પણ આ સોળ મહિના તેમની સાથે જે રીતે રહેવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું તેવી રીતે કદી હું તેમની સાથે રહ્યો નથી.

‘તેમણે પ્રેમથી મને જે તરબોળ કર્યો છે, તેથી મારી વહાલી માતાનું સ્મરણ થઈ આવતું.

‘તેમનામાં આવા માતાના ગુણો હશે, તે તો હું જાણતો જ



નહોતો.

‘મને જરાક કંઈક થાય તો એ પથારીમાંથી ઊઠ્યા જ છે. મારી સગવડની નાનામાં નાની વસ્તુ માટે પણ તેઓ જાતે કાળજી રાખતા.

‘તેમણે અને મારા બીજા સાથીઓએ સંતલસ કરી મૂકી હતી કે, મને કશું કામ કરવા ન દેવું.

‘હું આશા રાખું છું કે, સરકાર મારી વાત માનશે કે, જ્યારે જ્યારે અમે રાજદ્વારી પ્રશ્નની ચર્ચા કરતા, ત્યારે ત્યારે સરકારી મુશ્કેલીઓનો બરાબર ખ્યાલ તેમને રહેતો.

‘બારડોલી અને ખેડાના ખેડૂતોની તેઓ જે ચિંતા કરતા તે હું કદી ભૂલી શકીશ નહીં.’

❒

# ૪. એકલા જવાશે?

એક દિવસ ગાંધીજી સરદાર સાથે વાતચીત કરતા હતા. ભાવિ રાજ્યબંધારણમાં ભાગ લેવા વિશે વાત નીકળતાં ગાંધીજી કહે :

'એ તો જોઈને કહી શકાય. વિલાયતમાં પણ મેં કહેલું અને અહીં પણ કહું છું કે, જો એમાં કશી સત્તા મળતી જ ન હોય, તો તેનો કારમો વિરોધ કરજો. અને સત્તા મળી હોય તો ધારાસભાઓનો કબજો લેજો. હું ન હોઉં તો એટલું તો કહી જ જાઉં છું.'

આ સાંભળીને સરદાર બોલી ઊઠ્યા :

'અહીં સુધી સાથે લાવ્યા અને એમ કાંઈ એકલા ચાલ્યા જવાશે?'

❒



# ૫. પગલે પગલે

યરવડા જેલમાં એક દિવસ સવારે પોણા ચાર વાગ્યે ઊઠવાને બદલે ગાંધીજી ત્રણ વાગ્યે ઊઠી ગયા.

મહાદેવભાઈએ કહ્યું : 'બાપુ, ટકોરા ત્રણ સંભળાયા છે. વહેલા કેમ ઊઠી ગયા?'

ગાંધીજીએ ઘડિયાળમાં જોયું. ત્રણ જ વાગ્યા હતા.

ગાંધીજી કહે : 'હવે ઊઠ્યા છીએ, ત્યારે પ્રાર્થના કરી લઈએ એ ઠીક છે.'

એટલે ગાંધીજી, સરદાર અને મહાદેવભાઈ પ્રાર્થના કરવા બેઠા.

દાતણપાણી અને પ્રાર્થનામાંથી પરવાર્યા, ત્યારે ચાર વાગ્યા.

ગાંધીજી લીંબુનું પાણી અને મધ પીધાં.

દરરોજ સવારે ચાર સાડા ચારથી સાડા પાંચ વાગ્યા સુધી ગાંધીજી અને સરદાર ફરવાનું રાખતા.

બાપુએ સરદારને કહ્યું : 'તમે આજે બાકીની ઊંઘ પૂરી કરો. હું એકલો જ ફરવા જઈશ.'

એ સાંભળી સરદાર હસતાં હસતાં કહે :

'નહીં, આપણે તો તમારી પાછળ પાછળ જ ચાલવાના!'

❒



# ૬. પ્રેમભરી કડકાઇ

ગાંધીજીએ યરવડા જેલમાં હરિજન પ્રશ્ન બાબતમાં પહેલાં ઉપવાસ કર્યા હતા. તેનું સમાધાન થયા પછી ચોથી નવેમ્બર ૧૯૩૨ને ગાંધીજીએ વિચાર કર્યો કે, આપણા નેતાઓ હરિજન પ્રશ્ન અંગે અમુક દિવસ સુધીમાં ઐક્ય ન સ્થાપી શકે તો ઉપવાસ કરવા.

એટલે ગાંધીજીએ સરદાર અને મહાદેવભાઈની આગળ એ વાત મૂકતાં કહ્યું :

'હવે મનમાં તો એમ થઈ જાય છે - જોકે એ ઊડતો વિચાર છે - કે મંગળવાર સુધીમાં આ લોકો ઐક્ય ન સ્થાપી શકે, તો ઉપવાસ કરવાની નોટિસ આપવી!'

સરદાર ચૂપ રહ્યા.

સરદાર ભલે આમ બહારથી કડક લાગતા. પણ અંદરથી

બહુ પ્રેમાળ હતા. કવિ ભવભૂતિએ કહ્યું છે એમ, 'वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।' વજ્રથીયે ઘણા કઠણ, પુષ્પથીયે કોમળ, એવા સરદાર હતા.

એટલે બાપુની બીજા ઉપવાસની વાત સાંભળીને સરદાર એમની ચિંતા કરવા લાગ્યા.

સરદારના હૃદયના આ મૃદુ ભાવને યાદ કરીને એટલે જ. જ્યારે ગાંધીજીને તા. ૮-૫-૩૩ને રોજ યરવડા જેલમાંથી છૂટા કરવામાં આવ્યા અને સરદારને જેલમાં જ રાખ્યા, ત્યારે ગાંધીજીએ મહાદેવભાઈને દર્દભર્યા અવાજે કહ્યું હતું :

'એ તો મારે મા કરતાંયે વધારે છે.'

ગાંધીજીએ જ્યારે ઉપવાસની વાત કરી, ત્યારે સરદાર એક હરફ સુધ્ધાં ઉચ્ચાર્યો નહીં, એટલે ગાંધીજી સમજી ગયા કે, સરદારને આ ઉપવાસની વાત ગમતી નથી! એટલે ગાંધીજીએ આગળ વાત ચલાવી નહીં.

પછી સરદાર કંઈ કામસર ગયા, એટલે મહાદેવભાઈએ ઉપવાસ વિશે ગાંધીજીને યાદ અપાવી કહ્યું :

'પરિષદ ચાલે એ દરમ્યાન કેવળ શુભ પ્રેરણા આપવાને માટે જ ઉપવાસ કરવા એ વસ્તુ મને પસંદ છે.'

'હા, એ મારા મનમાં નથી એમ નથી. પણ હું જે વાત કરતો હતો તે તો આ પરિષદનો શુભ અંત નહીં આવે ત્યાં સુધી



ઉપવાસની વાત હતી.'

મહાદેવભાઈ એ સાંભળી બોલી ઊઠ્યા :

'એટલે એ તો બંદૂક છે!'

ગાંધીજી કહે : 'હા.'

મહાદેવભાઈ બોલ્યા :

'એ વાત મને ગળે નથી ઊતરતી. મને તો પેલી વાત ગળે ઊતરે. એની સામે કોઈ બોલી ન શકે. એમાં પરિણામ ઉપજાવવાની ઉપર ભાર નથી, કેવળ આત્મશુદ્ધિ અને શુભેચ્છાનું જ ચિહ્ન છે.'

ગાંધીજી કહે :

'એ બધું ઠીક, પણ તો તો એ ગુપ્ત રીતે જ કરવો જોઈએ ને? સરકારને ખબર આપીએ અને એ જાહેર કરવાની મહેરબાની કરે કે ન કરે ત્યાં તો પરિષદ પૂરી થઈ હોય.'

મહાદેવભાઈ બોલ્યા : 'પણ એની પણ પરવા ન રાખીએ!'

ગાંધીજી કહે : 'પણ આની સામે એક વાંધો છે. સરકાર એમ ધારે કે, આને કોઈ પણ રસ્તે બહાર નીકળવું જ છે.'

મહાદેવભાઈ - 'એ વાંધો ઘાતક છે ખરો.'

આ વાતચીત ચાલતી હતી એ દરમિયાન વલ્લભભાઈ પાછા આવી ગયા હતા. એટલે ગાંધીજીએ એમને સંબોધીને પૂછ્યું:

'કેમ વલ્લભભાઈ, તમે શું કહો છો?'

ગાંધીજીની ઉપવાસની વાતથી દરેક વખતે સરદાર ખૂબ અકળાતા અને પોતાનો ઉકળાટ સખત ભાષામાં વ્યક્ત પણ કરી દેતા. આ ઉપવાસની વાત સાંભળીને સરદાર મનમાં ક્યારના ધૂંધવાઈ ઊઠ્યા હતા. એટલે તરત જ ચિડાઈને બોલ્યા :

'હવે તમે જરા જંપીને બેસવા દો લોકોને! બિચારા ત્યાં ભેગા થયા છે એમને સૂઝે એમ કરશે. ત્યાં વળી તમે આમ પિસ્તોલ બતાવી શા સારુ લોકોને અકળાવો છો? બીજા માણસોને પણ લાગશે કે આ માણસ નવરો છે, ટાણેકટાણે એ તો ઉપવાસ જ કર્યા કરે છે! છૂટવાને માટે આ બહાનું છે, એમ માને એ તો વળી જુદી જ વાત.'

ગાંધીજીને સરદારના રોષમાં પ્રેમનું જ દર્શન થતું. એટલે આ સાંભળીને ગાંધીજી હસીને કહે : 'પણ મહાદેવ કહે છે એ પ્રકારનો ઉપવાસ?'

સરદાર જાણે હુકમ કરતા હોય એમ બોલી ઊઠ્યા :

'કોઈ પણ રીતનો નહીં!'

ગાંધીજી હસતાં હસતાં કહે :

'ત્યારે પ્રમુખ સાહેબની સાવ નામંજૂરી જ છે ના?'

વલ્લભભાઈ - 'હા.'

ગાંધીજી કહે :



'વારુ ત્યારે એ વાત ગઈ. તમે ના કહો તે થાય?'

એટલે સરદાર બોલ્યા :

'એ તો અમારી પરીક્ષા કરવા તમે પૂછેલું. અમે ના કહીએ તો તમે હા કહો, અને અમે હા કહીએ તો તમે ના કહો એવા છો!'

ગાંધીજી કહે :

'વાહ, તો તો મારે ઉપવાસ કરવા જ જોઈએ ખરું ના?'

એટલે સરદાર હસીને કહે :

'ઉપવાસ કરવો હોય તો કરો ને આ બધા ગોળમેજીમાં ચાલ્યા તેની સામે!'

ગાંધીજી હસતાં હસતાં બોલ્યા :

'એ તમારે કરવા જોઈએ. જાઓ, તમને રજા આપું છું.'

એટલે સરદાર હસતાં હસતાં કહે :

'હાસ્તો. હું શા સારુ કરું? હું કરું તો એ લોકો મને મરવા દે. તમારા તો એ બધા મિત્રો છે, એટલે કદાચ માને! પણ ગયેલા કંઈ પાછા આવવાના છે? જવા દો એ વાત!'

'એક વાત છે - આ દેશમાં બધા ઠંડાગાર થઈને હારીને બેસી ગયા લાગે છે તેની સામે ચાલો ને, આપણે ત્રણ જણા ઉપવાસ કરીએ!'

ગાંધીજી બોલ્યા :

'વલ્લભભાઈ તમારી આ વાત સો ટકા સાચી, પણ એનો અવસર આજે નથી આવ્યો. એ અવસર આવે ખરો, પણ આજે નથી એમ સ્પષ્ટ લાગે છે.'

સરદાર કહે :

'જો તમારી રજા હોય, તો એને માટે તો હું એકલો કરું.'

ગાંધીજી જગતમાં મીઠું હસ્યા.

❒



# ૭. નિષ્ઠા

મહાત્મા ગાંધીજીએ '૩૩ની સાલમાં હરિજન પ્રશ્ન અંગે યરવડા જેલમાં એકાએક એકવીસ દિવસના ઉપવાસ કરવાનો નિર્ણય કરી લીધો.

વલ્લભભાઈ કરવાના નિર્ણયની આગલી રાત્ર મધરાત પછી જાગીને ગાંધીજીએ નિવેદન તૈયાર કર્યું હતું. વહેલી સવારની પ્રાર્થના પછી મહાદેવભાઈને આરામ કરવા જવાનું કહીને ગાંધીજીએ એ નિવેદન વલ્લભભાઈના હાથમાં મૂકતાં મૂકતાં કહ્યું :

'વલ્લભભાઈ શાંત ચિત્તે વાંચી જાઓ. આમાં દલીલને અવકાશ જ નથી. એટલે દલીલ ન કરજો.'

સરદારશ્રી નિવેદન વાંચી ગયા.

એક વાર વાંચ્યું.

બીજી વાર વાંચ્યું.

સ્તબ્ધ થઈ ગયા!

મહાદેવભાઈ આરામ કરીને પાછા સાડા પાંચે ઊઠ્યા, ત્યારે છગનલાલભાઈ જોશીએ તમને કહ્યું :

‘બાપુએ એકવીસ દિવસનું અનશન આદર્યું છે !’

મહાદેવભાઈ એ સાંભળીને એકદમ ચમક્યા ! તેઓ તરત જ ગાંધીજી અને વલ્લભભાઈ આંટા મારતા હતા ત્યાં દોડી ગયા.

અર્ધો કલાક તેઓએ આંટા માર્યા.

ગાંધીજીએ પોતે બેચાર વાક્યો કહ્યાં હશે. પણ વલ્લભભાઈ અને મહાદેવભાઈ એ બેમાંથી એકેય પણ શબ્દ ન ઉચ્ચાર્યો.

આવા મહાન ગંભીર પ્રસંગોએ નથી વિચારને માર્ગ મળતો, નથી અશ્રુને.

અર્ધા કલાક પછી વલ્લભભાઈએ મહાદેવભાઈ આગળ મૌન ખોલ્યું અને પછી ગંભીર અવાજે કહ્યું :

‘બાપુના કરતાં પવિત્ર કોઈને જાણ્યો છે? એમને ઈશ્વરને રાખવા હોય કે લઈ લેવા હોય એ કોને ખબર છે? પણ એમનાં મન અને આત્માનો પ્રવાહ જે દિશામાં વહેતો હોય તેને મન, વચન અને કાયાના મૌનથી અનુકૂળ થવું.’

વળી વલ્લભભાઈએ સર પુરુષોત્તમદાસને ગાંધીજીના આ



ઉપવાસ અંગે પત્ર લખ્યો હતો. તે પરથી વલ્લભભાઈ બાપુના આ ઉપવાસને કેવી શ્રદ્ધાપૂર્ણ દૃષ્ટિએ જોતા હતા એનો ખ્યાલ સહેજે આવે છે :

બાપુએ આ વખતે લીધેલી પ્રતિજ્ઞામાં કોઈની સલાહ કે સંમતિ લીધી જ નથી. ગઈ વખતની પ્રતિજ્ઞા ધાર્મિક હોવા છતાં એમાં રાજકીય તત્ત્વ સમાયેલું હતું અને તેટલા પૂરતી મારી સાથે મસલત કરવાની આવશ્યકતા સ્વીકારેલી હતી.

‘આ વખતે લીધેલી પ્રતિજ્ઞા કેવળ ધાર્મિક હોવાથી તેમાં મારી સંમતિનો સવાલ હતો જ નહીં.’

‘વળી મારી સાથે પ્રથમ મસલત કરી હોત, તોપણ એમણે કરવા ધારેલા નિર્ણયમાં હું ફેરફાર કરાવી શકત એમ માનવાને કશું જ કારણ નથી. હા, મારા મનમાંના થોડા ઊભરા જરૂર કાઢી શકત. બાકી તો આવા કેવળ ધાર્મિક નિર્ણયમાં ફેરફાર કરાવી શકવા જેટલી યોગ્યતા મારામાં નથી.

‘આપ આવીને શું કરો? આપ કે હું કે કોઈ શું કરી શકવાના હતા? ધાર્યું ધણીનું થાય છે અને થશે.’

‘કોઈની ધાર્મિક પ્રતિજ્ઞા તોડાવવાનો નિષ્ફળ પણ પ્રયત્ન કરવાના પાપમાં શા માટે આપણે પડવું જોઈએ? હિંદુ ધર્મનું પ્રામાણિક અને સતત પાલન કરનાર આજે કોણ છે? જો હોય તો આજે આપણી આ દશા ન હોત.’

'ત્યારે એવું ધાર્મિક પાલન કરનાર એક વ્યક્તિ આપણા જાણવામાં છે, તે એકની પણ એણે લીધેલી પ્રતિજ્ઞા સગાંસંબંધીઓ કે સ્નેહીઓ આગ્રહથી છોડાવી શકે એમ માનીએ, તોપણ એથી હિંદુ ધર્મને કે દેશને શો લાભ થાય? મારી અલ્પ મતિ પ્રમાણે એથી ઊલટું જ પરિણામ આવે.'

'પ્રતિજ્ઞાના ગુણદોષ વિચારતાં પણ યરવડા પેક્ટ પછીનું હિંદુ સમાજના કેટલાક ભાગનું વર્તન જોતાં અને ખાસ કરીને સનાતનીઓ અને કેટલાક કેળવાયેલા હિંદુઓ જે પ્રકારે પ્રચાર કરી રહ્યા છે તે જોતાં વહેલો કે મોડો ઉપવાસ આવી જ પડવાનો હતો. તો પછી થોડા દિવસ ઠેલી શકાત તે ન થયું, એટલા ખાતર શોક શું કામ કરવો?'

'હિંદુ ધર્મની રક્ષાને નામે જ હળાહળ જૂઠ અને પ્રપંચનો ભારે પ્રયોગ થઈ રહ્યો છે તે પણ હું જોઈ રહ્યો છું. મોટામાં મોટી પદવીએ પહોંચેલા કેટલાક આપણા જ ભાઈઓ આ ચળવળને 'રાજદ્વારી ચાલબાજી' લેખે છે અને બાપુના ઉપર ઢોંગનું આરોપણ કરે છે.'

'આવા સંજોગોમાં કરોડો ગરીબ અને અભણ અંત્યજોને આપેલા વચન માટે એ ક્યાં સુધી મૂંગે મોઢે જોયા કરે?'

'હિંદુ ધર્મની રક્ષાનો બીજો કોઈ માર્ગ આપને સૂઝે છે ખરો? જો બીજો કોઈ માર્ગ ન હોય, તો જેને ધર્મ એ જીવનથી



વધારે વહાલો હોય તે બીજું શું કરે?'

'બાપુની ઉંમર અને શારીરિક સંપત્તિ જોતાં એકવીસ દિવસના ઉપવાસની વાતથી મને ધ્રુજારી છૂટે છે ખરી. એમને પોતાને તો શ્રદ્ધા છે કે ઈશ્વર ઉપવાસ નિર્વિઘ્ને પૂરા કરાવશે. પણ મને ભય છે કે એ આશા વધારે પડતી છે. પણ જે અનિવાર્ય છે તેનો શોક કર્યે શું થાય? પ્રભુ જે કરશે તે સારું જ કરશે.'

❐

# ૮. યોગી

સરદારશ્રી ભલે રાજકારણમાં ચાણક્યરૂપે જાણીતા થયા છે. પરંતુ આંતરિક રીતે તેઓ યોગી સમા જ હતા.

ગાંધીજીનાં કાર્યો વિશેની એમની સમજ કેવી સ્પષ્ટ હતી અને ઈશ્વર પ્રત્યેની નિષ્ઠા કેવી અડગ હતી એનો પરિચય આપણને ગાંધીજીના એકવીસ દિવસના ઉપવાસ ચાલતા હતા, ત્યારે બેલગામ જેલમાં મણિબહેનને એમણે જે પત્ર લખ્યો હતો એ પરથી થાય છે..

મણિબહેન સાથે જેલમાં તે વખતે મૃદુલાબહેન સારાભાઈ પણ હતાં.

સરદારશ્રીએ તા. ૧૯-૫-૩૩ ના રોજ મણિબહેનને લખ્યું હતું :

‘બાપુના ઉપવાસથી મૃદુલાને ખૂબ લાગી આવે એ હું સમજું



છું. પણ બાપુને અનુસરવામાં એટલું તો સમજી જ લેવું જોઈએ કે, કોઈ વખત એમનાં કામ એવાં હોય છે જ કે સામાન્ય રીતે જોતાં આપણાથી એ ન સમજી શકાય.’

‘જગત અને એમની વચ્ચેનું અંતર એટલું બધું છે કે, આપણે એમનાં બધાં કામ ન સમજી શકીએ. એટલે ઈશ્વર જે કરે છે તે સારું કરતો હશે એમ માનવું રહ્યું.’

‘વળી બાપુ જે કરશે તે કેવળ શુદ્ધ હેતુથી અને દેશના હિતને ખાતર જ કરતા હશે એ વિશે જરાયે શંકા ન લાવી શકાય એવું એમનું આખું જીવન છે.’

‘આ પ્રસંગ તો ઈશ્વરકૃપાથી સહીસલામત પાર ઊતરી જશે. હવે અડધા ઉપવાસ બાકી રહ્યા છે. તે સારી રીતે ગાંધીજી કરી શકશે એવા દાક્તરોના આજે તો અભિપ્રાય છે. એટલે હવે ચિંતા કરવાનું કારણ નથી.’

‘પણ ભવિષ્યમાં કોઈ વખત ગમે તેવો બનાવ બને તોપણ જરાયે મૂંઝાવું ન જોઈએ. બાપુ જે કરે તે બધી જ સ્થિતિનો વિચાર કરીને જ કરતા હશે એમ માનવું જોઈએ.’

‘પરિણામ હંમેશાં ઈશ્વરના હાથમાં છે. કોઈનું ધાર્યું થતું નથી. સારું કાર્ય કરતાં સારું પરિણામ ન આવે તોયે શું?’

‘આ વાત લક્ષમાં રાખી જેલમાં પડેલાએ બહારની કશી જ ચિંતા ન કરવી જોઈએ.’

'આ બધું તમારે બેઉએ સમજવાનું છે. ભવિષ્યમાં શું શું કરવું પડશે અગર વેઠવું પડશે એ કોને ખબર છે? એટલે દુઃખમાં સુખ માનનાર માટે કારાવાસ છે એ સમજી લેવું.'

'આ કાગળ મળશે ત્યારે બાપુના ઉપવાસ પૂરા થઈ જવા આવ્યા હશે કે પૂરા થઈ ગયા હશે. પણ ભવિષ્યમાં તમારે બેઉએ યાદ રાખવા માટે જ લખું છું. બહાર બનતા કોઈ પણ બનાવથી જરાયે અસ્વસ્થ ન થઈએ. એટલી શક્તિ મેળવી હોય તે જ જેલમાં જવાને લાયક ગણાય.'

'આપણે આપણો ધર્મ બજાવવો. એથી વિશેષ આપણી ફરજ નથી.'

'બાપુના તપમાંથી માત્ર એક જ વાત આપણને વિચારવાની અને કરવાની રહે છે. તે તો આપણી પોતાની વિશેષ શુદ્ધિ.'

'એ કેટલે અંશે આપણે કરી શકીએ છીએ તેનો વિચાર કરવો, કે જેથી દેશસેવાને માટે આપણે વિશેષ યોગ્યતા મેળવી શકીએ. એથી વિશેષ કરવાપણું કે વિચારવાપણું ન જ હોય.'

'બાપુના ઉપરના તમારા કાગળો કોણ વાંચે છે એની ચિંતા કરવી જ નહીં. એમની પાસે કશું છાનું હોતું નથી, એ તો તને ખબર હોવી જ જોઈએ. અને આપણે પણ થોડું જ કોઈનાથી કંઈ છાનું રાખવાનું છે?'



# ૯. બેવફા નથી

૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ ને રોજ ભારત દેશ આઝાદ બન્યો. પાકિસ્તાનનું અલગ રાષ્ટ્ર સ્થપાયું.

પરંતુ કોમી વિખવાદ ભરેલા અગ્નિની પેઠે ધૂંધવાયા કરતો હતો.

સરદાર સાહેબના હાથમાં ગૃહખાતું હતું. એટલે દેશમાં સુલેહશાંતિ સ્થાપવાનું કપરું કામ તેમને શિરે હતું.

ઝીણા સાહેબે અને મુસ્લિમ લીગના કેટલાક આગેવાનોને લાગતું હતું કે, સરદાર સાહેબ જ્યાં સુધી છે ત્યાં સુધી ભારતમાં કોમી ભેદભાવ ફેલાવવાનું શક્ય નથી. એટલે સરદાર સાહેબ એ સૌને કણાની માફક ખૂંચતા હતા. તેથી એ સૌએ સરદાર સાહેબ સામે કાદવ ઉછાળવા માંડ્યો!

સરદાર મુસલમાનોના વિરોધી છે અને તેઓ સાથે પરાયું

વર્તન કરે છે, એવી અફવાઓ ફેલાવા લાગી.

એ બધી વાતો સાંભળીને ગાંધીજીને ખૂબ દુઃખ થતું. તેઓ વારંવાર કહેતા :

‘વલ્લભભાઈ કદી પણ કોમવાદી હતા નહીં અને છે નહીં. મુસલમાનોને અન્યાય થાય એવું વર્તન તેઓ કદી કરે નહીં અને મને પૂરેપૂરી પ્રતીતિ છે.’

આવા ખોટા પ્રચારને કારણે સરદારશ્રી હેરાનપરેશાન થતા હતા. તેમની તબિયત પર પણ એની માઠી અસર થતી હતી.

એવામાં વડાપ્રધાન જવાહરલાલજી અને સરદાર સાહેબ વચ્ચે રાજવહીવટ અંગે મતભેદ ઊભા થવા લાગ્યા.

જવાહરલાલજીની દૃષ્ટિ બીજા દેશોના પ્રવાહ તરફ હતી અને એને અનુસરીને તેઓ ભારતના પ્રશ્નને જોતા. સરદાર સાહેબનું માનવું એવું હતું કે, આપણું ઘર પ્રથમ સહીસલામત કરવું, પછી બીજી વાત.

આ દૃષ્ટિભેદ અને મતભેદની વાત પણ ગાંધીજી પાસે આવવા લાગી.

એ જ અરસામાં ભારતમાં કોમી-એકતા સ્થાપવા માટે ગાંધીજીએ ઉપવાસ શરૂ કર્યા. એ જ વેળાએ ૧૬મી જાનેવારી, ૧૯૪૮ને રોજ સરદારે સૌરાષ્ટ્ર જવાનું નક્કી થયું હતું.



પરંતુ ગાંધીજીએ ઉપવાસ શરૂ કર્યા હતા એટલે સરદારે સૌરાષ્ટ્રનો કાર્યક્રમ મુલતવી રાખવાનું વિચાર્યું. પરંતુ ગાંધીજીએ તેમને એ કાર્યક્રમ ચાલુ રાખવા સલાહ આપી.

એટલે સરદાર સૌરાષ્ટ્ર જોવા તૈયાર થયા. પરંતુ જતાં પહેલાં સરદારે ગાંધીજીને નીચેનો પત્ર લખ્યો :

‘આજે સવારે સાત વાગ્યે મારે સૌરાષ્ટ્ર જવાનું છે. આપના ઉપવાસના દિવસોમાં મારે બહાર જવું તે મારા માટે દુઃખની વાત છે. પણ અનિવાર્ય કર્તવ્ય બજાવવાં ખાતર બીજો રસ્તો નથી.’

‘ગઈકાલે આપની મુખમુદ્રા પર છવાઈ રહેલી ગ્લાનિએ મને બેચેન બનાવી મૂક્યો છે. અને તે કારણે હું વિચારવમળના ઝંઝાવાતમાં પડ્યો છું.’

‘કામનો બોજો એટલો ભારે થઈ પડ્યો છે કે, તેના કારમા વજનથી હું કચડાઈ રહ્યો છું.’

‘હું હવે જોઉં છું કે, આમ આગળ ચલાવ્યા કરવામાં દેશનું કે મારી જાતનું કોઈ વધારે હિત થવાનું નથી. કદાચ તેથી નુકસાન પણ થાય.’

‘જવાહરલાલ પર મારા કરતાં પણ વધારે બોજો છે. તેમનું હૃદય દુઃખથી ભારે થયું છે. સંભવ છે કે, હું ઉંમરે તેમનાથી વૃદ્ધ હોવાથી તેમના સાથી તરીકે તેમની પડખે રહી કામ કરવામાં

તેમનો બોજો હળવો નહીં કરી શકતો હોઉં.

'મૌલાના (અબુલ કલામ આઝાદ) હું જે કંઈ કરી રહ્યો છું તેથી નારાજ છે. અને આપને વારંવાર મારો બચાવ કરવો પડે છે. આ હકીકત પણ મારે માટે અસહ્ય છે.

'આ સંજોગોમાં આપ મને અહીંથી છૂટો થવાની રજા આપો, તો કદાચ તેથી દેશનું અને મારું વધારે હિત થાય.'

'હાલ હું જે કાર્ય જે રીતે કરું છું, તેથી બીજી રીતે કરી શકું તેમ નથી.'

'જો હું લાંબા સમયના જીવનના સાથીઓને ભારરૂપ થઈ પડું અને વળી આપના હૃદયની વેદનાને કારણ રૂપ બનું, છતાં હું મારા સ્થાને ચીટકી રહું, - એનો અર્થ એ થાય - અને એવું મને લાગે છે કે, સત્તાની લાલસામાં હું અંધ બન્યો છું અને તેથી હું છૂટો થયા રાજી નથી. આ અસહ્ય દશામાંથી મને જેમ બને તેમ જલદી મુક્ત કરવો જોઈએ.'

'આપના ઉપવાસના પ્રસંગે આ માટે ચર્ચા કરવાનો સમય નથી, એ હું સમજું છું. પણ જો હું આપના ઉપવાસ છોડાવવા જેટલી પણ મદદ કરી ન શકતો હોઉં, તો અહીં બેસીને મારે બીજું શું કરવાનું છે તે હું સમજી શકતો નથી. મારે માટે અન્ય શી ફરજ બજાવવાની છે તે હું કાંઈ જાણતો નથી.'

'તેથી આપને આપના ઉપવાસ છોડવાની અને આ



પ્રશ્નનો જલદીથી નિર્ણય કરવાની નમ્રભાવે આજીજી કરું છું. તેમ કરવાથી જે કારણે આપને ઉપવાસ કરવા પડ્યા છે તે કારણ દૂર થવાનો સંભવ પણ છે.'

સૌરાષ્ટ્રનું કામ પતાવીને સરદાર બીજે દિવસે મુંબઈ ગયા. ત્યાં તેમણે જાહેર સભામાં નીચેના ઉદ્‌ગારો કાઢ્યા :

'આપણે સ્વાતંત્ર્ય મેળવ્યું, ત્યારે આપણી પ્રતિષ્ઠા વધી હતી. પણ પછીના બનાવોથી તે આપણે ખોઈ બેઠા.'

'જો સ્વાતંત્ર્ય મેળવ્યા પછી પણ ગાંધીજીને હિંદુ-મુસલમાન વચ્ચે સાચી એકતા માટે ઉપવાસ કરવા પડે, તો તે આપણે માટે કાયમનું કલંક છે.'

'તમે હમણાં જ પોકારો સાંભળ્યા કે, મુસલમાનોને ભારતમાંથી હાંકી કાઢો.'

'જે લોકો આવું કહે છે તે ક્રોધથી પાગલ બન્યા છે. જે માણસ ક્રોધથી ભાન ભૂલે છે તે ગાંડા માણસથી પણ બદતર બને છે. ગાંડા માણસને તો ડાહ્યો પણ કરી શકાય. પણ ક્રોધમાં ભાને ભૂલેલાઓનું શું થાય?'

'તેઓ સમજી શકતા નથી કે, ભારતમાં રહેલા મૂઠીભર મુસલમાનોને હાંકી કાઢવામાં તે કાંઈ ખાટવાના નથી.'

'હું સ્પષ્ટ વાત કરવાવાળો છું. હું હિંદુઓ તેમ જ મુસલમાનો બંનેને સરખી રીતે કડવી વાતો કહેવાવાળો છું.'

'કેટલાક મુસલમાનો ગાંધીજી પાસે ગયા અને મારા લખનૌના ભાષણમાં ત્યાંના મુસલમાનોએ કાશ્મીર અંગે પાકિસ્તાનના વલણનો તેઓ વિરોધ કેમ કરતા નથી, એવી ફરિયાદ કરી.'

'ગાંધીજીને મારો બચાવ કરવાની ફરજ પડી. તેથી મને દુઃખ થયું. કારણ કે હું એવો નબળો માણસ નથી કે જેનો બચાવ કોઈનેય કરવાની જરૂર પડે.'

આ ભાષણ વિશે ગાંધીજીએ જણાવ્યું :

'મેં સરદારનું મુંબઈનું ભાષણ વાંચ્યું છે. લોકોએ સમજી લેવું જોઈએ કે સરદાર, પંડિત નહેરુ અને મારાં - ત્રણેનાં દૃષ્ટિબિંદુ એકસરખાં જ છે. કાંઈ ફરક નથી. અમે બધા એક જ ધ્યેય માટે કામ કરીએ છીએ. આમાંથી કોઈ મુસલમાનોનો શત્રુ નથી.'

પછી ૩૦મી જાન્યુઆરી, ૧૯૪૮નો દિવસ ઊગ્યો.

ગાંધીજી પાસે સાંજની પ્રાર્થના પહેલાં સરદાર સાહેબ ગયા. સાથે મણિબહેન પણ હતાં.

ગાંધીજી અને સરદાર વચ્ચે એક કલાક ગંભીર વાતો ચાલી.

ગાંધીજીએ વાતની શરૂઆતમાં પોતાનો અભિપ્રાય એવો જણાવ્યો હતો કે, સરદાર કે જવાહરલાલજી એ બંનેમાંથી એક જણે પ્રધાનમંડળમાંથી છૂટા થવું રહ્યું.



પરંતુ ત્યાર બાદ પોતાનો નિર્ણય ફેરવતાં ગાંધીજીએ સરદારશ્રીને કહ્યું :

'હું એવા ચોક્કસ નિર્ણય ઉપર આવ્યો છું કે, પ્રધાનમંડળમાં બંને જણની સેવા અનિવાર્ય છે. આવા નાજુક સમયમાં એમાંથી કોઈનુંયે છૂટા થવું દેશ માટે ભયંકર નીવડશે.'

ગાંધીજીએ સરદારશ્રીને એમ પણ જણાવ્યું કે, સાંજની પ્રાર્થનામાં તેઓ પોતે આ અંગે જરૂરી ઉલ્લેખ કરશે. જવાહરલાલજી પણ પ્રાર્થના પછી તેમને મળવા આવનાર છે ત્યારે તેમની સાથે આ વિશે ચર્ચા કરશે. જરૂર જણાશે તો પોતે સેવાગ્રામ જવાનું મુલતવી રાખશે અને સરદાર તથા જવાહરલાલજી વચ્ચે મેળ ન સધાય ત્યાં સુધી દિલ્હી છોડશે નહીં.

સરદાર સાહેબે ગાંધીજીના આ જવાબને અંતિમ આજ્ઞા તરીકે માથે ચડાવ્યો.

પરંતુ ભગવાને તો ગાંધીજીને એ સાંજે જ પોતાની પાસે બોલાવી લીધા!

સરદાર સાહેબે એ પછીને બે વરસ ગાંધીજીએ સોંપેલું કાર્ય જવાહરલાલજીના વફાદાર સાથી તરીકે કરીને પોતાની ફરજ બજાવી.

ગાંધીજીના અવસાન પછીના કપરા કાળમાં સરદાર સાહેબે બધા મતભેદ ગળી જઈને જવાહરલાલજી પ્રત્યે પૂર્ણ વફાદારી

અને આમન્યા સાથે દેશની સેવા અર્થે, પોતાની નાદુરસ્ત તબિયત છતાં, અથાગ શ્રમથી કામ કર્યા કર્યું.

૧૯૫૦ની બીજી ઓક્ટોબરે મહાત્મા ગાંધીજીના જન્મદિવસે ઈન્દોરમાં સરદાર સાહેબે નીચેના ઉદ્‌ગારો જાહેર સભામાં કાઢી પોતાની નિષ્ઠા દર્શાવી હતી :

'આપણા નેતા પંડિત જવાહરલાલ નેહરુ છે. બાપુએ તેમને પોતાના વારસદાર તરીકે નીમ્યા છે અને એની જાહેરાત કરી છે.'

'બાપુના બધાયે સૈનિકોની ફરજ છે કે, તેમના હુકમનો અમલ અણિશુદ્ધ થવો જોઈએ.'

'જેઓ એ હુકમનો દિલોજાનીથી અમલ કરતા નથી તેઓ ભગવાનના ગુનેગાર છે.'

'હું બેવફા સિપાઈ નથી.'

'હું જે સ્થાને છું તેના વિશે મને વિચાર સરખો નથી આવતો. હું માત્ર એટલું જ જાણું છું કે બાપુએ મને જ્યાં મૂક્યો હતો ત્યાં જ હું છું.'

❒



# ૧૦. રોકી રાખ્યો

સરદારની તબિયત આમ તો નરમ હતી જ. પરંતુ આઝાદી પહેલાંના મહિનાઓમાં અને આઝાદી પછીના દિવસોમાં દેશનું વાતાવરણ ખૂબ તંગ રહેતું હતું!

ગાંધીજી પણ ખૂબ દુઃખી હતા. સરદારશ્રી દુઃખી હતા. બીજા સૌ અગ્રગણ્ય નેતાઓ પણ દુઃખી અને ચિંતામગ્ન હતા.

એવામાં ૩૦ મી જાનેવારી, ૧૯૪૮ને શુક્રવારે ગાંધીજીની હત્યા થઈ!

આ દારુણ ઘાએ સરદારના હૃદય પર ઊંડી અસર કરી.

અને ૧૯૪૮ના માર્ચ મહિનાની ૫ મી તારીખે સરદારશ્રીને પહેલવહેલો હૃદયરોગનો હુમલો થયો!

સરદારે ડૉ. સુશીલાબહેન નય્યરનો ભારત અને પાકિસ્તાનમાંની અપહૃત સ્ત્રીઓને પાછી મેળવવાના કાર્ય માટે

નીમેલી એક સમિતિમાં લીધાં હતાં. પૂર્વ પંજાબનાં દેશી રાજ્યોમાંથી અપહૃત સ્ત્રીઓને પાછી મેળવવાનું કામ સરદારે સુશીલાબહેનને સોંપ્યું હતું.

ચોથી માર્ચે તેમને દિલ્હી બોલાવવામાં આવ્યાં હતાં. પોતાના કામનો અહેવાલ આપવા બીજે દિવસે એટલે પાંચમી માર્ચે ડૉ. સુશીલાબહેન સરદારશ્રીને ત્યાં ગયાં.

સરદાર વગેરે ભોજન કરવાને બેઠાં અને ડૉ. સુશીલાબહેને પોતે શું શું કરી આવ્યાં હતાં એની વાત કરવા માંડી.

ત્યાં તો એકાએક સુશીલાબહેને જોયું કે, સરદાર ખાતા નહોતા અને તેમનો ચહેરો અસ્વસ્થ દેખાવા લાગ્યો!

ક્ષણભર સુશીલાબહેને પોતે શું શું કરી આવ્યાં હતાં એની વાત કરવા માંડી.

ત્યાં તો એકાએક સુશીલાબહેને જોયું કે, સરદાર ખાતા નહોતા અને તેમનો ચહેરો અસ્વસ્થ દેખાવા લાગ્યો!

ક્ષણભર સુશીલાબહેનને લાગ્યું કે, સરદારશ્રી બેચેન થઈ જાય એવું તો મારાથી કશું બોલાય નથી ને!

પરંતુ સરદારશ્રીનો ચહેરો નિહાળતાં તેમના કપાળ પર પરસેવાનાં બિંદુઓ બાઝેલાં દેખાયાં અને તેમના હોટ વાદળી રંગના થઈ ગયા હતા!

ડૉ. સુશીલાબહેને પૂછ્યું : ‘આપને ઠીક નથી લાગતું?’



હૃદય સ્થાને સરદારશ્રીએ પોતાનો હાથ દબાવ્યો.

હૃદયની નળીમાં લોહી જામી જવાના રોગનું આ આબેહૂબ ચિત્ર હતું.

સુશીલાબહેને તરત જ સરદારશ્રીને પથારીમાં સુવાડી દીધા અને તેમની સારવારમાં તેઓ લાગી ગયાં. દેશના સારા નસીબે સરદારશ્રી એ હુમલામાંથી ઊગરી ગયા.

મોર્ફિયાની અસરમાંથી સરદાર જાગ્યા. તેઓ બધી પરિસ્થિતિ તરત જ પામી ગયા. તેમણે ડૉ. સુશીલાબહેન ભણી જોઈને બહુ જ આર્દ્ર સ્વરે કહ્યું :

‘હું તો બાપુ પાસે જતો હતો. તેં મને શાને રોકી રાખ્યો? અને આજે શુક્રવારનો યોગ પણ હતો.’

સરદારશ્રીના આ શબ્દો ગાંધીબાપુ પ્રત્યેના પ્રેમના દ્યોતક હતા.

અને ૧૫ મી ડિસેમ્બર, ૧૯૫૦ને રોજ સરદારશ્રી સ્વર્ગવાસી થયા, તે દિવસે પણ શુક્રવાર જ હતો!

❐

# ૧૧. બેરિસ્ટર સરદાર

સને ૧૯૧૩ના ફેબ્રુઆરીની ૧૩ મી ને ગુરુવારે વલ્લભભાઈ પટેલ વિલાયતથી બેરિસ્ટર થઈને હિંદુસ્તાનને કિનારે મુંબઈ બંદરે ઊતર્યા.

બેરિસ્ટરીની પરીક્ષા વલ્લભભાઈએ પહેલા વર્ગ ઓનર્સમાં પહેલે નંબરે પસાર કરી. તેમને પચાસ પાઉન્ડનું ઈનામ પણ મળ્યું. આમ ખૂબ માનભર બેરિસ્ટરીની પરીક્ષા આપીને વલ્લભભાઈ દેશમાં પાછા ફર્યા.

વલ્લભભાઈને બેરિસ્ટરી અમદાવાદ કરવાની ઈચ્છા હતી. મુંબઈમાં આમ તો વિઠ્ઠલભાઈ બેરિસ્ટરી કરતા જ હતા.

પરંતુ સ્વતંત્ર મિજાજના વલ્લભભાઈને તો પોતાની શક્તિ પર જ પોતાની પ્રતિષ્ઠા જમાવવાની ઈચ્છા હતી.

વળી મુંબઈમાં પ્રેક્ટિસ જામતાં થોડાં વર્ષ પણ લાગે.



જ્યારે અમદાવાદમાં પ્રેક્ટિસ સારી રીતે જામતાં વાર નહીં લાગે એની વિઠ્ઠલભાઈને ખાતરી હતી. ખરું જોતાં કેસો વલ્લભભાઈની રાહ જોતા હતા.

વલ્લભભાઈને માટે અમદાવાદ આવી જલદી પૈસા કમાવા માંડવાનું બીજું પણ એક કારણ હતું.

વિઠ્ઠલભાઈ બેરિસ્ટરીનું કામ ધીમે ધીમે ઓછું કરવા લાગ્યા હતા. તેઓ જાહેર સેવાકાર્યમાં વધારે રસ લેવા માંડ્યા હતા. તેઓ મુંબઈની ધારાસભામાં મેમ્બર પણ થયા હતા.

એટલે હવે વકીલાતનું કામ અને લોકસેવાનું કામ એકીસાથે ન થઈ શકે એની વિઠ્ઠલભાઈને ખાતરી થઈ હતી. તેથી તેમણે વલ્લભભાઈ વિલાયતથી આવ્યા, ત્યારે પોતાના મનની સ્થિતિનો એમને ખ્યાલ આપ્યો.

વલ્લભભાઈ એક રીતે મોટાભાઈ વિઠ્ઠલભાઈના કોઈ પણ સારા કામમાં સાથ આપવા સદા તત્પર જ રહેતા. અને તેઓ પોતાનું કર્તવ્ય જ સમજતા.

એટલે સરદારે વિઠ્ઠલભાઈને કમાવાની જવાબદારીમાંથી મુક્ત કરવાનું અને એમનું બધું ખર્ચ ઉપાડી લેવાનું તરત જ સ્વીકારી લીધું.

એ કારણે બેરિસ્ટર વલ્લભભાઈએ બધો ખર્ચ ઉપાડી લેવા બરોબર ધમધોકાર વકીલાત શરૂ કરવાનું વિચાર્યું.

વલ્લભભાઈએ અમદાવાદમાં ભદ્ર વિસ્તારમાં દાદાસાહેબ માવળંકરના કાકાના બંગલામાં રહેવાનું રાખ્યું.

મુંબઈથી ખાસ મંગાવેલા ફેશનેબલ ફર્નિચરથી પોતાની ઓફિસ સજાવી અને ઠાઠથી રહેવા લાગ્યા.

ફર્નિચરની પસંદગી કરવામાં સરદારની સુરુચિનાં વખાણ કરતાં શેઠશ્રી કસ્તૂરભાઈ ઘણી વાર કહેતાં :

‘સરદારની ઓફિસના જેવું ફર્નિચર મેં અમદાવાદમાં બીજી કોઈ ઓફિસમાં જોયું નથી.’

ફર્નિચર ઝાઝું નહોતું. પણ સાદું, ઊંચા પ્રકારનું અને સુંદર હતું.

અને બેરિસ્ટર વલ્લભભાઈ કેવા હતા?

વલ્લભભાઈને તે વખતનું શબ્દચિત્ર દાદાસાહેબ માવળંકરે આબેહૂબ ચીતર્યું છે :

‘ફાંફડો જુવાન, છેક છેલ્લી ઢબના કટવાળાં કોટ-પાટલૂન પહેરેલાં, ઊંચામાં ઊંચી જાતની બનાતની હેટ માથા ઉપર કંઈક વાંકી મૂકેલી.’

‘સામા માણસને જોતાં જ માપી લેતી તેજસ્વી આંખો, બહુ ઓછું બોલવાની ટેવ, મોઢું સહેજ મલકાવીને મળવા આવનારનું સ્વાગત કરે પણ તેની સાથે વાતચીતમાં ન ઊતરે.’

‘મુખમુદ્રા દૃઢતાસૂચક અને ગંભીર. કાંઈક પોતાની



શ્રેષ્ઠતાના ભાન સાથે દુનિયાને નિહાળતી તીણી નજર.’

‘જ્યારે પણ બોલે ત્યારે એમના શબ્દોમાં આત્મવિશ્વાસથી અને પ્રભાવથી ભરેલી દૃઢતા.’

‘દેખાવ કડક અને સામા માણસને પોતાની આમન્યા રાખવાની ફરજ પાડે એવો.’

‘આવા આ નવા બેરિસ્ટર અમદાવાદમાં વકીલાત કરવા આવ્યા. સ્વાભાવિક રીતે જ નવા અને જુવાનિયા વકીલોનું આ નવજવાન બેરિસ્ટર પ્રત્યે ધ્યાન ખેંચાયું.’

‘એમના વ્યક્તિત્વમાં અને વર્તનમાં જ અમુક વિશિષ્ટતા હતી. કાંઈક આકર્ષણ, કાંઈક માન, કાંઈક અંજાઈ જવું, અને બીજાઓ પ્રત્યે તેઓ જે રીતે જોતા તેને લીધે કદાચ કાંઈક રોષ પણ - એવી મિશ્ર લાગણીઓથી વકીલમંડળમાં તેમનો સત્કાર થયો.’

બેરિસ્ટર વલ્લભભાઈની પ્રેક્ટિસ મોટે ભાગે ફોજદારી બાજુની હતી. સાક્ષીઓની તેમની ઊલટતપાસ ટૂંકી પણ મુદ્દાસરની રહેતી. કેસ ચલાવવાની તેમની ઢબમાં જ દેખાઈ આવતું કે કેસની વિગતો ઉપર તેમનો પૂરો કાબૂ છે.

સૌનું એકદમ ધ્યાન ખેંચે એવો તેમનો મોટો ગુણ તો એ હતો કે, કોર્ટ સાથેનો તેમનો વ્યવહાર સંપૂર્ણ નીડરપણાનો રહેતો. એ ગુણે જ આખા વકીલમંડળમાં બેરિસ્ટર વલ્લભભાઈને

આદરપાત્ર બનાવ્યા હતા. ગમે તેવા તોરી ગોરા જજને સભ્યતાની મર્યાદા બહાર તસુભાર પણ કદી તેઓ ચસકવા દેતા નહીં.

કોઈ જજના તોરીપણાની કે તરંગીપણાની ટીકા કરવાથી અથવા તે ઉઘાડી પાડવાથી તે જજ આગળની પોતાની પ્રેક્ટિસને ધોકો પહોંચશે એવા ડરથી વલ્લભભાઈ એ વસ્તુ નિભાવી લેતાં નહીં.

તેથી લોકોના તેમ જ વકીલોના સ્વમાનના તેઓ ભારે રક્ષક બની રહેતા.

સરદાર કેસ ચલાવતા હોય, ત્યારે ઘણા વકીલો જોવા બેસતા. એટલે કોર્ટ વકીલોથી ઠઠ ભરાયેલી રહેતી.

બહુ કેસો મેળવવાની પણ સરદાર પરવા કરતા નહોતા. તે વખતે અમદાવાદમાં બેરિસ્ટરોની ફીના જે દર હતા તે કરતાં સરદારે પોતાની ફીનો દર ઊંચો રાખ્યો હતો.

મુંબઈમાં વિઠ્ઠલભાઈનું ખર્ચ, અમદાવાદમાં પોતાના ઘરનું ખર્ચ તથા કુટુંબને કાંઈ મદદ કરવાની હોય તે, એ બધું દસ-બાર દિવસના કામમાંથી જ સરદાર કમાઈ લેતા.

કોર્ટના કામ પછી 'ગુજરાત ક્લબ'માં સરદાર જતા અને ત્યાં બ્રિજ રમતા.

પરંતુ ભગવાને સરદાર માટે બીજી જ યોજના ઘડી કાઢી હતી. એ હવે આપણે આગળ જોઈશું.



# ૧૨. ગાંધીજીની સાથે

સરદાર અમદાવાદમાં બેરિસ્ટર તરીકે સારા ગોઠવાઈ ગયા હતા. એ દિવસોમાં જ આપણા રાષ્ટ્રજીવનને નવો પલટો અપાવનાર મહાત્મા ગાંધીજીનું આપણા દેશમાં પુનરાગમન થઈ ચૂક્યું હતું.

દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડતમાં વિજય મેળવીને ગાંધીજી ૧૯૧૫ના આરંભમાં દેશમાં આવ્યા.

ભારતસેવક ગોપાળકૃષ્ણ ગોખલેજીના આદેશથી ગાંધીજીએ દેશભ્રમણ કરીને અમદાવાદમાં કોચરબમાં આશ્રમ સ્થાપવાનું વિચાર્યું. ૧૯૧૫ના મે માસની ૨૫મી તારીખે કોચરબમાં સત્યાગ્રહાશ્રમની સ્થાપના કરવામાં આવી.

ઘણા વકીલો અને જાહેર ક્ષેત્રમાં કામ કરવાની ઈચ્છાવાળા માણસો કૌતુક અને જિજ્ઞાસાને કારણે ગાંધીજીના આશ્રમમાં

વારંવાર જતા. ત્યાંથી કાંઈ ને કાંઈ વાતો લાવી ગુજરાત ક્લબમાં વલ્લભભાઈ વગેરેને કહેતા.

વલ્લભભાઈ તો એ સૌને મશ્કરીમાં ઉડાવતા.

વલ્લભભાઈને ઘણી વાર થતું :

'આ વળી કોઈ બેરિસ્ટર નવું ગાંડપણ લઈને આવ્યા છે! તે બ્રહ્મચર્ય પાળે, જાજરૂ વાળે, દળે, ઘઉંમાંથી કાંકરા વીણે એવા દેશસેવકો પેદા કરવાનું કારખાનું ઊભું કરવા માગે છે! એમ કાંઈ દેશસેવકો ઉત્પન્ન થતા હશે?'

આવી જાત જાતની મશ્કરી વલ્લભભાઈ કર્યા કરતા.

કોઈ ગાંધીજીને આશ્રમમાં મળવા જાય, તો તેમની ઠેકડી ઉડાવતાં વલ્લભભાઈ કહેતા :

'ત્યાં જઈને શું કરી આવ્યા? મારી સાથે બેસી પાનાં રમ્યા હોત, તો કંઈ બુદ્ધિનો પણ વિકાસ થાત.'

ગાંધીજી કોઈ વાર ગુજરાત ક્લબમાં જાય અને બધા વકીલો તેમની આજુબાજુ ભેગા થાય, ત્યારે વલ્લભભાઈ બ્રિજ રમનારા પોતાનાં સાથીને ગાંધીજી પાસે જતાં રોકે અને કહે :

'ત્યાં જઈને શું સાંભળવાનું છે? એ તો ઘઉંમાંથી કાંકરા વીણવાની વાત કરશે. એમ કરવાથી દેશ સ્વતંત્ર થવાનો છે?'

એક બાજુ દેશમાં નેતા ગણાતી વ્યક્તિઓની જીવનચર્યા, તેમની અસ્પષ્ટ વિચારસરણી, તેમનું કેટલીક વાર ન સમજી



શકાય એવું વર્તન જોઈને એવા લોકો તરફ વલ્લભભાઈને ઘૃણા ઉત્પન્ન થયેલી.

સરદારને તો નવો પ્રકાશ જોઈતો હતો. તેઓ એવા ગુરુની શોધમાં હતા જે દેશની કાયાપલટ કરે, માટીમાંથી માણસો પેદા કરે, ગૌરવભેર હિંમતપૂર્વક સત્તાધીશ અંગ્રેજોનો સામનો કરી શકે.

એટલે સીધાસાદા, ફકીર જેવા સામાન્ય ગામડિયા જેવા લાગતા. ગાંધીજીની ઢીલીપોચી વાતથી સરદાર જેવા 'સિંહ-શાવક'ને ક્યાંથી સંતોષ થાય?

તે દિવસોમાં નરહરિભાઈ પરીખ અને મહાદેવભાઈ દેસાઈ તદ્દન નવા વકીલો હતા. એ બંને મિત્રોએ કેટલાક વકીલ-બેરિસ્ટરોનાં નામ પાડ્યાં હતાં.

શ્રી મણિલાલ ભગુભાઈ બહુ રુઆબદાર અને મિજાજી હતા, તેઓ સામાપક્ષ ઉપર એવા તડૂકતા કે એમની સામેનો વકીલ કાચોપોચો હોય તો દબાઈ જ જાય. એમને 'વાઘ' નામ આપ્યું હતું.

ત્રંબકરાય મજમુદાર બેરિસ્ટર વયોવૃદ્ધ હતા, બહુ થોડા કેસોમાં આવતા. પણ જ્યારે આવતા ત્યારે મોટી ગર્જનાઓ કરી કોર્ટને ગજાવી મૂકતા. એમને 'સિંહ' નામ આપવામાં આવ્યું હતું.

એક દિવસે નરહરિભાઈએ મહાદેવભાઈને કહ્યું :

'આ વલ્લભભાઈ બેરિસ્ટર પણ સિંહ જ છે.'

મહાદેવભાઈ દેસાઈ કહે :

'છે ખરા, પણ એ હજી નાનો સિંહ છે. સિંહનું બચ્ચું છે. આપણે એમને સિંહ-શાવક કહીશું.'

આગળ જતાં આ પુરુષસિંહ આખા દેશમાં ગર્જવાના હતા. પણ તે વખતે, જેમ સિંહનું બચ્ચું મોટા હાથી ઉપર કૂદીને ચડી જાય અને તેના ગંડસ્થળને ચીરી નાખે તેમ, આ સિંહ-શાવક પણ જબરા વકીલ-બેરિસ્ટરોને અને જજોને ભારે પડતું હતું.

આવા તરવરાટવાળા બેરિસ્ટર વલ્લભભાઈ કોઈ શક્તિશાળી તેજસ્વી રાહબરની શોધમાં હતા.

અહીં આપણને સ્વામી વિવેકાનંદની યાદ આવી જાય છે.

પછીથી સ્વામી વિવેકાનંદ તરીકે જાણીતા થયેલા યુવાન નરેન્દ્રને ઘણી વાર થતું કે, એવા કોઈ મહાત્માને ગુરુ તરીકે સ્વીકારી લેવા જોઈએ, જેથી પોતાને પણ તેઓ ઈશ્વરદર્શન કરાવી આપે. એ માટે નરેન્દ્ર જ્યાંત્યાં જતા. જે કોઈ એવા પુરુષ મળે એમને નરેન્દ્ર પ્રશ્ન પૂછતા :

'મહાશય, આપે ઈશ્વરને જોયો છે?'

પરંતુ એમને ક્યાંયથી સંતોષકારક જવાબ મળતો ન હતો.

છેવટે તેમના કાકાએ એમને કહ્યું 'નરેન, જો તારે ખરેખર



એવા ગુરુ જોઈતા જ હોય તો દક્ષિણેશ્વરના શ્રીરામકૃષ્ણ પરમહંસ પાસે જા.'

નરેન્દ્રને પણ સીધાસાદા, પાગલ જેવા ઠાકુરને જોઈને મનમાં થયું ખરું કે, આ વળી મને ઈશ્વરદર્શન શી રીતે કરાવશે?

પરંતુ નરેન્દ્ર જેમ જેમ શ્રીરામકૃષ્ણના સંસર્ગમાં આવતા ગયા, તેમ તેમ તે એમના ભણી વધારે ને વધારે આકર્ષાતા ગયા.

શ્રીરામકૃષ્ણ પરમહંસ પોતાના શિષ્યોને ઘણી વાર કહેતાઃ

'પૈસાની લેવડદેવડ કરનારાઓ જે રીતે સિક્કાની કસોટી કરે, એ રીતે મારી કસોટી કરજો. મારી પૂરેપૂરી કસોટી કર્યા સિવાય તમારે મારો સ્વીકાર કરવો નહીં.'

નરેન્દ્રે પણ શ્રીરામકૃષ્ણની ઘણી રીતે કસોટી કરી જોઈ હતી. એ પછી જ એમણે ઠાકુરને પોતાના આરાધ્ય દેવ તરીકે સ્વીકાર્યા હતા.

આવું જ સરદારની બાબતમાં પણ થયું. તેઓ ગાંધીજી તરફ એકદમ આકર્ષાઈ ગયા નહીં. એમને થતું કે, આવી ભારે સલ્તનતની સામે તો કોઈ મહાન ક્રાંતિકારી જ ટક્કર ઝીલી શકે.

આમ હોવા છતાં પણ સરદાર છાનામાના ગાંધીજીની હિલચાલ બરોબર જોયા કરતા હતા ખરા.

ગાંધીજી ગુજરાત ક્લબમાં આવતા, ત્યારે ભલે સરદાર દૂર બેઠા બેઠા પાનાં રમતા હોય, પરંતુ એમના કાન તો ગાંધીજીની

વાતો તરફ જ મંડાયેલા રહેતા. કાંઈક ત્રાંસી નજર કરીને વખતોવખત એમના તરફ જોતા પણ હશે.

ગાંધીજીની સરળતા, સાદાઈ, નિઃસ્વાર્થતા અને સચ્ચાઈની કંઈક ને કંઈક છાપ એમના ઉપર ધીમે ધીમે પડવા લાગી હતી.

એ અરસામાં ગાંધીજીએ અમદાવાદની 'ગુજરાત સભા'માં દાખલ થવામાં પોતે અમુક શરતો મૂકી. એ જાણીને વલ્લભભાઈ સતેજ થયા.

એ શરતોનો સાર એવો હતો કે, ગુજરાત સભાએ પ્રજાને અંગ્રેજ સત્તા પાસે ભીખ માગવાની સલાહ ન આપવી. પણ પોતાના વાજબી હક સરકાર પાસે મેળવવાની તાકાત પ્રજા મેળવે એવી રીતે તેને કેળવવી.

વળી ૧૯૧૭ના એપ્રિલમાં ચંપારણ જિલ્લામાંથી ચાલી જવાના મેજિસ્ટ્રેટે કરેલા હુકમનો ગાંધીજીએ સવિનય આદર કર્યો. એનો તેમના ઉપર કેસ ચાલ્યો. તે વખતે ગાંધીજીએ કોર્ટમાં જે ગૌરવભર્યું નિવેદન કર્યું, એ બધું વર્તમાનપત્રોમાં આવ્યું. એ જાણીને સૌને અને સરદારને પણ થયું કે, 'આ કોઈ ખરો મર્દ છે.'

ગાંધીજી પ્રત્યે સૌની આદરની લાગણી ખૂબ વધી ગઈ.

વળી એ જ અરસામાં હોમ રૂલ લીગે લાખો સહીઓ સાથે



મોન્ટેગ્યુને મોકલેલી અરજી ગાંધીજીએ ઘડી હતી. તેના ટૂંકા અને મુદ્દાસરના લખાણમાં વલ્લભભાઈને નવી શક્તિનાં દર્શન થયાં.

એ પછી વલ્લભભાઈને ગાંધીજી સાથે થોડો પરિચય થયો.

વલ્લભભાઈને થયું કે,

'આ ગામડિયો જણાતો માણસ પ્રજાને સત્તા પાસે ભીખ માગવા જવાની સાફ ના પાડે છે. પણ પ્રજા તરીકેના પોતાના હક મેળવવાની શક્તિ કેળવવાનું કહે છે.'

વલ્લભભાઈ ગાંધીજીના પરિચયમાં જેમ જેમ વધારે આવતા ગયા, તેમ તેમ તેમને સમજાયું કે,

'આ પુરુષ સત્ય વાત કહે છે. તેમની પાસે દંભ નથી, આળપંપાળ નથી, સુફિયાણી વાતો નથી, પણ પ્રજાને શક્તિશાળી બનાવવાની વાત છે.'

ત્યાર બાદ ૧૯૧૭માં ગોધરામાં ગુજરાત રાજકીય પરિષદની બેટક થઈ. ત્યાં ગાંધીજીએ મૂકેલા અમલી કાર્યના ઠરાવો જોઈને વલ્લભભાઈ સવિશેષ આકર્ષાયા.

પછી આવી ખેડા જિલ્લાની સત્યાગ્રહની લડત. એમાં વલ્લભભાઈ ગાંધીજીના વધારે નિકટના પરિચયમાં આવ્યા અને હંમેશના તેમના બની ગયા.

❐

# ૧૩. પ્રમાણપત્ર

૧૯૧૮માં ખેડા સત્યાગ્રહ થયો. એ વેળાએ સરદારશ્રીએ પોતાની અદ્‌ભુત શક્તિનો સારો પરિચય કરાવ્યો. તેમને લીધે સત્યાગ્રહમાં અજબ જેમ પ્રગટ્યું હતું.

એ સત્યાગ્રહની પૂર્ણાહુતિ થઈ, તે વખતે ગાંધીજીએ જાહેર સભામાં પોતાના દિલની વાત કરતાં કહ્યું :

‘સેનાપતિની ચતુરાઈ પોતાનું કારભારી મંડળ પસંદ કરવામાં રહેલી છે.’

‘ઘણા માણસો મારી સલાહ માનવાને તૈયાર હતા. પણ મને વિચાર થયો કે, ઉપસેનાપતિ કોણ થશે?’

‘ત્યાં મારી નજર ભાઈ વલ્લભભાઈ પર પડી.’

‘મારે કબુલ કરવું જોઈએ કે, મેં વલ્લભભાઈની વહેલી મુલાકાત લીધી, ત્યારે મને એમ થયેલું કે, આ અક્કડ પુરુષ તે કોણ હશે? એ શું કામ કરશે?’



‘પણ જેમ જેમ હું એમના વધારે પ્રસંગમાં આવ્યો. તેમ તેમ મને લાગ્યું કે, મારે વલ્લભભાઈ તો જોઈએ જ.’

‘વલ્લભભાઈએ પણ માન્યું કે, જબરી વકીલાત ચાલે છે.મ્યુનિસિપાલિટીમાં ભારે કામ કરું છું, તેથી પણ ભારે કામ આ છે. ધંધો તો આજ છે ને કાલ ન હોય. પૈસા કાલે ઊડી જાય. વારસો તેને ઉડાવી દે. માટે પૈસા કરતાં ઊંચો વારસો એમને માટે હું મૂકી જાઉં.’

‘આવાં વિચારથી એમણે ઝંપલાવ્યું.’

‘વલ્લભભાઈ મને ન મળ્યા હોત, તો જે કામ થયું છે તે ન જ થાત. એટલો બધો શુભ અનુભવ મને એ ભાઈથી થયો છે.’

સરદારશ્રીએ એના જવાબમાં નમ્રતાપૂર્વક કહ્યું :

‘હિંદુસ્તાનમાં દેવતાઓ અને મહાત્માઓનો રિવાજ છે કે, પોતાને અપાયેલી પ્રસાદી તેઓ લેતા નથી. પરંતુ પોતાના પૂજારીઓને આપી દે છે. મહાત્માજીએ આજે એ પ્રમાણે બધું મને અર્પણ કર્યું. ખરી રીતે મેં કંઈ જ કર્યું નથી.’

‘હું મારા તરફથી અને મારા સાથીઓ તરફથી કહેવા ઈચ્છું છું કે, ખેડા જિલ્લાની પ્રજાએ પોતે હિંમત અને સહનશક્તિ દાખવી ન હોત, તો આ લડતમાં અમે કાંઈ પણ કરી શક્યા ન હોત. એ જે માન મને આપવામાં આવ્યું છે તે સઘળું હું તેઓને પાછું વાળું છું.’

# ૧૪. ખાદીધારી

મહાત્મા ગાંધીજીએ '૨૦ની સાલના સત્યાગ્રહ વેળાએ વિદેશી કાપડનો બહિષ્કાર કરવાનો કાર્યક્રમ પણ જાહેર કર્યો હતો.

એ બહિષ્કાર પૂરેપૂરો કરવા માટે પહેલી ઓગષ્ટે એટલે લોકમાન્ય ટિળક મહારાજની પ્રથમ પુણ્યતિથિએ આખા દેશમાં- શહેરોમાં અને ગામડે ગામડે વિદેશી કાપડની હોળી કરવાનું ઠરાવવામાં આવ્યું.

એમાં અમદાવાદ અને મુંબઈની હોળીઓએ તો સૌથી વધારે રંગ રાખ્યો.

સરદારશ્રીએ એમના બેરિસ્ટરના ઝભ્ભા ઉપરાંત ડઝનબંધ સૂટ, નેકટાઈઓ, બસોઅઢીસો જેટલા કોલર અને દસેક જોડી બૂટ હોળીમાં બાળ્યાં હતાં.

પછી સરદાર સ્વદેશી એટલે આપણા દેશની મિલનાં કપડાં



પહેરવા લાગ્યા.

ત્યારબાદ થોડા વખત પછી ઘણું કરીને ઉમરેઠની એક સભામાં બાપુજીની પરદેશી કાપડ બાળવાની અપીલને પરિણામે હોળી થઈ.

તેમાં સરદારે પોતાના માથા પરની વિદેશી કાપડની ટોપી હોળીમાં નાખી અને સભામાંથી ઘણાની ટોપીઓ બળાવી.

એટલામાં ગોધરામાં જિલ્લા કે તાલુકા પરિષદ હતી. ત્યાં ગાંધીજીની સાથે સરદારશ્રીને જવાનું નક્કી થયું.

તેઓ બધા સવારની ગાડીમાં સાબરમતી આશ્રમથી નીકળવાના હતા.

આગલી સાંજે સરદાર આશ્રમમાં આવ્યા. ત્યાં તેમણે નરહરિભાઈ પરીખને કહ્યું :

'તારાં કપડામાં ખાદીનાં બે ધોતિયાં અને બે પહેરણ વધારે લેતો આવજે.'

ગોધરા પહોંચીને નાહ્યા પછી સરદારે ખાદીનાં ધોતિયું-પહેરણ પહેર્યાં અને મિલનાં કપડાંને સદાની તિલાંજલિ આપી.

સરદારશ્રીનાં સુપુત્રી મણિબહેને તે વખત દરમિયાના એવો સંકલ્પ કર્યો હતો કે, પોતાના કાંતેલા સૂતરનાં સરદારને માટે ધોતિયાં વણાવવાં. પરંતુ તેઓ કાંતતાં નવું નવું શીખેલાં. એટલે લગભગ દોઢ વર્ષે ૧૯૨૩ની શરૂઆતમાં એ સંકલ્પ પારી

પાડી શક્યાં.

ત્યાર પછી તો ૧૯૨૭ બાદ સરદાર મણિબહેનના કાંતેલા સૂતરની જ ખાદી પહેરતા.

સરદાર પોતે પણ કાંતતા.

સરદારશ્રીના અવસાન વેળાએ સરદારશ્રીએ પોતે '૪૦માં કાંતેલા સૂતરની ખાદીનો માપસરનો ચાદર જેવડો કટકો હતો તે એમને ઓઢાડવામાં આવ્યો હતો.

❒



# ૧૫. રાંધીને જમાડશે

પહેલા વિશ્વયુદ્ધ વખતે ગાંધીજીએ ગુજરાતમાં સૈન્યભરતીનું કામ હાથમાં લીધું હતું.

આમ તો ગાંધીજીએ અંગ્રેજ હકૂમત સામે સત્યાગ્રહ આદર્યો હતો. તે વખતે ખેડાની લડત પણ ચાલતી જ હતી.

પરંતુ ગાંધીજી માનતા હતા કે, બ્રિટિશ સામ્રાજ્યમાં તેના સરખા ભાગીદાર ગણાવાનો દાવો કરીએ, તો સામ્રાજ્યની આફતને પ્રસંગે એક અંગ્રેજ જેટલું કરવા તૈયાર થાય છે તેટલું કરવા આપણે તૈયાર થવું જ જોઈએ.

ગાંધીજીની આ વાત સરદારશ્રી સાનમાં સમજી ગયા. તેમના ઉપર ગાંધીજીએ કરેલી એ દલીલની અસર વધારે થઈ કે, લોકો બાયલા જેવા થઈ ગયા છે, તેમનામાં લડાઈમાં જવાની હિંમત અને મર્દાનગી આવશે.

એટલે સરદારશ્રીએ ગાંધીજીના આ કામમાં પણ સહર્ષ ઝંપલાવ્યું. તેઓ ગાંધીજીની સાથે સૈન્યભરતી માટે ફરવા લાગ્યા.

ગાંધીજીની માફક સરદાર પણ ગાંધીજીના શબ્દોમાં 'રિક્રૂટિંગ સારજંટ' - ભરતી અમલદાર થયા.

પરંતુ સૈન્યભરતીનું આ કામ કપરું હતું. યુદ્ધમાં અંગ્રેજોને મદદ કરવાનો લોકોને ઉત્સાહ નહોતો.

મહેસૂલની લડત વખતે લોકો વાહન આપવાની હરીફાઈ કરતા. એક સ્વયંસેવકની જરૂર હોય ત્યાં ચાર હાજર થઈ જતા. પણ એ બધું હવે દોહ્યલું થઈ પડ્યું.

પરંતુ એમ ગાંધીજી કે સરદાર નિરાશ થાય એવા નહોતા.

એક ગામથી બીજે ગામ પગે ચાલીને જ જવાનું તેઓએ ઠરાવ્યું.

ગામડામાં કદાચ ખાવાનું પણ ન મળે અને માગવું એ તો યોગ્ય નહીં જ, એમ વિચારીને પ્રત્યેક સેવક ખાવા પૂરતું પોતાની થેલીમાં જ લઈને નીકળે એમ ઠરાવ્યું. ઉનાળો હતો એટલે મોટા બિસ્તરાની તો જરૂર નહોતી.

ગાંધીજી આ ભ્રમણમાં પોતાનો મુખ્ય ખોરાક શેકેલી અને ખાંડેલી મગફળી અને ગોળ, કેળાં તથા બેત્રણ લીંબુનું પાણી એટલું રાખતા. સરદારશ્રી પણ એનાથી ચલાવી લેતા.

સૈન્યભરતી માટે થોડા દિવસ માતર તાલુકાના નવાગામે



મુકામ નાખ્યો હતો. ત્યાં બાપુજી રાંધતા અને રોટલી અગર ખીચડી ને શાક બનાવતા. એ ગાંધીજી અને સરદાર જમતા.

મહાદેવભાઈ નડિયાદથી દરરોજ ટપાલ લઈને બારેજડી સુધી ગાડીમાં જતા અને ત્યાંથી નવાગામ અગિયાર માઈલ થાય તે ચાલીને જતા આવતા.

એક દિવસ મહાદેવભાઈને થયું કે, હું સરદાર માટે ભાખરી ને શાક લેતો જાઉં, તો ઠીક. તેમણે ગાંધીજી આગળ પોતાનો વિચાર મૂક્યો.

ગાંધીજી તરત જ બોલી ઊઠ્યા :

'તમે વલ્લભભાઈને એવા પરાધીન શું કામ કલ્પી લો છો? એ તો રાંધીને મને પણ જમાડશે.'

પછી ગાંધીજીએ સરદારને રોટલી કરવા બેસાડવા માંડ્યા.

સરદાર એ કામ પણ ખુશીથી કરવા લાગ્યા.

❐

# ૧૬. શ્રદ્ધા

ગાંધીજીને ૧૯૨૨ના માર્ચ મહિનામાં સરકારે ગિરફતાર કર્યા હતા અને તેમને છ વરસની આસાન કેદની સજા ફરમાવી હતી.

તે વખતે સરદારશ્રીએ 'નવજીવન' પત્રમાં પોતાના જે વિચારો દર્શાવ્યા હતા એ આપણે માટે આજે ગાંધીજી આપણી વચ્ચે નથી ત્યારે ખરેખર મનનીય થઈ પડે છે.

સરદારશ્રીએ લખ્યું હતું :

'કેટલાક કહે છે કે, ગાંધીજી ગયા. હવે એના સાથીએ શું કરશે? એમનામાં કોઈ એવી ચારિત્ર્યવાન કે શક્તિમાન વ્યક્તિ નથી કે એમનું વહાણ આગળ ચલાવી શકે.'

'આ વાત તદ્દન સાચી છે. એમના સાથીઓ ભૂલોથી ભરેલા છે. એમની અને એમના સાથીઓની વચ્ચે ધરતી અને



આભ જેવડું અંતર છે. એમના સાથીઓની ત્રુટિઓનો પાર નથી. સાથીઓની વાણીમાં મીઠાશ નથી, સંયમ અને સહનશીલતાની તેમનામાં ખામી છે. એવી અનેક ખામીઓનું તેમને દરેકને પૂરેપૂરું ભાન છે.'

'પરંતુ એક ઈમારત ચણનાર કડિયો જેમ તેના પ્લાન બનાવનાર ઈજનેરના જેટલી શક્તિ પોતામાં હોવાનો દાવો કરતો નથી, છતાં તે પ્લાન પ્રમાણે ઈમારત પૂરી કરવામાં મુશ્કેલી જોતો નથી, તેમ ગાંધીજીનો સાથીઓ જો તેમનો ઘડેલો સ્વરાજની ઈમારતનો પ્લાન બરાબર સમજી ગયા હશે, તો તે પ્લાન મુજબ ઈમારતનું કામ આગળ ચલાવતાં તેઓ મૂંઝાશે નહીં.'

'છતાં એમની મુશ્કેલીઓનો પાર નથી. એમની ત્રુટિઓ ઢાંકનાર હવે કોઈ રહ્યું નથી.'

'પરંતુ ગાંધીજીની અહિંસાવૃત્તિ, એમનો પ્રેમ, એમની મમતા, એમનું સ્વરાજ માટેનું રટણ અને એમનો અથાગ પરિશ્રમ નજર સામે રાખીને જો તેઓ દિનરાત શ્રમ કરશે, તો પોતાની બધી ત્રુટિઓ ઓળંગીને ગાંધીજીના નામને અને પોતાની વફાદારીને દીપાવશે એમાં સંદેહ નથી.'

❐

# ૧૭. કસોટી

૧૯૨૭માં ગુજરાત-કાઠિયાવાડમાં ભારે રેલસંકટ આવ્યું હતું.

તે વેળાએ ગાંધીજી માંદગીને કારણે બેંગલોરમાં હતા.

ગુજરાતમાંથી કેટલાક કાર્યકરોએ ગાંધીજીને તાર કરેલો કે, ગુજરાતના આ સંકટની વેળાએ આપે ગુજરાતમાં આવવું જોઈએ. આપની અહીં ઘણી જરૂર છે.

એટલે ગાંધીજીએ સરદારશ્રીને તાર કરીને પૂછ્યું કે, 'આવું?'

સરદારશ્રીએ જવાબ આપ્યો :

'તમે દસ વર્ષ થયાં અમને જે તાલીમ આપતા રહ્યા છો તે અમે કેવી પચાવી છે અને તેનો અમલ અમે કેવો કરીએ છીએ તે જોવું હોય તો ન આવશો.'



અને ખરેખર, આ રેલસંકટ વખતે સરદારશ્રીએ પોતાનામાં રહેલી અદ્‌ભુત કાર્યશક્તિનો અને વ્યવસ્થા-શક્તિનો પરિચય કરાવ્યો. ગુજરાત-કાઠિયાવાડને આ મોટા સંકટમાંથી ઉગારી લીધું.

❐

# ૧૮. હુકમ વિના નહીં

'૨૮માં બારડોલી સત્યાગ્રહ ચાલતો હતો. તે વખતે બારડોલીના ખેડૂતો કેટલા પાણીમાં છે એ ગાંધીજી જોવા માગતા હતા. એટલે તેઓ બારડોલી આવ્યા.

તે દિવસે આજુબાજુનાં ગામોના ખેડૂતો કાદવ ખૂંદીને ગાંધીબાપુને મળવા આવ્યા હતા.

એક ભાઈએ એક પટેલની ઓળખાણ બાપુજીને આપતાં કહ્યું :

'આ પટેલ તો વલ્લભભાઈને કહેવા આવ્યા છે કે, અમારું માથું તમને આપ્યું છે, નાક નથી આપ્યું.'

ગાંધીજી હસ્યા અને બોલ્યા :

'વલ્લભભાઈને પણ નાક હશે ને? પણ તમારું નાક જાળવવામાં જ વલ્લભભાઈની અને દેશની શોભા છે.'



આ પછી ગાંધીજી કહે :

'ઠીક, પણ હજી તમારી પરીક્ષા તો હવે આવે છે.'

ખેડૂતો સાનમાં સમજી ગયા.

તેમાંના એક ખેડૂતે જવાબ આપ્યો :

'મહાત્માજી, અમે તૈયાર છીએ. આપની વાત સાચી છે. હજી અમારી શી કસોટી થઈ છે? પંદરવીસ હજારનાં ભેંસડાં ગુમાવ્યાં, જમીન ગુમાવી, પણ જેને કસોટી કહીએ તેવી કસોટી હજી થઈ નથી. એ થવાની હોય તો ભલે થાય.'

ગાંધીજીને એટલી વાતથી ઓછો સંતોષ થાય? તેમણે પૂછ્યું:

'પણ ધારો કે વલ્લભભાઈને સરકાર ઉઠાવી લે, તો તમે દબાઈ ન જાઓ?'

ખેડૂતો બોલી ઊઠ્યા :

'શું કરવા? અમે તો લોઢું હતા, તેને વલ્લભભાઈએ પાણી પાઈને ખરું પોલાદ બનાવ્યા છે. એટલે અમે એક વાત સમજીએ છીએ કે, મરણ થાય છતાં પણ ટેકને વળગી રહેવું.'

ગાંધીજી એ સાંભળીને મનમાં પ્રસન્ન થયા. તેઓ કહે :

'એ તો લડતની તૈયારી. પણ સમાધાન થાય તો તેને માટે પણ તૈયાર છો ને? કેમ કે સમાધાન પછી પણ ઘણું મોટું કામ કરવાનું છે. ઘણું મુશ્કેલ કામ કરવાનું રહે છે. જૂનું મહેસૂલ

વલ્લભભાઈ કહે છે તેમ તુરત ભરી દેવાનું. અને મહેસૂલ વધારી શકાય એવી બિલકુલ સ્થિતિ નથી એમ સિદ્ધ કરી આપવાનું.'

પછી ગાંધીજીએ સરકાર ગોળીબાર કરે તો એનો સામનો કરવાની તૈયારી વિશે પૂછ્યું.

ખેડૂતો ખુમારીથી બોલી ઊઠ્યા :

'મહાત્માજી, એ તો અત્યારથી શું કહેવાય? પણ ગોળી કેટલાકને મારશે? પ્લેગમાં મૂઆં'તાં તેના કરતાં વધારે નહીં મરે. અમારા ગામમાંથી જ ૪૦૦ માણસ મૂઆં'તાં!'

એવામાં એક ગ્રામવાસીએ ઊભા થઈને ગાંધીજીને વિનંતી કરી :

'ગાંધીજી, આપ અમારે ગામ પધારો અને ભાષણ આપો. લોકોમાં ઓર ઉત્સાહ વધશે.'

ગાંધીજીએ એનો જવાબ સૂચક આપ્યો :

'સરદારનો હુકમ છે કે, તેમના સિવાય કોઈએ બોલવું નહીં. એટલે મારાથી નહીં બોલાય. સરદાર અહીં હાજર હોત અને હુકમ કરત તો બોલત. આજે તો તમારી બહાદુરી અને તમારા સંગઠનને માટે તમને બધાને ધન્યવાદ આપું છું.'

'જેમને આપણે સરદાર બનાવ્યા તેમના હુકમ અક્ષરશઃ પાળવા એ આપણો ધર્મ છે.'

'હું સરદારનો મોટો ભાઈ થાઉં એ વાત સાચી છે. પણ



જાહેર જીવનમાં જેની નીચે આપણે કામ કરતા હોઈએ તે આપણો પુત્ર હોય કે નાનો ભાઈ હોય, તોપણ તેના હુકમ માન્ય રાખવા જ જોઈએ.'

'એ કાંઈ નવો કાયદો નથી. એ આપણો પ્રાચીન ધર્મ છે. એ ધર્મનું પાલન કરવા માટે કૃષ્ણે અર્જુનનું સારથિપણું કર્યું અને યુધિષ્ઠિર રાજાએ રાજસૂય યજ્ઞ કર્યો, ત્યારે તેમણે પતરાળાં ઉઠાવેલાં.'

'એટલે આજે તો તમને ધન્યવાદ જ આપું છું. વલ્લભભાઈને તમને દેશમાં પ્રસિદ્ધ કર્યા. સરકારે તમને જગપ્રસિદ્ધ કર્યા છે. ભવિષ્યમાં તમને હજીયે મોટી ફતેહ મળશે.'

❒

# ૧૯. આત્મપરીક્ષણ

બારડોલી સત્યાગ્રહ પછી સરદારશ્રીને અમદાવાદમાં ભાવભર્યું માનપત્ર આપવામાં આવ્યું હતું.

તેના જવાબમાં સરદારશ્રીએ જે કહ્યું તેમની મહાત્મા ગાંધીજી પ્રત્યેની અનન્ય ભક્તિ તેમ જ નમ્રતા દેખાઈ આવે છે. સરદારશ્રીએ કહ્યું હતું :

'તમે અમદાવાદના શહેરીઓ તરફથી માનપત્ર આપ્યું, તેમાં મને ગાંધીજીના પટ્ટશિષ્ય તરીકે વર્ણવેલો છે.'

'હું ઈશ્વર પાસે માગું છું કે, મારામાં એ યોગ્યતા આવે.'

'પણ હું જાણું છું, મને બરાબર ખબર છે કે, મારામાં એ યોગ્યતા નથી. એ મેળવવા માટે મારે કેટલા જન્મ લેવા જોઈએ એ મને ખબર નથી.'

'સાચે જ કહું છું કે, તમે પ્રેમના આવેશમાં જે અતિશયોક્તિ



ભરેલી વાતો મારે માટે લખી છે તે ન ગળી શકાય એવી છે.'

'તમે સૌ જાણતા હશો કે, મહાભારતમાં દ્રોણાચાર્યને એક ભીલ શિષ્ય હતો, જેણે દ્રોણાચાર્ય પાસેથી એક પણ વાત સાંભળી નહોતી. પણ ગુરુનું માટીનું બાવલું કરી તેનું પૂજન કરતો અને પગે લાગી દ્રોણાચાર્યની વિદ્યા શીખેલો. જેટલી વિદ્યા એણે મેળવી હતી એટલી દ્રોણાચાર્યના બીજા કોઈ શિષ્યે મેળવી નહોતી. એનું કારણ શું?'

'કારણ કે, એનામાં ગુરુ પ્રત્યે ભક્તિ હતી, શ્રદ્ધા હતી, એનું દિલ સ્વચ્છ હતું, એનામાં લાયકાત હતી.'

'મને તમે જેનો શિષ્ય કહો છો તે ગુરુ તો રોજ મારી પાસે પડેલા છે. એમનો પટ્ટશિષ્ય તો શું, અનેક શિષ્યોમાંનો એક થઈ શકું એટલી પણ યોગ્યતા મારામાં નથી, એ વિશે મને શંકા નથી.'

'એ યોગ્યતા જો મારામાં હોત, તો તમે ભવિષ્યને માટે મારે વિશે જે આશાઓ બતાવી છે તે મેં આજે જ સિદ્ધ કરી હોત.'

મને આશા છે કે, હિંદુસ્તાનમાં એમના ઘણા શિષ્યો જાગશે, જેમણે એમનાં દર્શન નહીં કર્યાં હોય, જેમણે એમના શરીરની નહીં પણ એમના મંત્રની ઉપાસના કરી હશે. આ પવિત્ર ભૂમિમાં કોક તો એવો જાગશે જ.

'કેટલાક લોકો કહે છે કે, ગાંધીજી જશે ત્યારે શું થશે?'

'હું એ વિશે નિર્ભય છું. એમણે પોતે કરવાનું હતું તે કરી

લીધું છે. હવે જે બાકી રહેલું છે તે તમારે ને મારે કરવાનું છે. આપણે એ કરીશું, તો એમને તો કશું કરવાનું રહેલું નથી. એમને જે આપવાનું હતું, તે એમણે આપી દીધું છે. હવે આપણે એ કરવાનું રહેલું છે.'

બારડોલીને માટે મને માન આપો છો તે મને ઘટતું નથી.

'કોઈ અસાધ્ય રોગથી પીડાતો દર્દી પથારીવશ હોય, આ દુનિયા ને પેલી દુનિયા વચ્ચે ઝોલાં ખાતો હોય, તેને કોઈ સંન્યાસી મળે, તે જડીબુટ્ટી આપે અને માત્રા ઘસીને પાવાથી દર્દીના પ્રાણ સ્વસ્થ થાય, એવી દશા હિંદુસ્તાનના ખેડૂતોની છે.'

'હું તો માત્ર એક સંન્યાસીએ જે જડીબુટ્ટી મારા હાથમાં મૂકી તે ઘસીને પાનાર છું.'

'માન જો ઘટતું હોય, તો તે જડીબુટ્ટી આપનારને છે. કંઈક માન પેલા ચરી પાળનાર દર્દીને ઘટે છે, જેણે સંયમ પાળ્યો અને તેમ કરીને હિંદુસ્તાનનો પ્રેમ મેળવ્યો.'

'બીજા કોઈને માન ઘટતું હોય, તો મારા સાથીઓને છે, જેમણે ચકિત બનાવે એવી તાલીમ બતાવી છે, જેમણે મને કદી પૂછ્યું નથી કે કાલે તમે કયો હુકમ કાઢશો? આવતી કાલે તમે શું કરવાના છો? ક્યાં જવાના છો? જેમણે મારા પર જરાયે અવિશ્વાસ નથી રાખ્યો, સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો છે અને તાલીમ બતાવી છે, એવા સાથીઓ મને મળ્યા છે.'



'એ પણ મારું કામ નથી. આવા સાથીઓ પાક્યા છે, જેમને સારુ ગુજરાત મગરૂર છે, તે ગાંધીજીનું કામ છે.'

'આમ, જો આ માનપત્રમાંનાં વખાણ વહેંચી આપવામાં આવે, તો બધાં વખાણ બીજાને ભાગે જાય અને મારે ભાગે આ કોરો કાગળ જ રહે એમ છે.'

❒

# ૨૦. વિશ્વાસ

ગાંધી - અર્વિન કરાર થયા બાદ તરત જ થોડા દિવસ પછી ગાંધીજી અને સરદાર એકાદ અઠવાડિયું ગુજરાતમાં સાથે ફરવા નીકળ્યા.

લડત વેળાએ બારડોલી અને બોરસદ તાલુકાના જે ખેડૂતોના ઊભા પાક લૂંટાઈ ગયા હતા, જપ્તીઓમાં જેમનો કીમતી માલ કોડીની કિંમતે વેચાઈ ગયો હતો તથા જેમની લાખો રૂપિયાની જમીન ખાલસા થઈને બીજાઓને વેચાઈ ગઈ હતી, તે સૌને આ સંધિથી નિરાશા થાય એ સ્વાભાવિક હતું.

એ સૌ લોકોને શાંત પાડવા અને પ્રોત્સાહન આપવા ગાંધીજી અને સરદાર ગામેગામ ફરતા હતા.

ગાંધીજી તો તેઓને કહેતા :

'સરદારની અને મારી કસોટી કરવાને આટલી એક વાત



બસ છે. તે એ કે ગયેલી જમીન પાછી મળવી જ જોઈએ. એ નથી મળી ત્યાં સુધી સ્વરાજ નથી મળ્યું. ત્યાં સુધી તમે તમારા સાચા સેવક નથી બન્યા એમ માનજો. એને માટે અમે ખાક થશું, અને તમને ખાક કરશું.'

સરદાર પોતાની રીતે લોકોના કષ્ટસહનની સ્તુતિ કરતાં કહેતા :

'તમે સહન તો બહુ કર્યું. પણ તમે જેવડી ઈજ્જત કમાયા એવડી ઈજ્જત થોડા જ કમાઈ શકે એમ છે.'

બારડોલીમાં ગાંધીજી અને સરદાર ફરતા હતા, તે વખતે ખેડા જિલ્લાના ઈસણાવ ગામમાં હિજરતીઓનાં અઢાર ઝૂંપડાં બળી ગયાના સમાચાર આવ્યા ! તેમાં અનેક ઢોરો અને ચાર માણસો બળીને ખાક થઈ ગયાં!

આવા દુઃખદ સમાચાર સાંભળ્યા છતાં સરદારને એટલા જ સ્વસ્થ જોઈને ગાંધીજીએ સરદારને કહ્યું :

'એ લોકોને દરેક પ્રકારની મદદ કરવામાં આવશે એવું કહેણ તો મોકલો.'

પોતાના ખેડૂતોને માટે ભારે અભિમાન ધરાવનારા સરદાર કહે :

'એ લોકો જરાય ગભરાયા નહીં હોય, મદદ લેવાની ના પાડશે.'

# ૨૧. સેનાપતિ

૧૯૨૯ લાહોર ખાતે મળનારા કોંગ્રેસના અધિવેશનમાં મહત્ત્વના અને કટોકટીના નિર્ણયો લેવાના હતા.

એ વખતે કોંગ્રેસનું સુકાન ગાંધીજી જ બરાબર સંભાળી શકશે એમ વડીલ નેતાઓને લાગતું હતું.

પરંતુ ગાંધીજીએ પ્રમુખ તરીકે રહેવાની ના પાડી. એટલે સરદારશ્રીનું નામ સૂચવવામાં આવ્યું.

એ સાંભળીને સરદારશ્રી બોલ્યા :

'જ્યાં સેનાપતિ જવાની ના પાડે છે, ત્યાં હું સિપાઈ જવાની શી રીતે હિંમત કરું?

❒



# ૨૨. ગાંધી અને સરદાર

'૩૧ ની સાલમાં કરાંચીમાં કોંગ્રેસની બેઠક મળવાની હતી.

તે વેળાએ દેશનું વાતાવરણ ખૂબ જ ક્ષુબ્ધ હતું.

વીર જુવાન ભગતસિંહ અને તેમના બે સાથીઓને સરકારે ફાંસીએ ચડાવ્યા હતા. એટલે દેશના નવજુવાનો ખૂબ જ ઉશ્કેરાઈ ગયા હતા.

આવા કઠણ સંજોગોમાં સરદારશ્રીને કોંગ્રેસની ધુરા વહન કરવાનું આવી પડ્યું. સરદારે એ કપરી જવાબદારી સ્વસ્થપણે સ્વીકારી લીધી.

એની કદર આપણા સાક્ષરશ્રી નરસિંહરાવભાઈ દિવેટિયાએ કેવી કરી હતી તે, જ્યારે ગાંધીજી અને સરદાર મુંબઈથી કરાંચી જતા હતા, ત્યારે પોતાની અંજલિ તરીકે તેમના

હાથમાં નીચેનો શ્લોક તેમણે મૂક્યો એ પરથી જણાય છે :

'यत्र योगेश्वरो गांधी वल्लभश्च धूर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिध्रुवा नीतिर्मतिर्मम ॥'

'જહાં યોગેશ છે ગાંધી, અને ધૂર્ધર વલ્લભ;
ત્યાં શ્રી, જય, ત્યાં ભૂતિ, નીતિ, નિશ્ચલ માનું હું.'

❒



# ૨૩. પ્રજાની શક્તિ

દેશનું વાતાવરણ ઉશ્કેરાયેલું હતું તે વખતમાં કરાંચી કોંગ્રેસ મળી હતી. તેના પ્રમુખ તરીકે સરદારશ્રીની વરણી થઈ હતી.

ત્યાં તો કોંગ્રેસની બેઠક દરમિયાન જ કાનપુરમાં કોમી હુલ્લડ ફાટી નીકળ્યું!

એમાં કેટલાંક મુસલમાન કુટુંબોને બચાવવા જતાં શ્રી ગણેશશંકર વિદ્યાર્થી નામના એક પ્રથમ દરજ્જાના કોંગ્રેસી કાર્યકર્તાએ પોતાનો જાન ગુમાવ્યો!

મુસલમાન કુટુંબોને મારવા આવેલા ઝનૂની ટોળા સામે સાચા સત્યાગ્રહી તરીકે ગણેશશંકર વિદ્યાર્થી અડગ ઊભા રહ્યા હતા. તેઓ યુક્ત પ્રાંતની સમિતિના પ્રમુખ હતા.

ગણેશશંકરની શહીદીથી ગાંધીજી, સરદાર વગેરે સૌ નેતાઓને અને ભારતવાસીઓને ઊંડું દુઃખ થયું. આખા દેશનું

વાતાવરણ ગમગીન અને વધારે તંગ થઈ ગયું.

આવી વિકટ પરિસ્થિતિમાં કોંગ્રેસનું સુકાન ચલાવવું એ સહેલું નહોતું. છતાં સરદારશ્રી પોતાની વ્યવહારદક્ષતાથી જવાબદારીને પહોંચી વળી શક્યા. ગાંધીજીના એક નમ્ર અનુયાયીને તેમ જ એક ખેડૂતને શોભે એવી રીતે તેમણે બધું કામ ચલાવ્યું.

સરદારશ્રીએ પ્રમુખ તરીકેના પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું :

'મારા જેવા સીધાસાદા ખેડૂતને તમે દેશના પ્રથમ સેવકના પદને માટે ચૂંટ્યો, તે મારી સ્વલ્પ સેવાની કદર કરતાં ગુજરાતે ગયા વર્ષના યજ્ઞમાં જે અદ્‌ભુત બલિદાન આપ્યાં છે તેની કદર કરવાને અર્થે છે, એ હું સારી રીતે સમજું છું.'

'સાચી વાત તો એ છે કે આ જમાનાની અપૂર્વ જાગૃતિના ગયા વર્ષમાં કોઈ પ્રાંતે બલિદાન આપવામાં કશી કચાશ રાખી નથી. દયાળુ પ્રભુનો પાડ છે કે એ જાગૃતિ એ સાચી આત્મશુદ્ધિની જાગૃતિ હતી.'

પછી સરદારશ્રીએ છેવટના ઉપસંહારના ભાષણમાં પોતાના હૃદયમાં રહેલું દર્દ અને આંખમાં ભરેલો અંગાર ઠાલવ્યાં.

જલદી સ્વરાજ મેળવવા તલપાપડ થઈ ગયેલા જુવાનિયા દેશભક્તોને મહાત્મા ગાંધીજીની શાંત ને પ્રેમભરી નીતિ મોળી



લાગતી હતી. તેવા તરવરાટવાળા જુવાનિયાઓને સંબોધીને સરદાર બોલ્યા :

'ગાંધીજીને ૬૩ વર્ષ થવા આવ્યાં. મને ૫૬ થવા આવ્યાં. સ્વરાજની ઉતાવળ તે અમને ઘરડાઓને હોય કે તમને જુવાનોને?'

'અમારે મરતાં પહેલાં હિંદુસ્તાનને આઝાદ જોવું છે, એટલે તમારા કરતાં અમને વધારે ઉતાવળ છે.'

'તમે મજૂરો અને ખેડૂતોની વાત કરો છો. હું દાવો કરું છું કે, ખેડૂતોની સેવા કરતાં કરતાં હું બુઢ્ઢો થયો. છતાં તમારામાંના કોઈની પણ સાથે હરીફાઈમાં ઊતરવા તૈયાર છું. ખેડૂતો પાસે જે કુરબાની મેં કરાવી છે તેટલી ભાગ્યે જ તમારામાંથી કોઈએ કરાવી હશે. છ માસ પછી ફરી વખત આવશે તો બતાવીશ.'

'નાહકના તમે શું કામ ફફડો છો? છ માસમાં તમે બુઢ્ઢા નથી થઈ જવાના.'

'એ વાત સાચી છે કે સરકારે રોષનાં કારણ ઘણાં આપ્યાં છે અને આપી રહી છે. પણ આપણે રોષ કર્યે પાલવે એમ નથી. આપણે અત્યારે તલવાર મ્યાન કરી છે. તેને કાટ ન ચડવા દેશો. તેને ઘસી ઘસીને ચળકતી રાખજો.'

'દારૂબંધી, ખાદી તથા આત્મશુદ્ધિના કાર્યક્રમ તો તમારી સામે પડેલા જ છે. તેમાંથી પ્રજાની તાકાત પારાવાર વધે છે, એ

તમે જોયું છે.'

'આપણામાં તાકાત હશે તો ગોળમેજીમાં ધાર્યું મેળવીશું. આપણને એ નાપસંદ પડશે તો પાછા આવીશું અને લડીશું. માટે પ્રજાની શક્તિ વધે એવું કરો.'

❐



# ૨૪. સત્યાગ્રહી

સરદાર વલ્લભભાઈ પટેલ નાનપણથી જ અન્યાય કે અસત્યની સામે ઝૂઝવાના સ્વભાવવાળા હતા. એવા દાખલા એમના પૂર્વજીવનમાં મળી આવે છે.

પરંતુ ગાંધીજીના સમાગમમાં આવ્યા પછી તેઓ એમના નિષ્ઠાવાન સૈનિક કે અનુયાયી બની ગયા. તેઓ ગાંધીજીની સાથે રહીને સત્યાગ્રહની લડત લડ્યા અને તેમાંથી સત્યાગ્રહીના પાઠ શીખ્યા.

સરદારે ગાંધીજીની બરોબર ચકાસણી કર્યા પછી જ તેમને પોતાના રાહબર તરીકે અપનાવ્યા હતા. પછી એક વાર ગાંધીજીને પકડ્યા પછી છેવટે પર્યંત તેમના નમ્ર ભક્ત અને સેવક બની સરદારે પોતાના જીવનને નવો વળાંક આપ્યો.

સરદાર ગાંધીજીનાં સેવાકાર્યોમાં નમ્ર ભાવે જોડાયા,

ગાંધીજીએ આપેલા પાઠો ધીરજથી તેમણે વર્ષો સુધી પચાવ્યા, ગાંધીજીની ઈચ્છા ને આદેશોનું ચીવટથી પાલન કર્યું અને તેમણે ગાંધીજીએ ચીંધેલા સત્યાગ્રહનો મોટાં મોટાં પ્રજાકીય હિતનાં ક્ષેત્રોમાં અમલ કરી બતાવ્યો.

આ બધી બાબતોનો અભ્યાસ કરતાં આપણને આ સમર્થ લોકનાયકની સત્યાગ્રહની સમજ કેટલી ઊંડી હતી એનો સહેજે પરિચય થયા વિના રહેતો નથી.

❒



# ૨૫. પહેલો પાઠ

નડિયાદની હાઈસ્કૂલમાં વલ્લભભાઈ ભણતા હતા.

છઠ્ઠા ધોરણમાં એક શિક્ષક બહુ કડક હતા. નેતરની સોટીનો તે છૂટથી ઉપયોગ કરતા.

એક દિવસ એ શિક્ષકે એક વિદ્યાર્થીને કંઈક કારણસર દંડ કર્યો.

પેલા વિદ્યાર્થીની એવી સ્થિતિ નહોતી કે દંડ ભરી શકે. એટલે તે દંડની રકમ લાવી શક્યો નહીં.

એટલે શિક્ષકે એ વિદ્યાર્થીને વર્ગ બહાર કાઢી મૂક્યો!

વિદ્યાર્થી વલ્લભભાઈને આ જોઈને થયું કે, આનો કાંઈ ઈલાજ કરવો જ જોઈએ.

એટલે એમણે પોતાનો વર્ગ તરત જ ખાલી કરાવ્યો. પછી બપોરની રજામાં આખી શાળાના વિદ્યાર્થીઓને એકઠા કરી

હડતાળ પડાવી.

કોઈ પણ વિદ્યાર્થી શાળામાં ન જાય, એટલા માટે વલ્લભભાઈએ બરોબર ચોકી ગોઠવી દીધી.

વલ્લભભાઈએ બધા વિદ્યાર્થીઓને બેસવા માટે એક ધર્મશાળામાં ગોઠવણ કરી. ત્યાં પીવાના પાણી વગેરેની પણ વ્યવસ્થા ઊભી કરી.

હડતાળ ત્રણ દિવસ વ્યવસ્થિત ચાલી.

શાળાના આચાર્યે મામલાની ગંભીરતા જાણી અને વલ્લભભાઈને બોલાવીને હડતાળ પાછી ખેંચી લેવા સમજાવ્યા.

આચાર્યે હવે પછી કોઈ પણ વિદ્યાર્થીને ખોટી રીતે અથવા વધારે પડતી સજા ભવિષ્યમાં નહીં થાય એની બાંયધરી આપી.

એટલે વલ્લભભાઈએ સમાધાન કરી હડતાળ પાછી ખેંચી લીધી.

❒



# ૨૬. શિક્ષકનો બહિષ્કાર !

નડિયાદ હાઈસ્કૂલમાં એક શિક્ષક પોતાના વર્ગમાં વપરાતી ચોપડીઓનો તથા વિદ્યાર્થીઓએ વાપરવાની કાગળ, પેન્સિલ, નોટબુક વગેરે વસ્તુઓનો વેપાર કરતાં હતા.

એ શિક્ષક પોતાના વર્ગનો દરેક વિદ્યાર્થી આ બધી વસ્તુઓ બીજેથી ખરીદવાને બદલે પોતાની પાસેથી જ ખરીદે, એવી બધા વિદ્યાર્થીઓને ફરજ પણ પાડતા.

એ શાળામાં ભણતા વલ્લભભાઈને શિક્ષકની આ રીત બરોબર લાગી નહીં. તેમણે બધા વિદ્યાર્થીઓને ભેગા કર્યા અને એ શિક્ષક પાસેથી કોઈ પણ વસ્તુ ન ખરીદવા સમજાવ્યા.

વિદ્યાર્થીઓને વલ્લભભાઈની વાત ગળે ઊતરી. બધા વિદ્યાર્થીઓએ બરોબર સંપ કરીને એ શિક્ષકનો બહિષ્કાર કર્યો.

પેલા શિક્ષક પરિસ્થિતિ સમજી ગયા. તેમણે વેપાર કરવાનું છોડી દીધું.

# ૨૭. ઘડતર

૧૯૧૭ના ચોમાસામાં ખેડા જિલ્લામાં અતિવૃષ્ટિ થઈ. છેક દશેરા પછી પણ વરસાદ પડતો રહ્યો. એટલે પહેલી વારનું વાવેતર વરસાદમાં ધોવાઈ ગયા પછી બીજી વારના વાવેતરની શક્યતા રહી નહીં. આમ, ચોમાસું પાક બિલકુલ નિષ્ફળ ગયો!

ઢોર માટેનો ઘાસચારો પણ વધારે પડતા પાણીને લીધે કોવાઈ ગયો!

પાણી વધારે પડ્યું હોય, તો શિયાળુ પાક સારો થવાની આશા રહે. પરંતુ આ વખતે અધૂરામાં પૂરું ઉંદરનો ઉપદ્રવ થયો અને જુદી જુદી જાતના રોગ લાગ્યા ! તેથી રવી પાકને પણ બહુ નુકસાન થયું.

આમ, આખું વરસ લગભગ નિષ્ફળ ગયું. તેથી ગરીબ લોકોને અને ઢોરોને ખાવાનું મેળવવાની ભારે મુશ્કેલી ઊભી



થઈ!

આવી મુશ્કેલીમાં ખેડૂત લોકો જમીનમહેસૂલ ક્યાંથી લાવીને ભરે એ મોટો સવાલ હતો.

મહેસૂલ - ઉઘરાતની બાબતમાં કાયદો એવો છે કે, દર વરસે પાકની આનાવારી કાઢવી અને પાક છ આનીથી ઓછો ઊતર્યો હોય, તો અડધું મહેસૂલ લેવાનું મુલતવી રાખવું અને ચાર આનીથી ઓછો ઊતર્યો હોય, તો આખું મહેસૂલ મુલતવી રાખવું.

શ્રી મોહનલાલ પંડ્યાજી ખેડા જીલ્લાના કઠલાલ ગામના વતની હતા. તેમના રાજદ્વારી વિચારો બહુ ઉદ્દામ હતા.

જ્યારથી ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી હિંદુસ્તાનમાં પાછા આવીને અમદાવાદમાં આશ્રમ સ્થાપીને વસવાટ કર્યો, ત્યારથી ગાંધીજી ગુજરાતમાં કોઈ સત્યાગ્રહની લડત ઉપાડે એને માટે મોહનલાલ પંડ્યાજી બહુ ઉત્સુક હતા.

આ વખતે ખેડૂતોના હકને માટે લડતની ઝુંબેશ ચલાવવા મોહનલાલ પંડ્યાજી કઠલાલમાં બેઠા હતા. પંડ્યાજીને મહેસૂલ મુલતવી રાખવા સરકાર આગળ અરજી મૂકવાનું યોગ્ય લાગ્યું. તેમને ખાતરી હતી કે, આ અંગે ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પણ એમને ટેકો આપશે.

એટલે પંડ્યાજીએ ઘણા ખેડૂતોની સહીથી સરકારને અરજી

મોકલી. એની નકલ ગાંધીજીને અને ગુજરાત સભાને પણ મોકલી.

જો સરકારી અમલદારો શાણા હોત અને એ લોકોએ સરકારને ખોટી સલાહ ન આપી હોત, તો બધું સારી રીતે પાર પડી જાત. પૈસા ભરવાને અશક્ત, એવા ખેડૂતોનું મહેસૂલ એક વરસ માટે મુલતવી રાખ્યું હોત, તો સરકારને ઝાઝી ખોટ આવે એમ હતું નહીં.

પરંતુ સરકારી અમલદારોએ આ બાબતને પોતાની પ્રતિષ્ઠાની બનાવી મૂકી અને લડત માટેનું કારણ ઊભું કર્યું.

સરકારી અમલદારોના મગજમાં એ તુમાખી ભરેલી હતી કે, મહેસૂલની બાબતમાં અમે જે નિર્ણય કરીએ તે જ છેવટનો ગણાય. એની સામે વાંધો ઉઠાવનારા બીજા કોણ? અમે સરકાર મા બાપ છીએ, ખેડૂતનાં સુખદુ:ખ અમે જાણીએ છીએ, ખેડૂતનાં હિત અમારે હૈયે વસેલાં છે. ખેડૂતોના તરફથી વાતો કરનારા બીજા લોકો તો શહેરોમાં રહીને વકીલાત કે બીજો ધંધો કરનારા રાજદ્વારી ચળવળિયા છે.

એટલે આ લડતમાં મુદ્દો તો એ થઈ પડ્યો કે, ખેડૂતોના સાચા હિતેશરી કોણ? સરકારી અમલદારો કે લોકસેવકો? સરકારી અમલદારો કહે એ સાચું, કે લોકો કહે એ સાચું?

અમલદારોને એમ લાગતું હતું કે, લોકોનું કહેવું માનીએ, તો એ ચળવળિયાની આબરૂ લોકોમાં વધે અને અમલદારોની પ્રતિષ્ઠા ઓછી થાય!



આમ, સરકારી અમલદારોને પક્ષે આ લડત એમના મમતની, એમણે માની લીધેલી પ્રતિષ્ઠાની હતી.

લોકોને પક્ષે લડત એ હતી કે, પ્રજા સમસ્ત પોતાને વીતેલું કહે તે ખોટું અને સરકારી અમલદારો પૂરી હકીકત જાણ્યા વિના અને બરાબર તપાસ કર્યા વિના કહે તે ખરું, એમાં પ્રજાનું ભારે અપમાન હતું અને તેથી સ્વમાનની ખાતર લોકોએ લડવું જોઈએ.

આ ખેડા સત્યાગ્રહ એ ગાંધીજી માટે ગુજરાતની પ્રજાને સવિનય અસહકારના પ્રત્યક્ષ પાઠ શીખવવાની તક સમાન થઈ પડ્યો.

ગાંધીજીએ ગુજરાતના અગ્રગણ્ય લોકસેવકોની સહાય લઈને બરોબર તપાસ કરીને પહેલાં ખાતરી કરી લીધી કે, ખેડાના લોકોની વાત સાચી છે.

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં અસહકારની લડત ચલાવી હતી. એમને અનુભવ હતો કે આવી લડત તો ફના થવા તૈયાર હોય એ લોકો જ પાર પાડી શકે. એ માટે નિષ્ઠાવાન સાથીઓ પણ જોઈએ.

એટલે જ ગાંધીજીએ ગુજરાત સભાના પીઠ કાર્યકર્તાઓ આગળ માગણી મૂકી :

'જો આપણે ખેડા જિલ્લામાં લડત ઉપાડવી જ પડે, તો તમારામાંથી કોઈક એકે તો મારી સાથે ખેડા જિલ્લામાં આવીને લડત પૂરી થાય ત્યાં સુધી બેસી જવું જોઈએ. પછી વકીલાત માટે કે બીજા કામ માટે આવજા કરે તે ન ચાલે.'

એ સૌ કાર્યકર્તાઓમાંથી તો કોઈ તૈયાર થાય એમ હતું જ નહીં.

પરંતુ વલ્લભભાઈ એ બીડું ઝડપવા તૈયાર થયા.

ગાંધીજી બહુ રાજી થયા.

ગુજરાત સભાએ તા. ૧-૧-૧૯૧૮ને રોજ સરકારને કરેલી અરજીનો નિકાલ થાય ત્યાં સુધી મહેસૂલની વસૂલાત મુલતવી રાખવાની વિનંતી કરી.

સરકારના મુખ્ય અધિકારીઓ કમિશનર પ્રેટ સાહેબ, કલેકટર, ગવર્નર, વગેરે સૌ સાથે ગાંધીજી વગેરેએ મૈત્રીભરી રજૂઆત કરી. પરંતુ એ સૌ સરકારી અધિકારીઓ પોતાની વાતને જ જડપણે વળગી રહ્યા! છતાં ગાંધીજીએ સરકારી અધિકારીઓને લાંબા વખત સુધી સમજાવ્યા કર્યું.

સમાધાનીનો એક પણ પ્રયત્ન બાકી ન રહે અને સામા પક્ષ તરફથી તમામ દ્વાર બંધ કરવામાં આવે, ત્યાર પછી જ સત્યાગ્રહ કરી શકાય એ સિદ્ધાંતનું પાલન ગાંધીજીએ ચીવટથી કર્યું.



સરદારશ્રી માટે આ વાત નવી હતી. તેઓ તો આ બધું જોયા કરતા હતા અને સત્યાગ્રહનો નવો પાઠ શીખતા હતા.

છેવટે ગાંધીજીએ કમિશનર મિ. પ્રેટને તા. ૨૦ મી માર્ચ, ૧૯૧૮ને રોજ પત્ર લખી જણાવ્યું :

'સત્યાગ્રહનાં પ્રતિજ્ઞાપત્રો બહાર પાડું અને સભાઓ ભરું તે પહેલાં તમને એક છેલ્લી વિનંતી કરવાની તક લઉં છું કે, બીજા હપતાની રકમ આખા જિલ્લામાં મુલતવી રાખવાના હુકમો બહાર પાડો. તેમાં જણાવશો કે, સનંદિયા હુકમો બહાર પાડો. તેમાં જણાવશો કે, સનંદિયા જમીન ધારણ કરનારાઓ મહેસૂલ પૂરેપૂરું ભરી દેશે એવી સરકાર આશા રાખે છે. એવા હુકમો બહાર પાડવા એ શું અશક્ય છે? આથી ખળભળાટ શાંત પડશે. હાલના સંજોગોમાં મારા માનવા મુજબ આ રહેમભરી રાહત મનાશે.'

કમિશનરે એના જવાબમાં કહ્યું :

'તમારા પત્રમાં કરેલી માગણી મુજબ જાહેર કરવાનું શક્ય નથી.... બાકી રહેલી રકમ ઉઘરાવવા માટે કલેકટરના હુકમો બહાર પડી ચૂક્યા છે.'

આમ, સમાધાનીના પ્રયાસોનો અંત આવ્યો.

તા. ૨૨ મી માર્ચ, ૧૯૧૮ના રોજ સાંજે ખેડા જિલ્લાના તમામ ખેડૂતોની એક મોટી સભા નડિયાદમાં થઈ. તેમાં સત્યાગ્રહની લડતનું ગાંધીજીએ મંગલાચરણ કર્યું. એ વખતે

ભાષણમાં ગાંધીજીએ પ્રતિજ્ઞાની ગંભીરતા સમજાવતાં કહ્યું :

'લોકો પ્રતિજ્ઞા લઈને તોડે અને ઈશ્વરથી વિમુખ થાય એ મને અસહ્ય છે. તમે ખોટી પ્રતિજ્ઞા લો તો મને અત્યંત દુઃખ થાય, મારે ઉપવાસ કરવા પડે.'

'મને ઉપવાસથી એટલું દુઃખ નથી થતું, જેટલું લોકો મને છેતરે, પોતાની પ્રતિજ્ઞા સૌથી કીમતી છે. તે જાળવવી જ જોઈએ. ઈશ્વરને નામે લીધેલી પ્રતિજ્ઞા તોડી શકાય જ નહીં.'

'પ્રતિજ્ઞા ન લે તેનું મને દુઃખ નથી. પણ લીધા પછી પ્રતિજ્ઞા તોડીને મને આઘાત પહોંચાડે તેના કરતાં રાત્રે આવી મારી ગરદન કાપે એ ઠીક.'

'મારી ગરદન કાપનારને માફ કરવા હું ઈશ્વરને કહું. પરંતુ પ્રતિજ્ઞા તોડનારને માટે હું માફી માગી શકું નહીં.'

'માટે જ નિર્ણય કરો કે તે સાવધ થઈને કરજો. પોતાના નિર્ણયને વળગી રહેનાર પ્રજા ચડશે.'

'... પ્રતિજ્ઞા તોડનાર નથી દેશને કામનો, નથી સરકારને કામનો કે નથી ઈશ્વરને કામનો.'

તે જ દિવસે લગભગ બસો માણસોએ પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરી. પછી તો દિનપ્રતિદિન પ્રતિજ્ઞા લેનારની સંખ્યા વધતી ગઈ.

સરદાર પણ ગાંધીજીની સત્યાગ્રહની પદ્ધતિનો બરોબર



અભ્યાસ કરતા રહ્યાં. તેમનામાં સુષુપ્ત રહેલું વીરત્વભર્યું દેશાભિમાન જાગી ઊઠ્યું. ૩૦ મી માર્ચે સરદારે નડિયાદ મુકામે જાહેર સભામાં કહ્યું :

'આ લડતમાંથી આખો દેશ સળગી ઊઠશે. દુઃખ સહન કર્યા વગર સુખ મળતું નથી. અને મળે તો લાંબો વખત ટકતું નથી. મજબૂત અને મક્કમ વિચારની પ્રજા હોય તેમાં જ રાજ્યની શોભા છે.'

'નાલાયક અને બીકણ પ્રજાની વફાદારીમાં માલ નથી. નીડર અને સ્વમાન જાળવનારી પ્રજા જે વફાદારી બતાવે છે તે જ પ્રજા સરકારને શોભા આપનારી છે...'

'.... જે વીર પુરુષે આ લડત ઉઠાવી છે, તે નામર્દને મરદ બનાવે છે. અને ખેડા જિલ્લો હિંદમાં વીર પુરુષોની ભૂમિ છે.... પૈસાની મદદથી ખરો લાભ ન થાય. તેથી કાંઈ ખરું દુઃખ ન ટળે. એક વખત દુઃખ ઉઠાવી સરકારની પદ્ધતિ ફેરવીશું તો જ હંમેશનું દુઃખ ટળશે.'

દિવસે દિવસે સરકારી અમલદારોનો જપ્તીઓનો સપાટો વધતો જતો હતો.

બીજી તરફથી ગાંધીજી, સરદાર અને બીજા કાર્યકર્તાઓ ગામડે ગામડે ફરી લોકોને હિંમત આપી રહ્યા હતા અને તેમની પ્રતિજ્ઞાની બાબતમાં જાગ્રત રાખતા હતા.

ખેડા જિલ્લાની પ્રજાને અને ગુજરાતના કાર્યકર્તાઓને માટે આ કીમતી તાલીમ હતી.

લડતને અંગે ઘણા કાર્યકર્તાઓ અને સ્વયંસેવકોને ગામડાંમાં ફરવાનું થતું. કેટલાંકને દિવસો સુધી ગામડે રહેવું પડતું. તેઓ ગામ ઉપર બોજારૂપ ન થઈ પડે એટલું જ નહીં પણ ઉપયોગી થઈ પડે, એટલા માટે તેમને સારુ ગાંધીજીએ સૂચનાઓ બહાર પાડી.

એ સૂચનાઓમાં સત્ય અને અહિંસા એટલે દ્વેષભાવ ન રાખવો, ઉદ્ધતાઈ ન કરવી, સંપૂર્ણ વિનય રાખવો એ તો હતી જ. તે ઉપરાંત ગાંધીજીએ કહ્યું હતું કે,

'આપણે સત્તાના મદની, આંધળા અમલની સામે થઈએ છીએ, પણ બધી સત્તાની સામે નથી થતા એ ભેદ ગોખી રાખવાની જરૂર છે. એટલે અમલદારોને તેમનાં બીજાં કાર્યોમાં પૂરી મદદ કરવી એ આપણી ફરજ છે.

'વળી ગામડાંના લોકોની ઓછામાં ઓછી સેવા લેવી. જ્યાં ચાલીને જવાય ત્યાં વાહનનો ઉપયોગ ન કરવો. સાદામાં સાદુ ભોજન લેવાનો આગ્રહ કરવો. પકવાન કરવાની મનાઈ કરવી. એમાં જ તમારી સેવા શોભશે.'

'આ ઉપરાંત ગામડાંમાં ફરતાં ત્યાંના લોકોની આર્થિક સ્થિતિ, કેળવણી સંબંધી ખામીઓ વગેરેનું અવલોકન કરવં ને



બચતા વખતનો ઉપયોગ ખામીઓ જણાય તે દૂર કરવામાં કરવો.'

સરદારના જીવનમાં પણ ગાંધીજીના સમાગમથી ધીમે ધીમે ફેરફાર થવા લાગ્યા હતા. સાપ જેમ કાંચળી ઉતારે એટલી સહજતાથી બેરિસ્ટર વલ્લભભાઈ પોતાનો બધો દોરદમામ અને ઠાઠમાઠ છોડી દેવા લાગ્યા હતા. તેમણે વકીલાતના કામને તિલાંજલિ આપીને દેશસેવાના કાર્યમાં સંપૂર્ણપણે ઝંપલાવવાનો મનોમન સંકલ્પ કરી લીધો હતો.

સરદાર કોટ, પાટલૂન, હેટ છોડીને ધોતિયું, ખમીસ તથા ઉપર હાફકોટ અને માથે ટર્કિશ ઘાટની ટોપી જે બેંગલોર કેપ કહેવાતી તે પહેરવા લાગ્યા.

સરદારમાં નેતાગીરીના ગુણો જન્મથી જ હતા. પણ આ લડતમાં તો તેમણે ખરેખરી સિપાહીગીરી બજાવી હતી. સરદાર નાછૂટકે જ બોલતા.

ગાંધીજી કેવી રીતે સરકારી પત્રવ્યવહાર ચલાવે છે તથા વાતચીત કરે છે, કેવી રીતે પ્રજાને કસે છે અને ચડાવે છે અને તીવ્રમાં તીવ્ર લડત ચાલતી હોય ત્યારે પણ સમાધાનીના પ્રયત્ન તો ચાલુ જ રાખે છે, તેની એક પણ તક જવા દેતી નથી - એ બધું સરદાર પોતાની તીક્ષ્ણ નજરથી નિહાળતા હતા.

આ લડતમાં મળેલી દીક્ષા અને પદાર્થપાઠોથી થોડાં જ

વરસોમાં ગાંધીજીને ગુજરાતને વિશે સરદાર નિશ્ચિત કરી શક્યા.

બીજી તરફથી ગાંધીજી પણ સરદારને બારીકાઈથી નિહાળી રહ્યા હતા. તા. ૪ એપ્રિલ, ૧૯૧૮ના રોજ કરમસદની સભામાં ગાંધીજીએ સરદાર વિશે કહ્યું હતું :

'આ ગામ વલ્લભભાઈનું છે. વલ્લભભાઈ જોકે હજી ભઠ્ઠીમાં છે. એમણે સારી રીતે તપવાનું છે. મને લાગે છે કે એમાંથી આપણે કુંદન કાઢીશું.'

અને ગાંધીજીની એ વાણી સરદારની બાબતમાં સાચી ઠરી.

જપ્તીઓનું દમન પુરજોશમાં ચાલતું હતું. તે વખતે ગાંધીજીને બિહાર જવાનું થયું. એટલે પ્રજાનો જુસ્સો ટકાવી રાખવાની મુખ્ય જવાબદારી સરદાર ઉપર આવી પડી.

સરદાર અને બીજા કાર્યકર્તાઓ પગ વાળીને બેસતા નહીં. પણ આખા જીલ્લાને એકસરખું માર્ગદર્શન આપતા રહેતા. સરદારે પ્રજાજોગ એક પત્રિકા બહાર પાડી સંદેશો આપ્યો કે,

'.... પ્રજામત અને આંધળો અમલ એ બેની વચ્ચે દારુણ ધર્મયુદ્ધ ચાલે છે. સરકારે સત્તાના બળથી જમીનમહેસૂલ વસૂલ કરી લેવા નિશ્ચય કર્યો છે....'

'ખેડૂતોના ભારેમાં ભારે ત્રાસ આપીને ડરાવવાના હેતુથી જપ્તીમાં લઈ શકાય એવી બીજી મિલ્કત હોવા છતાં સંખ્યાબંધ



ભેંસો જપ્તીમાં લે છે, ખાસ કરીને દૂઝણી ભેંસો લે છે. તેમને તાપમાં બાંધવામાં આવે છે, પાડાપાડીથી વિખૂટી પાડવામાં આવે છે, જાનવરો રાડો પાડે છે, તે જોઈ સ્ત્રીઓ કકળાટ કરે છે અને બાળકો હૃદયભેદક રુદન કરે છે.'

'આમાં ભેંસની કિંમત અડધી થઈ જાય છે. છતાં ધર્મ પાળનાર ખેડૂત ધીરજથી પ્રતિજ્ઞાનું પાલન કરે છે અને શાંતિથી દુઃખ સહન કરે છે. ચૂંટી ખણતાં લોહી નીકળે એવાં સાચવેલાં ઢોર ઉપર ગુજરતો આ ત્રાસ સ્ત્રીઓ જોઈ શકે નહીં, છતાં આવાં પ્રસંગોમાં સ્રીઓ ભારે હિંમત બતાવે છે...'

'લડત લંબાતી જાય છે તેમ તેમ પ્રજાની કસોટી થાય છે. દુઃખ સહન કરવાનો પ્રસંગ જ ન આવ્યો હોત તો પ્રજાને આ લાભ મળત નહીં.'

'... સત્તાના દોરથી સાહેબી ભોગવનારા અમલદારોને આજે ગામમાં કોઈ સત્કાર કરનાર મળતું નથી. મોંમાગી ચીજ મફત મેળવનારને પૈસા ખર્ચતાં પણ જરૂરી ચીજ મળતી નથી.'

'... હવે એમનાં હૃદય પણ પીગળ્યાં છે. રૈયતના તરફ સત્ય છે એવી એમના હૃદયમાં ઝાંખી થયેલી માલૂમ પડે છે. પણ હાલની ચાલતી રાજ્યપદ્ધતિમાં તેઓ લાચાર છે.'

'આવા કઠણ સંજોગોમાં તેઓ કોઈ વખત મર્યાદા છોડે, ક્રોધ કરે, ત્રાસ આપે તોપણ આપણે મર્યાદા ન છોડવી, વિનય

ન છોડવો અને તેમના ઉપર રોષ ન કરતાં તેમની દયા ખાવી અને શાંતિ પકડવી એ ખાસ જરૂરનું છે.'

'કઠોરમાં કઠોર હૃદયને પણ પ્રેમથી વશ કરી શકાય છે અને સામાની કઠોરતાના પ્રમાણમાં આપણો પ્રેમ તેટલો જ સબળ હોય તો જરૂર આપણે જીતી શકીએ એ સત્યાગ્રહની લડતનું રહસ્ય છે....'

એકસરખી જપ્તીઓ ચાલુ હોવા છતાં લોકો હિંમત રાખી શક્યા હતા અને આનંદથી પોતાનાં ઢોરઢાંખર, ઘરેણાં તથા વાસણ જપ્ત થવા દેતા હતા. તેમાં પુરુષોની સાથે સ્ત્રીઓએ આગળ પડતો ભાગ લેવા માંડ્યો હતો, તે જોઈ મુંબઈનાં વર્તમાનપત્રોના પ્રતિનિધિઓ દંગ થઈ ગયા! એ લોકોએ વર્તમાનપત્રોમાં ખેડૂતોની બહાદુરીની પ્રશંસાના લેખો લખવા માંડ્યા.

એક પ્રસંગે તો ખુદ કલેકટર પણ બોલી ગયા કે, 'જે રીતે રૈયત લડી રહી છે તે બહુ ખૂબીદાર છે.'

દેશના બીજાં પ્રાંતોમાં પણ મોટી મોટી સભાઓ ભરાવા માંડી અને ત્યાંથી સહાનુભૂતિના તાર આવવા લાગ્યા. લોકમાન્ય ટિળક મહારાજે પણ આ લડતને બિરદાવી.

છેવટે સરકારે નમતું આપ્યું. મામલતદાર પોતે ગાંધીજીને ઉતારે, નડિયાદ તાલુકાના ઉત્તરસંડા ગામે ગયા. થોડી વાતચીત પછી તેમણે જણાવ્યું કે, જો સારી સ્થિતિવાળા મહેસૂલ ભરી દે,



તો ગરીબ લોકોનું મુલતવી રાખવામાં આવશે.

આમ છેવટે સત્યાગ્રહનો અંત આવ્યો. આ લડતમાં પ્રજાને કષ્ટ તો બહુ વેઠવું પડ્યું અને નુકસાન પણ બહુ ખમવું પડ્યું. પરંતુ અમલદારોના કક્કાને પ્રજામત ખોટો પાડી શકે છે એ જાતના આત્મવિશ્વાસની પ્રજાએ ભારે કીમતી કમાણી કરી.

તા. ૬ ઠ્ઠી જૂન, ૧૯૧૮ના રોજ ગાંધીજી અને સરદારની સહીવાળી પત્રિકા બહાર પાડવામાં આવી અને લડત બંધ થયેલી જાહેર કરવામાં આવી.

પછી તા. ૨૯ મી જૂનના રોજ નડિયાદમાં આ ખેડા સત્યાગ્રહની પૂર્ણાહુતિનો ઉત્સવ ઊજવાયો.

આ લડતમાં જ ગાંધીજીને સરદાર લાધ્યા અને બે વચ્ચે જીવનભરનો પ્રેમસંબંધ અને સેવાસંબંધ બંધાયો.

❐

# ૨૮. સુકાન સંભાળ્યું

મધ્ય પ્રાંતમાં આવેલા જબલપુર શહેરમાં ૧૯૨૩ના માર્ચમાં કોંગ્રેસ કારોબારીના પ્રતિનિધિમંડળમાં શ્રી રાજગોપાલાચારી વગેરે આવ્યા હતા.

તે વખતે ત્યાંની મ્યુનિસિપાલિટીએ એવો ઠરાવ પસાર કર્યો કે, મ્યુનિસિપલ હોલ ઉપર રાષ્ટ્રધ્વજ ચડાવવો.

પરંતુ ત્યાંના જિલ્લા મેજિસ્ટ્રેટે એ ઠરાવ રદ કરાવ્યો અને ટાઉનહોલ આગળના મેદાનમાં સભા ન ભરવામાં આવે તથા મ્યુનિસિપાલિટી ઉપર રાષ્ટ્રધ્વજ ન ચડાવવામાં આવે એ માટે ત્યાં ૧૪૪મી કલમ લાગુ કરી.

આ સામે તા. ૧૮મી માર્ચે ગાંધીજીની કારાવાસ સંવત્સરીને દિવસે પંડિત સુંદરલાલજીની આગેવાની નીચે રાષ્ટ્રધ્વજ સાથે મોટું સરઘસ કાઢવામાં આવ્યું.



પં. સુંદરલાલજી અને બીજા દસ જણને પકડવામાં આવ્યા. તેમની પાસેથી રાષ્ટ્રધ્વજ ઝૂંટવી લેવામાં આવ્યો.

બીજે દિવસે એ બધાને છોડી મૂક્યા. એ લોકોએ રાષ્ટ્રધ્વજ પાછો માગ્યો, ત્યારે તેમને કહેવામાં આવ્યું કે, એ તો જપ્ત કરવામાં આવ્યો છે.

પં. સુંદરલાલજીએ વાંધો ઉઠાવ્યો કે, આ તો અમારા રાષ્ટ્રધ્વજનું અપમાન છે અને એની ચિનગારીમાંથી પ્રચંડ આગ ભભૂકી ઊઠશે.

પં. સુંદરલાલજીને સરકારે પકડીને છ માસની સજા કરી.

ત્યારબાદ પછી નાગપુરમાં તા. ૧૩મી એપ્રિલને રોજ રાષ્ટ્રધ્વજ સાથે મોટું સરઘસ કાઢવામાં આવ્યું. એ વેળાએ જાહેર કરવામાં આવ્યું કે, આ સરઘસ 'સિવિલ લાઈન્સ'માં થઈને સદર બજારમાં જશે અને ત્યાં સભા ભરવામાં આવશે.

ડિસ્ટ્રિક્ટ કોર્ટ પાસે ચાર રસ્તા આગળ જ્યાંથી સિવિલ લાઈન્સ શરૂ થાય છે ત્યાં જિલ્લા મેજિસ્ટ્રેટ તથા પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ મોટી પોલીસફોજ સાથે હાજર હતા.

એ લોકોએ સરઘસને રોક્યું. સ્વયંસેવકોએ આગળ વધવાનો પોતાનો નિશ્ચય જાહેર કર્યો. એટલે પોલીસ તેમના પર તૂટી પડ્યા.

ધ્વજના દાંડા વડે જ સ્વયંસેવકોને ખૂબ માર્યા અને નીચે

પડી ગયા તેમને ઢસરડી રસ્તાની ગટરમાં નાખ્યા!

નાગપુર કોંગ્રેસ પ્રાંતિક સમિતિની કારોબારીએ સરકારી તંત્રનો આવો ગેરવર્તાવ જોઈને ઠરાવ કર્યો કે,

'કોઈ પણ સરિયામ રસ્તા ઉપરથી શાંતિપૂર્વક રાષ્ટ્રધ્વજ લઈને જવાનો પ્રજાને અધિકાર છે અને સરકાર તેમાં અંતરાય નાખે છે. માટે તા. ૧લી મેથી તે સારુ લડત આપવી. જબલપુર અને નાગપુર બે સ્થળને બદલે નાગપુર ઉપર જ શક્તિ કેન્દ્રિત કરવી.'

શ્રી જમનાલાલજી બજાજે લડતની આગેવાની લીધી. તેમની સૂચના પ્રમાણે પ્રતિજ્ઞાવાળા દસ દસ સૈનિકોને રોજ લડતને મોરચે મોકલવાનું નક્કી કર્યું.

લડતનો મુદ્દો બહુ સાફ હતો. રાષ્ટ્રધ્વજ લઈને શાંતિપૂર્વક, બીજા લોકોને હરકત ન થાય એ રીતે હરકોઈ સરિયામ રસ્તા ઉપરથી નાના કે મોટા વ્યવસ્થિત સરઘસના રૂપમાં જવાનો નાગરિકોનો મૂળભૂત હક દરેક સુધરેલા ગણાતા દેશમાં સ્વીકારાયેલો છે.

આપણા દેશમાં પણ રાષ્ટ્રધ્વજનાં સરઘસો બીજાં બધાં શહેરોમાં વગરબંધીએ ફરતાં. ખુદ નાગપુરમાં પણ રાષ્ટ્રધ્વજ લઈને સરઘસ બીજે બધે ફરે તેની સરકારને હરકત નહોતી.

પરંતુ ત્યાંની સિવિલ લાઈન્સમાં રાષ્ટ્રધ્વજ લઈને જવાનો



હક સ્થાપિત કરવાની લડત ચલાવવાનો સ્થાનિક કોંગ્રેસ કમિટીએ ઠરાવ કર્યો તે નાગપુરના ગોરા સિવિલિયનોથી ખમાયું નહીં.

એ ગોરાઓમાં નાગપુરનો કમિશનર બહુ તુમાખી હતો. તે સિવિલ લાઈન્સમાં જ રહેતો હતો. ત્યાંના સઘળા ગોરાઓનો તે આગેવાન હતો. તે બધાને વારંવાર ધમકી આપતો કે, મારા બંગલા આગળ સરઘસ આવશે, તો હું એના ઉપર ગોળી ચલાવીશ.

ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટે સરઘસબંધી તથા સભાબંધીનો હુકમ તા. ૧ લી મે એ બહાર પાડ્યો.

પછી તો પકડાપકડી શરૂ થઈ ગઈ. જમનાલાલજી વગેરેને પકડવામાં આવ્યા.

ગુજરાત વગેરે પ્રાંતોમાંથી સ્વયંસેવકોની ટુકડીઓ આવવા માંડી. પરંતુ બધાને પકડી પકડીને જેલમાં પૂરવા માંડ્યા.

ગાંધીજી તો આ વખતે જેલમાં હતા. એટલે કોંગ્રેસ કારોબારીએ સરદાર વલ્લભભાઈ પટેલને લડતનું સંચાલન સોંપ્યું.

એટલે સરદાર ૨૨મી જુલાઈને રોજ નાગપુર પહોંચ્યા.

નાગપુર પહોંચતાં જ મધ્ય પ્રાંતની સરકાર સરદારશ્રીને પકડી લેશે એવો સૌને ભય હતો. પરંતુ એવું બન્યું નહીં.

સરકારે ભારે દમનનીતિ વાપરી હતી. કોઈને બહાર રહેવા

દીધા ન હતા. એટલે નાગપુરમાં સરદારને એકલે હાથે કામ લેવું પડ્યું. સ્થાનિક કાર્યકરો બધા જેલમાં હતા.

સરદારે નાગપુર પહોંચી બધી પરિસ્થિતિ તપાસી લીધી અને કામ વ્યવસ્થિત ગોઠવી દીધું. આ સંબંધમાં સરદારે ત્યાંથી એક કાગળમાં લખ્યું :

‘અહીં આવીને દરેક પ્રાંત માટે સ્વયંસેવકો મોકલવાની સંખ્યા અને તારીખો ગોઠવી તે તે પ્રાંતોને ખબર આપી દીધી છે, તે પ્રમાણે સ્વયંસેવકો આવતા રહેશે, તો તો રોજ ઓછામાં ઓછા પચાસ સૈનિકો સ્ટેશન પર પકડાશે...’

સરકારે જેલમાં ભારે ત્રાસ વર્તાવ્યો હતો ! જેલમાં કેદીઓના વર્ગ પાડી નાખવામાં આવ્યા હતા. પહેલા વર્ગવાળાને રોજ સવા મણ દળવાનું હતું. બીજા વર્ગવાળાને પોણો મણ દળવાનું હતું. ત્રીજા વર્ગવાળાને શણ કૂટવાનું અને એવાં હળવાં ગણાતા કામ આપવામાં આવતાં.

બીજું મુખ્ય કામ પથરા ફોડવાનું, તેના પણ વર્ગ પ્રમાણે જુદાં જુદાં માપ નક્કી કર્યાં હતાં.

ખાવામાં એક વાર જુવારના રોટલા અને દાળ તથા એક વાર જુવારના રોટલા અને ભાજી. દાળમાં દાળ શોધવા ડૂબકી મારવી પડે અને દાળને બદલે ઈયળ જડે ! અને ભાજી એટલે છેક ઘરડાં થઈ ગયેલાં કોઈ પણ પાંદડાં!



રોટલામાં કાંકરીનો પાર નહીં અને કાચાં હોય તે જુદાં!

મોટી તકલીફ પાયખાનાની હતી ! હારબંધ પાયખાનાં અને એને બારણાં ન મળે. નિયમ પાંચ મિનિટમાં પતાવી નાખવાનો, પણ ત્રણ મિનિટ થાય ત્યારથી વોર્ડર ઊઠો ઊઠોની બૂમ મારવા માંડે.

આ તો ત્યાંના નિયમની વાત થઈ. પણ મોટી પજવણી તો કેદીઓ પાસે માફી મંગાવવા માટે થતા વોર્ડરના નિષ્ઠુર અત્યાચારોની હતી.

કોઈ કેદી જરાક ઢીલોપોચો જોવામાં આવે કે વોર્ડરો તેને વળગતા : ‘અબે, માફી શું કામ નથી માગી લેતો? ઠાલો મરી જઈશ.’ એમ શરૂ કરીને બિવડાવવાની, પજવવાની ત્રાસ આપવાની સૂચનાઓ જ અપાઈ હશે ને?

માફી મંગાવવાના પ્રયત્નમાં તો જેલના દાકતર પણ સારો ભાગ ભજવતા. એનામાં દયાનો છાંટો ન હતો. ગમે તે બીમારી હોય પણ એક જ શીશીમાંથી તે દવા પીતા. અને કોઈ પોતાની બીમારીની વાત કરવા જાય તો તરત કહે, ‘માંદો હતો તો અહીં શું મરવા આવ્યો છે? માફી કેમ માગી લેતો નથી?’

આ ઉપરાંત નબળાપોચાને ગાળોથી નવાજવામાં આવે તે તો જુદું. વળી કામ વખતસર પૂરું ન કરવા બદલ અથવા જેલમાં તો કેદીને કોઈ પણ ગુનામાં લાવી શકાય છે, તેવા ગુના બદલ

હાથકડી, દંડાબેડી, આડીબેડી, તાટકપડાં, અંધારી કોટડી, એવી એવી અનેક પ્રકારની સજાનો લાભ આપણા ભાઈઓને મળેલો.

લડત કુલ ૧૧૦ દિવસ ચાલી. તેટલા વખતમાં ઝંડા સત્યાગ્રહીઓની સંખ્યા ૧૭૫૦ જેટલી થયેલી. તેમાંથી લગભગ ૨૦૦ જેટલા કેદીઓ પાસે માફી મંગાવવામાં જેલનો દુર્વર્તાવ સફળ થયેલો.

નાગપુરમાં એક દિવસ છૂટીને આવેલા કેટલાક કેદીઓના માનમાં સભા થઈ. છૂટનારાઓએ બહુ રોષથી ભરેલાં તીખાં ભાષણો કર્યાં.

સરદાર સભામાં હાજર હતા. આ લડત વિનયપૂર્વક ચાલે એ સંભાળવા તો તેઓ ત્યાં હતા. પેલા ભાઈઓને અને બીજા લોકોને આપણી લડતના સિદ્ધાંતો સાફ સાફ સમજાવવાની તક સરદારે ઝડપી લીધી :

'આજે જેલમાંથી સજા ભોગવી આવેલા ભાઈઓએ આપણને કેટલીક વાતો કહી. એમના દિલમાં ભારે રોષ ભરેલો છે. જેલમાં આપવામાં આવતાં કષ્ટો તેમણે સભ્યતા છોડીને આપણી આગળ કહ્યાં. અંદર જે અમાનુષી વર્તન ચાલી રહ્યું તેનું વર્ણન તેમણે બહુ આવેશમાં આવીને કર્યું.

'પણ આપણે આવુંબોલીએ, તો સરકારી નોકરોને મુકાબલે આપણે શા સારા? એ તો નોકરીમાં છે, આપણે સ્વતંત્ર છીએ.



એ લોકોનો વિચાર કરવાને બદલે આપણે શું કર્યું. તેનો વિચાર કરો. આપણે તેમને ગાળો દઈએ, તેમના દોષ જોઈએ, તે પહેલાં આપણે આપણો પોતાનો વિચાર કરી લેવો જોઈએ. આપણે લાયકાત મેળવી કર્તવ્યપરાયણ થવું એ જ આપણો ધર્મ છે.'

'જેલમાંથી છૂટી આવેલા ભાઈઓને મારી સલાહ છે કે, તેમણે પ્રજાને પ્રેમ અને ધર્મના પાઠ સમજાવવા. એ જ તમારું પરમ કર્તવ્ય છે. પરમાત્મા તમને આવાં સત્ય અને ધર્મનાં યુદ્ધો લડવાનું બળ આપો.'

આખરે સરકારે નમતું આપ્યું. તા. ૧૮મી એ ઓગસ્ટને દિવસે લડતનો અંત આવ્યો.

રાતે જાહેર સભામાં સરદારશ્રીએ કહ્યું :

'રાષ્ટ્રીય ધ્વજની પ્રતિષ્ઠા આખરે કબૂલ કરવામાં આવી છે. જાહેર રસ્તાઓ ઉપરથી શાંતિપૂર્વક અને વ્યવસ્થિત રીતે રાષ્ટ્રધ્વજ સાથે સરઘસ લઈ જવાનો આપણો હક આપણને પાછો પ્રાપ્ત થયો છે.'

'આને હું સત્ય, અહિંસા અને તપનો વિજય માનું છું. એટલે ઈશ્વરકૃપાથી હવે હું જાહેર કરી શકું છું કે, નાગપુર સત્યાગ્રહનો આજના પુણ્ય દિવસે, મહાત્મા ગાંધીજીના ઉપદેશના ભાવ અને અક્ષર અનુસાર વિજયી અંત થાય છે. આજ સંધ્યાકાળથી આપણો ધ્વજ-સત્યાગ્રહ રીતસર બંધ થયેલો હું

જાહેર કરું છું.'

પછી જે વીર ભાઈઓ અને બહેનોએ દેશની ખાતર અને રાષ્ટ્રની ખાતર દુઃખ વેઠ્યાં હતાં, તે વખતે પણ વેઠી રહ્યાં હતાં અને લડત આગળ ચાલી હોત તો વેઠવાને કમર કસી હતી એ સૌને સરદારે અંતરના ઊંડાણથી ધન્યવાદ આપ્યા. જેમણે લડત ચલાવવામાં તથા તેનો વિજયી અંત આણવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ મદદ કરી હતી તેમનો જાહેર રીતે સરદારે આભાર માન્યો.

લડતનો વિજય જાહેર થયા પછી નાગપુરની જેલોમાં જુદા જુદા પ્રાંતના લગભગ બે હજાર કેદીઓ કેદમાં પડેલા હતા તેમના છૂટવાની રાહ આખો દેશ જોઈ રહ્યો હતો.

પરંતુ સરકારી તંત્રે વિલંબ કરવા માંડ્યો. આખા દેશમાં આ અંગે લોકોની અકળામણ વધતી જતી હતી.

છેવટે સરદારે મધ્ય પ્રાંતની સરકારને નોટિસ આપી કે, હવે ચોવીસ કલાકમાં કેદીઓ નહીં છૂટે તો સરકાર સામે વિશ્વાસઘાતનો આરોપ મૂકી તેમની સાથે થયેલો તમામ પત્રવ્યવહાર પોતે પ્રસિદ્ધ કરશે અને સત્યાગ્રહનું આંદોલન ફરીથી શરૂ કરવામાં આવશે. તેની જવાબદારી સરકારની રહેશે.

આ ઉપરથી મધ્ય પ્રાંતના ગવર્નર અને ગૃહમંત્રીએ સેક્રેટરી ઓફ સ્ટેટને તાર કર્યો કે, જો કેદીઓનો તાબડતોબ નહીં છોડવામાં આવે, તો અમને બંનેને રાજીનામં આપવાની ફરજ પડશે.



સરદારની નોટિસના ચોવીસ કલાક તો સવારે પૂરા થતા હતા તે પહેલાં રાતે બે વાગ્યે સરદારને ખબર આપવામાં આવી કે, સરકારે કેદીઓને છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

પેલો તુમાખી ગોરો કમિશનર લાંબી રજા ઉપર ચાલ્યો ગયો અને ત્યાંથી પાછો જ ન આવ્યો.

૧૯૨૩ની ૩જી સપ્ટેમ્બરે કૃષ્ણ-જન્માષ્ટમીને દિવસે તમામ સત્યાગ્રહી કેદીઓને છોડી મૂકવામાં આવ્યા.

તેઓ બધા રાષ્ટ્રધ્વજ સાથે સિવિલ લાઈન્સના બધા વિસ્તારમાં સરઘસમાં ફર્યા. સાંજે નાગપુરમાં મોટી જાહેર સભા થઈ તેમાં સરદારશ્રીએ પ્રેરક પ્રવચન કર્યું. તેમાં સત્યાગ્રહીઓને ખૂબ ઉમળકાથી બિરદાવતાં તેમણે કહ્યું :

'હું તમને સાચેસાચું કહું છું કે, આપણી જીત થઈ છે તેનું માન મને બિલકુલ નથી. બધું માન જેલમાં કષ્ટો અને યાતનાઓ સહન કરીને આવ્યા છો તેમને અને જેઓ આ લડતને અર્થે સહન કરવાને તૈયાર હતા તેમને છે તેમ જ આખી લડત દરમિયાન અથાક શ્રમ લેનાર અને અદ્‌ભુત વ્યવસ્થા બતાવનાર નાગપુરની કોંગ્રેસ સમિતિને છે... નિર્મળતા અને નિર્ભયતાનાં સાધનોથી મંડાયેલા આ ધર્મયુદ્ધનું પ્રજા ભવિષ્યમાં ગૌરવ સાથે સ્મરણ કરશે અને આ ધર્મયુદ્ધ સત્ય, અહિંસા અને આપભોગનાં શસ્ત્રોની શ્રેષ્ઠતા વિશે પ્રજામાં વધારે શ્રદ્ધાનો સંચાર કરશે.'

આ ઝંડા સત્યાગ્રહની લડતમાં સરદારે મહાત્મા ગાંધીજીની સાથે ખેડા સત્યાગ્રહમાં કામ કરીને જે તાલીમ લીધી હતી અને કેવી અમલમાં મૂકી હતી એનું દર્શન થયા વિના રહેતું નથી.

છેક દક્ષિણ આફ્રિકાથી ગાંધીજી તો કહેતા અને કરતા આવ્યા હતા કે, કોઈપણ લડતમાં - અને હિંસાત્મક લડત કરતાં અહિંસાત્મક લડતમાં વિશેષે કરીને - તહનામાં, વાટાઘાટો, વિષ્ટિ અને કોલકરારને માનભર્યું સ્થાન છે. સત્યાગ્રહી પોતાના સિદ્ધાંત અને સ્વમાન જાળવીને જેટલી થઈ શકે તેટલી સગવડ પ્રતિપક્ષીને કરી આપશે, તેની જેટલી અગવડો દૂર કરી શકાય તેટલી અગવડો દૂર કરવા પ્રયત્ન કરશે. પોતાના સિદ્ધાંત અને સ્વમાન સાચવીને તે સમાધાન માટે હંમેશાં ઝંખતો હશે. વિજયનું માન પ્રતિપક્ષીને કેટલો નમાવ્યો તે ઉપરથી કાઢવાનું નથી, પણ સત્ય કેટલું આગળ આવ્યું, લડનારાની શુદ્ધિ કેટલી થઈ, તેનું આત્મબળ કેટલું વધ્યું, તેનામાં આત્મવિશ્વાસ કેટલો આવ્યો એ ઉપરથી કાઢવાનું છે.

સરદારશ્રીએ આ બાબતનો આ લડતમાં બરોબર ખ્યાલ રાખ્યો હતો.

❐



# ૨૯. બોરસદ

ખેડા જિલ્લામાં બોરસદ તાલુકો આવેલો છે. ત્યાં હૈડિયાવેરા સામે સરદારશ્રીની આગેવાની હેઠળ બોરસદ સત્યાગ્રહ થયો હતો.

આ સત્યાગ્રહ તા. ૨-૧૨-૧૯૨૩ને રોજ શરૂ થયો હતો અને તા. ૧૨-૧-૧૯૨૪ને રોજ પુરો થયો હતો. માત્ર છ અઠવાડિયાં ચાલેલો આ સત્યાગ્રહ સરદારશ્રીની આગેવાનીનો વધારે પરિચય આપે તેવો છે.

આ સમયે પણ ગાંધીજી જેલમાં હતા. એટલે સરદારશ્રી અને તેમના સાથીઓએ ગાંધીજીના સત્યાગ્રહના સિદ્ધાંતને કેવો પચાવ્યો હતો તેનો ખ્યાલ આવે છે.

આ સત્યાગ્રહ માટેના સંજોગો કેવી પરિસ્થિતિમાં ઊભા થયા હતા એ પહેલાં જાણી લઈએ.

તે સમયના બોરસદના તાલુકાની પૂર્વ અને દક્ષિણ સીમમાં મહી નદીનાં બંને કાંઠાનાં ગામોમાં બારૈયા અને પાટણવાડિયા લોકતોની વસ્તી વધારે હતી.

પાટણવાડિયા અને બારૈયા પોતાને ક્ષત્રિય કહેવડાવે છે. એ કોમના આગેવાન માણસો નાનીમોટી ઠકરાતોવાળા હતા. બીજા માણસો રાજારજવાડાંમાં સિપાહીગીરી કરતા હતા.

જેમ જેમ અંગ્રેજોનું રાજ્ય આ દેશમાં વધવા લાગ્યું, તેમ તેમ આવાં રજવાડાંઓ ઓછાં થવાં લાગ્યાં. એટલે આ લોકોના નિર્વાહનું એક મોટું અને માનભર્યું સાધન જતું રહ્યું.

આ લોકોના ભરણપોષણનું બીજું સાધન ખેતી હતું. પરંતુ એ લોકોની ઘણીખરી જમીન શાહુકારો અને ખેડૂત પાટીદારો દેવા પેટે લઈ લેવા લાગ્યા. એટલે ધીમે ધીમે આ પ્રજા વધારે ને વધારે નિર્ધન, નિઃસહાય અને સાધનહીન બનતી ગઈ.

મૂળે આ કોમ ઝનૂની, સાહસિક અને લડાયક તો ખરી જ. એટલે સહેજ કારણ મળતાં ચોરી અને લૂંટફાટ તરફ વળી જતાં એ લોકોને વાર લાગતી નહીં.

આવી પરિસ્થિતિ હતી, એવામાં આ લોકોને કાબૂમાં રાખવા અંગ્રેજ સરકારે ‘ગુનાખોર કોમને લગતો કાયદો’ એ લોકો પર ઠોકી બેસાડ્યો!

એ કાયદા પ્રમાણે એ કોમનાં બધાં જ પુખ્ત વયનાં માણસોને



- પુરુષોને તેમ જ સ્ત્રીઓને - સવારસાંજ હાજરી આપવાની ફરજ પાડવામાં આવતી.

વળી કોઈ જગ્યાએ ચોરી કે બીજા કોઈ ગુનાનો બનાવ બન્યો કે, આ કોમના સંખ્યાબંધ માણસો ઉપર જામીનકેસ કરવામાં આવતા.

એ લોકોને ગુજરાત ચલાવવાના સાંસા હતા, ત્યાં એ બાપડા જામીન ક્યાંથી લાવી શકે? શાહુકાર પાસેથી કરજે નાણાં લાવે તો બને. આવી લાચારીને લીધે તેઓ જામીન આપી શકતા નહીં. એટલે તેમને સજા કરી જેલમાં ધકેલી દેવામાં આવતા!

માણસ ગુના કરવાની વૃત્તિવાળો ન હોય, તોપણ ગુના કરવાની વૃત્તિ લઈને તે જેલમાંથી બહાર આવતો.

વળી રોજ ને રોજ હાજરી આપવાના ત્રાસથી કંટાળીને પણ ઘણા લોકો નાસતા ફરતા અને ગુજરાન ચલાવવા ખાતર ચોરી અને લૂંટફાટ કરવા તરફ વળતા.

કેટલીક વાર સામાજિક અન્યાયને લીધે તથા સરકારી અન્યાય અને ત્રાસને કારણે પણ લોકો લૂંટફાટનો ધંધો લઈને બેસતા. આમ બહારવટિયાઓનું જોર એ પ્રદેશમાં વધતું ગયું.

બહારવટિયાઓને એમના કામમાં મહી નદીનાં કોતરો બહુ સુગમ થઈ પડ્યાં હતાં. આજે પણ મહી નદીનાં ઘણાં બિહામણાં અને દુર્ગમ એવાં કોતરો એ પ્રદેશમાં જોવા મળે છે.

આ કોતરોમાં ચોર અને બહારવટિયાઓ સહેલાઈથી આશરો લઈ શકતા. એવાં કોતરોની અંદર જઈ બહારવટિયાઓને પકડવા બહુ અઘરું થઈ પડતું.

આ બહારવટિયાઓમાં બાબર દેવા વિશે જાણવું જરૂરી છે, કારણ કે બોરસદ સત્યાગ્રહના એક કારણ તરીકે એને ગણાવી શકાય એમ છે.

આ બાબર દેવા પહેલવહેલો સને ૧૯૧૭માં બહારવટે નીકળ્યો.

બાબર દેવા ગોળેલ ગામનો પાટણવાડિયો હતો. ગુનાખોર કોમને લગતા કાયદા મુજબ તેને દરરોજ સવારસાંજ પોલીસથાણે હાજરી પુરાવવી પડતી.

એમાં કંઈક કારણસર એક દિવસ તેનું મીંડું પડ્યું. એ બદલ તેને છ માસની સજા ફરમાવવામાં આવી.

એટલે બાબર દેવા સજામાંથી બચવા માટે પોતાના ગામમાંથી નાસી છૂટ્યો. પછી તેણે નાની નાની ચોરીઓ કરતાં રખડવા માંડ્યું. વચ્ચે વચ્ચે તે પોતાને ઘેર છાનોમાનો આવી જતો.

પોલીસે ગામના લોકો ઉપર બાબર દેવાને પકડી આણવા માટે દબાણ કરવા માંડ્યું.

બાબર દેવાની મા પાસે ગામનો એક માણસ રોજ જતો



અને કહેતો : 'બાબર દેવા પકડાય તો આખું ગામ ત્રાસમાંથી છૂટે.'

બાબરની માએ આ વાત બાબરને કરી.

એટલે બાબર દેવા બીજે દિવસે ઘેર જ છુપાઈને રહ્યો અને પેલો માણસ આવતાં જ તેનું નાક કાપી નાખ્યું! પછી તે ત્યાંથી નાઠો.

તે દિવસથી બાબર દેવા બહારવટિયો બની ગયો.

તેણે ધૂમ લૂંટો કરવા માંડી. પછી તો તે ઘોડી, બંદૂકો વગેરે સરંજામ રાખતો થયો. તેણે પોતાની ટોળી પણ જમાવી.

તેણે કેટલીય ધાડો પાડી અને પચીસથી પણ વધારે નિર્દોષ જીવોને માર્યા હશે!

પોલીસને બાતમી આપનાર સાથે બાબર દેવા ભારે ખૂનસથી વર્તતો. પોલીસને કોઈ બાતમી આપે છે એવી ખબર પડતાં કે વહેમ જતાં તે એવા માણસને સાફ કરી નાખતો. પોતાની સ્ત્રી અને કેટલાંક સગાં પોતાને પકડાવી દેવાના કાવતરામાં સામેલ છે એવો વહેમ આવતાં એ લોકોનાં પણ તેણે ખૂન કરેલાં! કોઈને ઝાડ સાથે ખીલા ઠોકી મારી નાખવામાં આવેલ. કોઈનું નાક કાપી નાખવામાં આવેલ. એવો ઝનૂની બાબર દેવા હતો.

આથી લોકો થથરી ગયા! એનું નામ પડતાં ત્રાસી ઊઠતા!

પોલીસ તો એટલે સુધી ફૂટી ગઈ હતી કે બાતમીનો

ઉપયોગ કરી બાબર દેવા વગેરે બહારવટિયાઓને પકડવા જવાને બદલે તેમને અગાઉથી ચેતાવી દેતી અને કેટલીક વાર તો બાતમી આપનારનાં નામ પણ આપી દેતી!

બાતમી આપવા ખાતર પ્રજાનાં કેટલાંયે માણસ મરાયાં, છતાં નવાઈની વાત એ હતી કે પોલીસમાંથી કોઈ મરાયું નહોતું!

બાબર દેવા બહારવટે નીકળ્યો ત્યાર પછી સરકારે એક પોલીસથાણું ગોળેલ ગામમાં મૂક્યું. આગળ જતાં પોલીસને ખબર પડી કે, બાબર દેવા બાજુમાં આવેલાં જોગણ અને ખડાણા ગામોમાં પણ આવે છે. એટલે સરકારે એ બે ગામોમાં પણ પોલીસનાં થાણાં મૂક્યાં. આ દંડ-પોલીસનો ખર્ચ એ ગરીબ ગામડાંઓ ઉપર નાખવામાં આવ્યો.

જોગણ અને ખડાણા ગામના લોકો કલેકટર પાસે ગયા અને કરગર્યા કે, આ વેરો ભરવાની અમારી સ્થિતિ નથી. મામલતદારે પણ સરકારને અહેવાલ મોકલ્યો કે, આ લોકો એટલા તો ગરીબ છે કે જો સરકાર દંડ વસૂલ કરવા આગ્રહ રાખશે તો તે ગામોના લોકો ગામ છોડીને બીજે ચાલ્યા જશે.

છતાં સરકારનું જોહુકમી વલણ બદલાયું નહીં. ઊલટું આ દંડ-પોલીસનો ખર્ચ દંડ તરીકે આ ગામો ઉપર વધુ એક વરસ માટે ચાલુ રાખવામાં આવ્યો.

આમ, લગભગ ત્રણ વરસથી આ ગામો આ રીતે આ દંડ-વેરાથી દબાઈ ગયાં હતાં, એમાં વળી એક વરસનો વધારો થયો!



આ સજા-પોલીસ લોકોનું કેવું રક્ષણ કરતી હતી એનું એક ઉદાહરણ જોઈએ :

જોગણ ગામમાં જ બાબર દેવાએ શીભાઈ નામાના એક ગ્રામવાસીનું, તેના ઉપર બાતમી આપવાનો વહેમ જવાથી ધોળે દિવસે ખૂન કર્યું! સજા-પોલીસ એ જોઈ રહી.

છતાં પોલીસનો રિપોર્ટ કાયમ રહ્યો કે, એ ગામોના લોકો બહારવટિયાઓની બાતમી આપતા નથી ! ગોળેલ ગામમાં તો બહારવટિયાઓએ એક વાર પોલીસના માણસો ઉપર જ હુમલો કર્યો અને પોલીસ ડરીને દબાઈ ગઈ.

અમલપર નામના ગામની સીમમાં જ્યારે બાબર દેવા આવ્યો હતો, ત્યારે એક રાજપૂતે આ ખબર પોલીસને પહોંચાડી. છતાં, પોલીસે બાબર દેવાને પકડવા સારુ કશું કરવાને બદલે તેને ચેતવીને નસાડી મૂકવાની યુક્તિ કરી. એવા તો ઘણા દાખલા બની ચૂક્યા હતા.

સજા-પોલીસને એક વરસ વધારે રાખવાનો નિર્ણય લેવાયો તે વખતે ખેડા જિલ્લાના કલેકટરે પોતાના વિચાર જણાવતાં કહ્યું કે, ‘માત્ર આ ત્રણ ગામડાંમાં જ પોલીસથાણાં નાખવાથી કંઈ વળશે નહીં. આખા બોરસદ તાલુકામાં ગુનાનું પ્રમાણ ઘણું વધી

ગયું છે. બહારવટિયાઓની સંખ્યામાં પણ ખૂબ વધારો થઈ ગયો છે. એટલે આ ત્રણ ગામડાં જ નહીં, પણ તાલુકાનાં ઘણાંખરાં ગામડાં પણ પોલીસને બહારવટિયા અંગે કશીય ખબર આપતા નથી. માટે આખા તાલુકામાં બધે જ સજા-પોલીસ ગોઠવી દેવી જોઈએ.'

એટલે આ કોન્ફરન્સે આખા તાલુકા ઉપર સજા-પોલીસ બેસાડવાનો અને દંડ વસૂલ કરવાનો નિર્ણય કર્યો.

પરંતુ આ અન્યાયી દંડ નાખતાં પહેલાં સરકારે પોતાના બચાવની પાળ બાંધવાનો એક ઉપાય કર્યો.

મુંબઈ સરકારના માહિતી ખાતાના વડાને આણંદ અને બોરસદ તાલુકાની મુલાકાતે મોકલવામાં આવ્યો.

ત્યાર પછી થોડા જ દિવસમાં 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' નામના અંગ્રેજી છાપામાં ત્રણચાર દિવસ સુધી ખેડા જિલ્લાના બહારવટિયાઓ અંગે લેખો આવ્યા.

એ લેખોમાં લોકોનો દોષ કાઢવામાં આવ્યો. સને ૧૯૧૮માં ખેડા જિલ્લામાં ચાલેલી સત્યાગ્રહની લડતને પણ એમાં સંડોવવામાં આવી! એ કાયદાભંગની ચળવળને લીધે જિલ્લામાં ગુનાનું પ્રમાણ વધી ગયું, એવો આક્ષેપ કરવામાં આવ્યો.

આ લેખો પ્રગટ થયા પછી તરત જ આખા બોરસદ



તાલુકામાં સજા-પોલીસ મૂકવાના સરકારના હુકમ બહાર પડ્યા.

ખરું જોતાં, આ ખેડા સત્યાગ્રહ સમયે ખેડા જિલ્લામાં ગુનાનું પ્રમાણ તેનાં પાછલાં ત્રીસ વરસના હિસાબે સૌથી ઓછું હતું. પરંતુ સરકારને તો આવાં બધાં તહોમતો મૂકીને બોરસદની પ્રજા ઉપર અને ગાંધીજીની ઉજ્જવળ કીર્તિ ઉપર ધૂળ ઉડાડવી હતી.

આખરે સરકારે તા. ૨૫-૯-'૨૩ના રોજ બોરસદ તાલુકાનાં ૮૮ ગામો અને આણંદ તાલુકાનાં ૧૪ ગામો ઉપર કુલ ૨,૪૦,૦૭૪ રૂપિયાનો દંડ આકારી વધારાની પોલીસ તાલુકામાં ગામેગામ મૂકવાનો નિર્ણય જાહેર કર્યો.

આ દંડ જણ દીઠ રૂા. ૨-૭-૦ના હિસાબે, સોળ વરસ ઉપરનાં દરેક સ્ત્રીપુરુષ પાસેથી વસૂલ કરવાનું નક્કી કરવામાં આવ્યું. આ દંડમાંથી ઘરડાં, વિધવા કે અપંગને પણ બાદ કરવામાં ન આવ્યાં.

આ વેરો હૈડિયાવેરો તરીકે જાણીતો થયો. સ્ત્રીપુરુષ પુખ્ત ઉંમરનાં થાય તે વખતે ગળાનો હૈડિયો ફૂટે છે. આ વેરો પુખ્ત વયનાં સ્ત્રીપુરુષ ઉપર લેવામાં આવતો હતો. એટલે તે હૈડિયોવેરો કહેવાય.

આ વેરો પ્રજા માટે દાઝયા ઉપર ડામ જેવો થઈ પડ્યો.

સરદાર નાગપુર ઝંડા સત્યાગ્રહ પછી દિલ્હીમાં મળેલી

કોંગ્રેસની મહાસભામાં ગયા હતા. ત્યાંથી તેઓ પાછા અમદાવાદ આવ્યા.

બોરસદના લોકો સરદારની કાગને ડોળે રાહ જોતા બેઠા હતા. એ લોકોને આ સમાચાર મળતાં જ તેઓ બધા સરદારની પાસે બધી ફરિયાદો કરતા ઊભરાવા લાગ્યા.

સરદારે બધાની હૈયાવરાળ સાંભળી. પરંતુ સરદારનો તો નિયમ જ હતો કે પાકે પાયે બધી તપાસ કર્યા પછી જ કેસ હાથમાં લેવા જેવો લાગે ત્યારે જ તેઓ એમાં ઝંપલાવતા.

સરદારે તા. ૨૦-૧૦-’૨૩ના રોજ કોંગ્રેસ પ્રાંતિક સમિતિની બેઠક બોલાવી.

આ સજા-પોલીસની બાબતમાં સ્થળ ઉપર જઈ તપાસ કરી રિપોર્ટ કરવા શ્રી મહોનલાલ પંડ્યા અને શ્રી રવિશંકર મહારાજને સરદારે મોકલ્યા.

એ લોકોએ બધે ફરીને તપાસ એ કરવાની હતી કે, આ બહારવટિયા કોણ છે? તેઓ શું કામ બહારવટે નીકળ્યા છે? તેઓ કેવા ગુના કરે છે? પોલીસ તમને કેમ પકડી શકતી નથી? લોકોનું પોલીસ કેમ રક્ષણ કરતી નથી? સરકાર બધો દોષ પ્રજાને માથે કેમ ઓઢાડે છે? લોકોને આ સજા-પોલીસ સામે કેટલો વિરોધ છે? લોકો દંડ ભરવા રાજી છે કે કેમ?

રવિશંકર મહારાજ અને મોહનલાલ પંડ્યાએ બોરસદનાં



ગામેગામ ફરીને લોકોની કેફિયતો લઈ આ બધા મુદ્દાઓ ઉપર વિગતોથી ભરપૂર રિપોર્ટ તૈયાર કર્યો.

તેઓએ એ રિપોર્ટ સરદારશ્રી આગળ મૂક્યો.

આ દરમિયાન સરદારે પણ અમદાવાદમાં રહીને તપાસ કરી લીધી. આખા ખેડા જિલ્લાના લોકોના તેમ જ સરકારી ખાતાંઓની તમામ ખૂંચખાંચોના સરદાર પાકા ભોમિયા હતા. એટલે તેમને સરકારની પોલ પકડી પાડતાં વાર ન લાગી. આ કેસ તદ્દન સાફ અને બરોબર છે એવી સરદારને પાકી ખાતરી થઈ ગઈ.

રવિશંકર મહારાજવાળો રિપોર્ટ પણ સરદાર ઝીણવટથી જોઈ ગયા. એટલું જ નહીં પણ એની બરોબર ખાતરી કરવા એ બંનેને સરદાર ઘણા સવાલો પૂછ્યા.

આમ બધી બાજુથી તપાસ કર્યા પછી આ અન્યાય સામે થવા માટે પ્રજા કટિબદ્ધ થઈ શકે કે નહીં, એટલું જ જોવાનું બાકી રહ્યું હતું. એટલે સરદારે તા. ૨-૧૨-’૨૩ના રોજ બોરસદમાં બોરસદ તાલુકા પરિષદ બોલાવી. તેને આગલે દિવસે ગુજરાત પ્રાંતિક સમિતિની ખાસ બેઠક પણ ત્યાં જ રાખી.

પ્રાંતિક સમિતિની બેઠકમાં સરદારે જે ભાષણ કર્યું એમાં પંડ્યાજી અને મહારાજના રિપોર્ટની મુક્તકંઠે પ્રશંસા કરી અને તેમાંની જ ખાસ વિગતો ટાંકીને સરદારે પ્રાંતિક સમિતિ વતી

ઠરાવ ઘડી કાઢ્યો.

એ જોઈને રવિશંકર મહારાજનું મનદુઃખ ક્યાંનું ક્યાં ઊડી ગયું. જે મહારાજ સરદારથી દૂર ભાગવાનો વિચાર કરતા હતા, તેઓ એમના ચાહક બની ગયા.

બીજે દિવસે આખા બોરસદ તાલુકાની પરિષદ થઈ. લોકોની ઠાઠ ભારે હતી. આખો મંડપ ખીચોખીચ ભરાયો હતો. જેટલાં માણસ મંડપમાં હતાં તેટલાં જ બહાર હતાં.

સરદારે પોતાના ભાષણમાં રિપોર્ટની વિગતો તથા પોતે મેળવેલી હકીકતો જણાવી. પછી લોકોએ દંડ ન ભરવામાં કઈ દૃષ્ટિ રાખવી જોઈએ તે સમજાવતાં સરદારે કહ્યું :

'અઢી રૂપિયાનો બચાવ થશે એવા હલકા ખ્યાલથી દંડ ન ભરવો હોય, તો આ લડતમાં પડવામાં માલ નથી. આપણે ચોર-લૂંટારાના સાથી નથી, ચક્રવર્તી સરકારને પણ આપણને એવું કહેવાનો હક નથી, એમ લાગતું હોય તો જ લડત ઉપાડજો. પછી ભલે સરકાર બે રૂપિયાને બદલે દસ રૂપિયાનો માલ લઈ જાય.... અમે ઈમાનદાર, આબરૂદાર માણસ છીએ, લૂંટારાના સોબતી નથી, એટલે દંડ નથી ભરવાના, છતાં બહારવટિયા આવીને જેમ લઈ જાય છે તેમ જોઈએ તો તમે આવીને લઈ જાઓ, આવી સમજણ હોય તો જ લડત ઉપાડજો.'

સરકાર સાથે લડવા માટે અહિંસા અનિવાર્ય છે તે ઉપર



ભાર મૂકતાં સરદારે કહ્યું :

'લડત દરમિયાન સરકારના માણસો અને તમારા વિરોધીઓ તમને ભરમાવી તોફાને ચડાવવાનો પ્રયત્ન કરશે. તમે તોફાને બિલકુલ નહીં ચડશો. આ મહાત્માજીના રસ્તાની લડત છે. તેમાં ધારિયાનું કે લાકડીનું કામ નથી. તેમાં આપણા બરડાનું જ કામ છે. તેના ઉપર સરકાર ભલે મારવું હોય તેટલું મારી લે. તમે ગાળ દેશો કે લાકડી ચલાવશો તો તેની પાસે સત્તા છે. બહારવટિયાને તે નથી પકડી શકતી પણ તમને તો એ તરત પકડી લેશે. કોઈને ગાળ દેવામાં કે મારવામાં મોટાઈ નથી. ધર્મને ખાતર દુઃખ સહન કરવામાં મોટાઈ છે.'

લડતની બધી શરતો અને જોખમો સમજાવ્યા પછી, એ બધું કબૂલ કરીને લોકોએ દંડ ન ભરવાનો નિશ્ચય સર્વાનુમતે એવો ઠરાવ પસાર કરીને જાહેર કર્યો કે,

'તાલુકાની સમસ્ત નિર્દોષ પ્રજા ઉપર જૂઠાં તહોમત મૂકીને જે દંડ નાખવામાં આવ્યો છે તે તદ્દન અન્યાયી અને જુલમી છે. એ અન્યાયની સામે લડત ચલાવવા આ પરિષદ પ્રજાને એ દંડ નહીં ભરવાની અને તેમ કરતાં વેઠવાં પડતાં દુઃખ શાંતિથી સહન કરી પોતાનું સ્વમાન જાળવવાની સલાહ આપે છે.'

સરદારે પછી તરત જ લડત માટે સૈનિકોની અપીલ કરતાં જણાવ્યું કે,

'પ્રજા ઉપરના આ આફતના વખતમાં તેની પડખે ઊભા રહી તેની સેવા કરવાની તક ગુજરાતના નવજુવાનોને મળી છે. નાગપુર સુધી વહારે દોડનારા ગુજરાતના જુવાનો પોતાના જ પ્રાંતમાં પીડાતા ભાઈઓને વીલા ન મૂકી શકે.'

મોટાભાગના સ્વયંસેવકો તાલુકામાંથી મળી રહ્યા અને લડતનો વ્યૂહ ગોઠવ્યો. સ્વયંસેવકોની ટુકડીઓ પાડવામાં આવી અને દરેક ટુકડીને અમુક અમુક ગામોનું જૂથ વહેંચી આપવામાં આવ્યું.

આખી લડતની સમજૂતી આપવા માટે તથા લોકોએ શું શું કરવાનું છે, કેવા સાવધાન રહેવાનું છે, અંદર અંદરના કજિયા-કંકાસ કાંઈ હોય તો ભૂલી જઈ એકસંપથી ગામનું રક્ષણ કરવાનું છે, અને એ બધું પૂરેપૂરી શાંતિ જાળવીને કરવાનું છે તેની પત્રિકાઓ તાલુકાના મુખ્ય મથક બોરસદથી કાઢવામાં આવતી.

પહેલી પત્રિકામાં લોકોને શાંતિ અને ખામોશ રાખી દુઃખો સહન કરવાનું સરદારે બરાબર પ્રોત્સાહન આપ્યું :

'લીધેલી પ્રતિજ્ઞા બરાબર પાળી તમે તમારું સ્વમાન જાળવજો. સરકાર તેના સ્વભાવ પ્રમાણે તમારા ઉપર ક્રોધે ભરાશે, જપ્તીઓનો જુલમ કરશે, ઢોર છોડી જશે, અઢી રૂપિયા માટે પચીસ રૂપિયાની કિંમતનો ચાર્જ જપ્ત કરાશે લઈ જશે. એ બધું તમે શાંતિથી અને સબૂરીથી સહી લેજો. પણ સરકારના



માણસોને તમારે હાથે એક પાઈ પણ આપશો નહીં. કોઈ પણ જાતનું તોફાન કરશો નહીં...'

આમ, બોરસદ તાલુકાની કુલ દોઢેક લાખની પ્રજાને સરદારે આ લડતમાં જોડાવા માટે પ્રેરી હતી. સત્યાગ્રહને રસ્તે આ સૌ લોકોને દોરવાનું કામ સહેલું નહોતું. સરકારના ઉગ્ર દમન સામે પ્રજાનો જુસ્સો ટકાવવાનું કામ પણ અઘરું હતું.

પરંત સરદારશ્રીના આદેશોને પૂરેપૂરા ઝીલવા ગુજરાતના ચુનંદા અને નિષ્ઠાવાળા કાર્યકરો એમની પડખે હતા.

દરબાર શ્રી ગોપાળદાસ લડત શરૂ થયાને કેટલાક દિવસ પહેલાં જ બોરસદમાં સત્યાગ્રહ છાવણી નાખીને બેઠા હતા. માત્ર આઠ દિવસના ટૂંકા ગાળામાં જ એમણે બોરસદ તાલુકાના પરિષદ માટે ભવ્ય તૈયારી કરી હતી અને ગામેગામ સ્વયંસેવકો ઊભા કર્યા હતા.

રવિશંકર મહારાજ અને મોહનલાલ પંડ્યાજીની જોડી તો આ પહેલાં જ ગામેગામ ફરી વળી હતી.

હવે સરદારે પોતના સાથીઓ સાથે ચર્ચાવિચારણા કરીને આખા તાલુકાનાં મુખ્ય મુખ્ય ગામોમાં સત્યાગ્રહનાં થાણાં ગોઠવવા માંડ્યાં.

સત્યાગ્રહનાં કુલ ૧૮ થાણાં હતાં. દરેક થાણા નીચે ૮ થી ૧૦ ગામો હશે. પોતપોતાનાં ગામોમાં પોલીસના દબાણથી લોકો

વેરો ભરે નહીં એ ખાસ જોવાનું રહેતું.

રિપોર્ટ મોકલવાનો રહેતો. લોકોમાં લડતનો જુસ્સો બરોબર ટકી રહે એ માટે બોરસદની સત્યાગ્રહ છાવણીમાંથી સત્યાગ્રહ - પત્રિકાઓ નીકળતી. દરેક છાવણી એ પત્રિકાઓ ગામેગામ પહોંચાડતી.

લડતની સાથોસાથ સરકારે પણ જપ્તીઓ કરવા માંડી હતી. નજીવી રકમની અવેજીમાં ભેંસો, ઘરની કીંમતી ચીજવસ્તુઓ અને ક્યારેક તો જમીનો પણ જપ્ત થતી.

કેટલાંક ગામોમાં મુખી અને રાવણિયા જપ્તી અમલદારો અને પોલીસને સાથ આપતાં નહીં, એટલે સરકારે તેમને બરતરફ કર્યા. લોકોનો અસહકાર એટલો જબ્બર હતો કે સરકારે જપ્ત કરેલો માલ કોઈ ખરીદતું નહીં. એવા માલને સરકારી થાણે લઈ જવા પણ કોઈ મળે નહીં.

પુરુષો કરતાં પણ બહેનો બહાદુરીમાં આગળ વધી ગઈ હતી. જપ્તીઓની પીડા ટાળવા પરોઢ થતાં પહેલાં જ લોકો ખેતરોમાં ચાલ્યા જતા અને સાંજ પડે ત્યારે ઘેર આવતા. ત્યાર પછી બહેનો રોટલા કરતી અને પુરુષો ઢોરઢાંખરને ઘાસદાણો વગેરે ખવડાવતા.

બોરસદનાં ગામોમાં ત્યારે બજારો પણ રાતે ભરાતાં. બોરસદમાં રાતે અગિયાર વાગ્યા સુધી બજાર ચાલતું. રાતે દિવસ



જેવો દેખાવ થઈ જતો.

લોકોની ધીરજનો, હિંમતનો અને શાંતિનો પાર નહોતો.

સરકારનો એવો કાળો કેર ક્યાં સુધી ટકી રહે અને છૂપો રહી શકે? પરંતુ લોકોની આવી મક્કમતા અને નીડરતા જોઈને આખરે સરકારને નમતું જોખવું પડ્યું.

સત્યાગ્રહની આ લડત ચાલતી હતી એ અરસામાં સર બેસ્લી વિલ્સન મુંબઈ ઈલાકાના નવા ગવર્નર તરીકે આવેલા. તેમણે એમના પ્રતિનિધિ તરીકે એમના હોમ મેમ્બર સર મેરિસ હેવર્ડને તપાસ કરવા માટે બોરસદ મોકલ્યા હતા.

બધી તપાસને અંતે, સર હેવર્ડના મનમાં જરાય શંકા ન રહી કે બોરસદ તાલુકામાં બહારવટિયાઓના ત્રાસ માટે પ્રજા નહીં, પરંતુ પોલીસનું શિથિલ અને સડેલું તંત્ર જ જવાબદાર છે.

એટલે સરકારે આ હૈડિયાવેરો રદ કર્યો અને વધારાની પોલીસનો ખર્ચ જાતે જ ઉપાડવાનું નક્કી કર્યું. આમ, આ લડતનો વિજયી અંત આવ્યો.

બારમી જાન્યુઆરી ૧૯૨૪ને રોજ બોરસદમાં સત્યાગ્રહની લડતની પૂર્ણાહુતિનો મોટો ઉત્સવ થયો.

લોકો તો કીડીઓની માફક ઊભરાતા હતા. લડતનો આરંભ કરવાની સભામાં પાંચસાત હજાર માણસો આવ્યાં હતાં. પરંતુ આ પૂર્ણાહુતિની સભામાં પચીસથી ત્રીસ હજાર માણસો

હસે.

લડતમાં જેટલો પુરુષોએ હિસ્સો લીધો હતો તેટલો જ બહેનોએ ભાગ લીધો હતો. સભામાં પણ કાંઈ નહીં તો ચોથા ભાગની બહેનો હતી. સભામાં અઢારે વર્ણનાં માણસો ભેગાં થયાં હતાં.

લડતમાં તો ઈશ્વરકૃપાથી વિજય મળ્યો. પણ હવે લોકોનું કર્તવ્ય શું છે એ સમજાવતાં સરદારે ગંભીર વાણીમાં સભાને સંબોધીને કહ્યું :

'.... આ ટૂંકી લડત દરમિયાન તમે કેટલો ભોગ આપ્યો છે, કેટલી હિંમત બતાવી છે, કેવો સંપ રાખ્યો છે, કેટલો ઉત્સાહ બતાવ્યો છે, એ બધું કર્યું ત્યારે જ તમે માગતા હતા તે મેળવી શક્યા. એમાં દરબાર સાહેબની કે પંડ્યાજીની કે મારી કોઈની બુદ્ધિથી કે ચાતુરીથી આ બધું તમે મેળવ્યું નથી.'

'પણ આજે જેલમાં બેઠેલા મહાન તપસ્વીએ ચીંધી દીધેલા માર્ગે ચાલવાથી આ ફતેહ મળેલી છે. હજી તો એમના આપણી ઉપર ચડેલા ઋણનું વ્યાજ જ આ પણે પાછું વાળ્યું છે...'

'.... આપણી લડત પૂરી થઈ છે. તેને સંકેલવામાં જે કાંઈ બાકી રહ્યું હોય તેમાં બને તેટલી મીઠાશથી તમારે કામ લેવું...'

'મેં જાણ્યું છે કે તમે વિજયની ઉજાણી કરવાના છો, તે



ભલે કરો. પણ મારી સલાહ છે કે તમારી ઉજાણીમાં જપ્તી કરવા આવનારાઓને તથા પોલીસને પણ ભાગ લેવા નોતરજો. તેમની સાથે તમારે હવે કાંઈ લડત રહી નથી. તલાટી, મુખી, રાવણિયા, પોલીસ સૌની સાથે મહોબત કરજો. તેમણે કરેલી જપ્તીઓ ભૂલી જજો...'

પછી લોકોને પોતાનું કર્તવ્ય સમજાવતાં સરદારશ્રીએ કહ્યું:

'આપણી વચ્ચે ચોર-લૂંટારા ન રહી શકે તે માટે આપણાં ગામોમાં ધાર્મિક-પવિત્ર વાતાવરણ પેદા કરવું જોઈએ, એ લોકોને આપણે સીધે રસ્તે ચડાવવા જોઈએ.'

'અહીંના શાહુકારોને હું કહું છું કે, લૂંટનો ત્રાસ તમને વધારે પડ્યો છે અને ચાલુ રહેશે તો ભવિષ્યમાં પણ તમારે જ વધારે વેઠવો પડશે. માટે લૂંટો ન થાય એવાં કામ કરવામાં તમારે જ વધારે રસ લેવો જોઈએ. તમારા હૃદયમાં રામ રાખીને તમારો ધંધોરોજગાર કરો.... જો તમે પ્રભુનો ડર નહીં રાખો અને ગરીબનો પૈસો ખેંચવાની જ દાનત રાખશો તો, તેનો બદલો પણ તમને એવો જ મળી રહેવાનો. ગરીબ જોડેના વેપારમાં પ્રભુનો ડર રાખી વાજબી નફો જ લેજો અને તેમને ચૂસવાનો વિચાર છોડજો...'

બોરસદની સભા થઈ ગયા પછી ચાર દિવસ સરદાર બોરસદ તાલુકાનાં બીજાં ઘણાં ગામોમાં ફર્યા અને પોતાનો સંદેશો

સંભળાવ્યો.

બોરસદ સત્યાગ્રહની લડતે આ તાલુકામાં અપૂર્વ જાગૃતિ ઊભી કરી હતી. રવિશંકર મહારાજે તો ત્યાર પછી પોતાની જિંદગીનો કેટલોય સમય પાટણવાડિયા અને બારૈયા લોકોની સેવામાં ગાળ્યાં.

આ લડતને પરિણામે આ કોમોમાં પણ ભારે જાગૃતિ આવવા લાગી હતી. તેમનાં કેટલાંય ગામોએ દારૂ, ચોરી અને લૂંટફાટથી દૂર રહેવાના ઠરાવો પણ કર્યા હતા.

આ સત્યાગ્રહનું સ્થાન દેશના અને ગુજરાતના સ્વાતંત્ર્યના ઈતિહાસમાં કેટલું ગૌરવભર્યું છે, એનો ખ્યાલ મહાત્મા ગાંધીજીના આ શ્દો પરથી સહેજે આવશે :

‘બોરસદ સત્યાગ્રહ ખેડાના સત્યાગ્રહથી ઘણે અંશે ચડી જાય છે…’

શ્રી મહાદેવભાઈ દેસાઈએ સરદાર વલ્લભભાઈ પટેલને અભિનંદન આપતાં યોગ્ય જ કહ્યું હતું કે :

‘બોરસદની વીર પ્રજાને, સત્ય અને અહિંસાની જ્યોત લેશમાત્ર ઝાંખી પાડ્યા વિના, અડગ આગ્રહપૂર્વક તેમણે આ લડાઈ ચલાવી, તેને માટે જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે.’

‘શ્રી વલ્લભભાઈએ તેમની આગેવાની ન કરી હોત તો



કદાચ તેઓ આ લડતમાં ઊતરત કે કેમ તે સવાલ છે. એટલે અડગ આત્મશ્રદ્ધાપૂર્વક શ્રી વલ્લભભાઈએ આ લડત ઊઠાવી અને પાર ઊતારી તે માટે તેમને કેટલો બધો ધન્યવાદ ઘટે છે તે કહેવાની જરૂર નથી.’

❐

# ૩૦. બારડોલી

'બારડોલીની હાકલ પડી,
સૌ ઝીલજો ભાઈ ને બહેન રે,
બારડોલી યુદ્ધે રમે છે.'
નરનારીની સેના બનીને,
મોખરે ઊભા સરદાર રે,
બારડોલી યુદ્ધે રમે છે.
વલ્લભભાઈના શૂરા સૈનિકો,
મરવા થયા તૈયાર રે,
બારડોલી યુદ્ધે રમે છે.

સને ૧૯૨૧ની અસહકાર પ્રવૃત્તિમાં મહાત્મા ગાંધીજીએ બારડોલી તાલુકાને સમગ્ર પ્રવૃત્તિનું મધ્યસ્થ કેન્દ્ર બનાવવાનો નિર્ણય કર્યો હતો.



બારડોલીની પ્રજા તે માટે ફના થવા પણ તલપાપડ હતી.

બારડોલીમાં મુખ્યત્વે પાટીદારની વસ્તી છે. તેઓ તથા બીજી કોમો શ્રદ્ધાળુ, સરળ સ્વભાવની અને પાપભીરુ છે. ત્યાંની આવી સાત્ત્વિક પ્રજા વિશે ગાંધીજીને પણ વિશ્વાસ બેઠો હતો.

પરંતુ એવામાં ચૌરીચૌરાના હિંસક બનાવથી ગાંધીજી ખૂબ વ્યથિત થયા. તેમને થયું કે પ્રજામાં હજી અહિંસા પચી નથી. એટલે તેમણે અસહકાર કરવાનો વિચાર જતો કર્યો. બારડોલી હમણાં કશું ન કરવાનો ગાંધીજીએ નિર્ણય કર્યો.

બારડોલી તાલુકો ત્યારથી સરકારની આંખે ચડી ગયો. સન ૧૯૨૭માં સરકારે મહેસૂલની ફેર-આકારણી કરી. એમાં સરકારે પોતાનું પોત બહાર પાડ્યું અને મહેસૂલમાં ૨૨ ટકા જેટલો ધરખમ વધારો કર્યો!

આ અન્યાય સામે તાલુકાની પ્રજાએ સરકાર આગળ પોતાની રજુઆત કરી. પણ સરકારે કંઈ દાદ આપી નહીં!

પછી તાલુકા આગેવાનો અને સુરત શહેરના આગેવાનો આગળ આ વાત મૂકી. તાલુકાની પ્રજાની પરિષદ ભરી અને તેના પ્રતિનિધિઓનું એક ડેપ્યુટેશન સરકાર પાસે મોકલ્યું. છતાં રેવન્યૂ કમિશનરે તથા ગવર્નરે કાંઈ લક્ષ આપ્યું નહીં.

છેવટે તાલુકાના આગેવાનો વલ્લભભાઈ પાસે ગયા. પરંતુ વલ્લભભાઈએ એ લોકોનો કેસ હાથ ઉપર લીધો નહીં.

પછી બીજી વાર બધા વલ્લભભાઈ પાસે ગયા. સરદારે એ સૌની વાત શાંતિથી સાંભળી. પરંતુ સરદાર પૂરેપૂરી ચકાસણી કર્યા વિના કોઈ પણ કામમાં એકદમ ઝંપલાવે એવા ન હતા.

સરદારે તેઓને કહ્યું : 'તમે પાછા બારડોલી જાઓ. એકલો વધારો જ નહીં, પણ આખું મહેસૂલ ન ભરવા ખેડૂતો તૈયાર હોય અને તેમ કરતાં છેક ફના થવા તૈયાર હોય તો હું આવવા ખુશી છું. તમે આખા તાલુકામાં ફરી વળો અને લોકો શું કહે છે તથા કેટલા તૈયાર છે તેની તપાસ કરી મને જણાવો.'

આ વાત ૨૦ મી જાનેવારી, ૧૯૨૮ને રોજ બની. મહેસૂલનો હપતો ૫ મી ફેબ્રુઆરીથી શરૂ થતો હતો. એટલે આઠ દસ દિવસમાં જ તપાસ કરવાની હતી. રાત કે દિવસ જાણ્યા સિવાય બધા કાર્યકર્તાઓ આખો તાલુકો ખૂંદી વળ્યા. ઘણાંખરાં ગામોનો અભિપ્રાય જાણી લઈ તેઓ પાછા અમદાવાદ ગયા.

આ વખતે દરબારશ્રી ગોપાળદાસ, મોહનલાલ પંડ્યાજી અને રવિશંકર મહારાજને પણ લાવ્યા હતા.

સરદારની સાથે બધું મંડળ આશ્રમમાં ગાંધીજી પાસે ગયું. સરદારે ગાંધીજીને કહ્યું કે, પોતે કેસ તપાસી ગયા છે અને લડત વાજબી લાગે છે.

સરદારે નિશ્ચય કરી લીધો છે એમ જાણતાંની સાથે જ ગાંધીજી બોલ્યા : 'ત્યારે મારે તો એટલું જ ઈચ્છવું રહ્યું કે વિજયી



ગુજરાતનો જય હો!'

તા. ૪ થી ફેબ્રુઆરીએ સરદાર બારડોલી પહોંચ્યા. તે દિવસે તેમના પ્રમુખપણા નીચે આખા બારડોલી તાલુકાની પરિષદ રાખવામાં આવી હતી. તેમાં ૮૦ ગામોના નાનેથી મોટા ખેડૂતો આવ્યા હતા.

બધાની ખૂબ ચકાસણી કરી જોયા પછી સરદારે જાહેર ભાષણમાં એ લોકોને ચેતવણી આપી :

'મારી સાથે ખેલ ન થાય. બિનજોખમી કામમાં હું હાથ ઘાલનારો નથી. જેને જોખમ ખેડવાં હોય તેની પડખે હું ઊભો રહીશ.'

'૧૯૨૧માં આપણી કસોટી થાની હતી. પણ ન થઈ. હવે સમય આવ્યો છે. પણ તમે તૈયાર છો?.... તમે હારશો તો બધાનું ભાવિ બગડશે.'

આવી આવી વાતો સંભળાવી સરદારે શાંતિથી બધાં જોખમોનો વિચાર કરી નિશ્ચય કરવા માટે લોકોને સાત દિવસની મુદત આપી. પછી સરદાર અમદાવાદ ગયા. સરદારે તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરીને રોજ ગવર્નરને વિગતવાર પત્ર લખી જણાવ્યું કે,

'મારી વિનંતી એટલી જ છે કે લોકોને ન્યાય આપવા ખાતર સરકાર ઓછામાં ઓછું એટલું કરે કે, નવી આકારણી પ્રમાણે મહેસૂલ વસૂલ કરવાનું હમણાં મુલતવી રાખે અને આખો કેસ

નવેસરથી તપાસી જાય. એ તપાસમાં લોકોને પોતાનો કેસ રજૂ કરવાની તક આપવામાં આવે અને સરકાર ખાતરી આપે કે, લોકોની રજૂઆતને પૂરતું વજન આપવામાં આવશે.'

'આ લડત તીવ્ર સ્વરૂપ પકડે એવો સંભવ છે. પણ તે અટકાવવી આપના હાથમાં છે. રૂબરૂ મળવા જેવું લાગે તો બોલાવો ત્યારે આપને મળવા આવવા હું તૈયાર છું.'

આ કાગળનો ટૂંકો ને ટચ જવાબ ગવર્નરના પ્રાઈવેટ સેક્રેટરીએ લખ્યો કે, તમારો કાગળ નિકાલ માટે મહેસૂલ ખાતા તરફ રવાના કરવામાં આવ્યો છે.

તા. ૧૧મી સુધી મહેસૂલ ખાતા તરફથી કશો જવાબ ન આવ્યો. એટલે ખેડૂતોને વિચાર કરવા આપવામાં આવેલી મુદત પૂરી થતાં સરદાર તા. ૧૨ મી ફેબ્રુઆરીને દિવસે બારડોલી ગયા.

સરદારે લોકો સાથે પેટ ભરીને ચર્ચા કરી. એકેએક ગામના માણસોને ફેરવી ફેરવીને સવાલો પૂછ્યા. તેઓના જવાબોમાં સાચનો રણકાર, પાકી દૃઢતા અને મક્કમ નિશ્ચય દેખાયો. પ્રતિષ્ઠિત ખાતેદારોના ટેકાથી સત્યાગ્રહનો નીચેનો ઠરાવ પસાર કર્યો :

'બારડોલી તાલુકાના ખાતેદારોની આ પરિષદ ઠરાવ કરે છે કે, અમારા તાલુકામાં લેવામાં આવતા મહેસૂલમાં સરકારે જે વધારો લેવાનો જાહેર હુકમ કર્યો છે તે અયોગ્ય, અન્યાયી અને



જુલમી છે એમ અમારું માનવું છે. એટલે જ્યાં સુધી સરકાર ચાલુ મહેસૂલને પૂરેપૂરા મહેસૂલ તરીકે લેવા અગર તો નિષ્પક્ષ પંચ મારફતે આ આંકણી ફરી તપાસવા તૈયાર ન થાય, ત્યાં સુધી સરકારને મહેસૂલ મુદ્દલ ન ભરવું, અને તેમ કરતાં સરકાર જપ્તી, ખાલસા વગેરે જે કંઈ ઉપાયો લે તેથી પડતાં સઘળાંકષ્ટો સહન કરવાં.'

'જો વધારા વિનાના ચાલુ મહેસૂલને પૂરેપૂરા મહેસૂલ તરીકે લેવા સરકાર કબૂલ થાય, તો તેટલું મહેસૂલ બિનતકરારે તુરત ભરી દેવું.'

ઠરાવ પસાર થયો. સરદાર વલ્લભભાઈએ બારડોલી સત્યાગ્રહનું મંડાણ આરંભ્યું.

તાલુકામાં કોઈ નબળાપોચા હોય તેને ઉત્સાહિત કરવા, કોઈ સ્થળે જુદી જુદી કોમોવચ્ચે મેળ ન હોય તો મેળ કરાવી એક સંપ રાખવા, સરકારી અમલદારો કોઈ જગાએ ખેડૂતોને ફોસલાવી, પટાવી, કોઈ જગાએ ડરાવી, કોઈ જગાએ ઝેરી પ્રસાર કરી મહેસૂલ વસૂલ કરવા તજવીજ કરી રહ્યા હતા એની સામે લોકોને સાવધાન રાખવા

સરદાર વલ્લભભાઈની સરદારી નીચે કસાયેલી કાર્યકર ટુકડી તૈયાર જ હતી. તેઓ બધા બારડોલી આવી પહોંચ્યા. અબ્બાસ સાહેબ તૈયબજી, ડૉ. ચંદુભાઈ દેસાઈ, દરબાર સાહેબ,

મોહનલાલ પંડ્યા, રવિશંકર મહારાજ, ઈમામ સાહેબ, ડૉ. સુમન્ત મહેતા, શારદાબહેન મહેતા, ગોરધનદાસ ચોખાવાળા વગેરે ચુનંદા કાર્યકરોએ જુદાં જુદાં થાણાં સંભાળી લીધાં.

કલ્યાણજીભાઈ મહેતા, કુંવરજીભાઈ, કેશવભાઈ, જુગતરામભાઈ, ખુશાલભાઈ, નરહરિભાઈ, ડૉ. ત્રિભોવનદાસ વગેરે કાર્યકરો પણ બધે ગોઠવાઈ ગયા હતા. કાઠિયાવાડથી ફૂલચંદભાઈ, ભાઈ શિવાનંદ વગેરે આવી પહોંચ્યા.

આવી લડત બહેનોના પૂરા સાથ વિના અને ઉત્સાહ વિના ચાલી શકે નહીં. જપ્તીમાં તેમની સાંપડેલી ઘરવખરી જાય, જતન કરીને સાચવેલી ભેંસો જાય તે વખતે બહેનો જો સત્યાગ્રહ-સંગ્રામની મૂળ વસ્તુ સમજેલી ન હોય, તો તેમનો જીવ ઝાલ્યો ન રહે. તેઓ ઢીલી પડી જાય અને ઘરમાં કંકાસ લઈ બેસે તો પુરુષોનું કશું ચાલે નહીં.

આ વસ્તુ વલ્લભભાઈએ ખાસ ધ્યાનમાં રાખી હતી. એટલે જ બહેનોને પોરો ચડાવવા સરદાર જાહેર સભામાં કહેતાઃ

'હું બહેનોને કહું છું કે તમે ઓછાં જ ભેંસો અને જમીનને પરણેલા છો? તમે તો ખેડૂતોને પરણેલાં છો. તેમની સાથે તાલુકો અને આખું રાજ્ય છોડવું પડે, તો તે પણ છોડજો. પણ તમારી ટેક-લાજ ન જાય તે જોજો.'

આમ થોડા જ દિવસમાં લડતના વ્યૂહનો પોલાદી કોઠો



ગોઠવાઈ ગયો, બધે ઉત્સાહનું મોજું ફરી વળ્યું.

પરંતુ લડત શરૂ થતાંની સાથે મહા મહિનો હોવાથી લગનગાળો આવ્યો. લોકોને થયું કે સત્યાગ્રહ કરવાનો જ છે પણ જરા લગન મહાલી લઈએ!

આમ લોકોને બેફામ બનેલા જોઈને સરદારે પત્રિકા કાઢીને તરત એ સૌને ચેતવ્યા :

'તમે લગ્ન લઈ બેઠા છો તે બધાં ટૂંકમાં પતાવવાં પડશે. લડાઈ લડવી હોય તો લગન મહાલવાનું ન પોસાય.'

'કાલ સવારે ઊઠીને તમારે ઊગ્યાથી આથમ્યા સુધી ઘરને તાળાં મારી ખેતરમાં ફરતા રહેવું પડશે, છાવણી જેવી જિંદગી ગાળવી પડશે. બાળક, વૃદ્ધ, પુરુષ, સ્ત્રી - સૌ આ સ્થિતિ સમજે. ગરીબ, તવંગર બધા વર્ગ અને બધી કોમ એકરાગ થઈ એક ખોળિયે પ્રાણ હોય તેમ વર્તે. રાત પડ્યે જ સૌ ઘેર આવે. આવું તવું જોઈશે.'

'જપ્તીઓનો માલ ઉપાડવા સરકારને એક માણસ પણ શોધ્યો ન જડે એવી આખા તાલુકાની હવા થઈ જવી જોઈએ. જપ્તી અમલદાર કોઈ ખભે ઊંચકીને વાસણો લઈ જનારો મેં હજી જોયો નથી. સરકારી અમલદારો તો અપંગ હોય છે. પટેલ, મુખી, વેઠિયો, તલાટી કે કોઈ, સરકારને મદદ ન કરે ને ચોખ્ખું સંભળાવી દે કે મારા ગામની અને તાલુકાની લાજ-આબરૂ સાથે

મારી લાજ-આબરૂ છે. તાલુકાની આબરૂ જાય તો મુખીપણું શા ખપનું? તાલુકો ઘસાય, અપંગ થાય એમાં પટેલનું હિત નથી.'

'આપણે આખા તાલુકાની હવા એવી કરી મૂકીએ કે એમાં સ્વરાજની ખુશબો આવે, ગુલામીની બદબો નહીં. સરકારની સામે ઝૂઝવાના ટેકનું તેજ સૌના ચહેરા પર દેખાઈ આવતું હોય.'

'હું તમને ચેતવણી આપું છું કે, હવે રમતના છંદમાં , મોજશોખમાં ઘડી પણ ન રહો, જાગ્રત થાઓ.... આજે ગુજરાતની ઈજ્જત તમારા હાથમાં છે. આપણે હાથેથી એક દમડી સરકારને નથી આપવી એ નિશ્ચયમાં કાયમ રહેજો. નહીં તો જીવ્યું ન જીવ્યું થઈ જશે અને તાલુકો કાયમના બોજામાં પડશે.'

બારડોલી તાલુકાની પ્રજા મૂળે તો શ્રદ્ધાવાન અને અડગ હતી જ તેમાં ઓર વધારો થયો. આ તો એક સંગ્રામ હતો - અહિંસક સંગ્રામ.

અહિંસક સંગ્રામમાં પણ શિસ્ત, નિર્ભયતા, શૌર્ય અને શ્રદ્ધા જોઈએ જ. તે ગુણોને વધુ ને વધુ ઉઠાવવાને સરદાર ગામેગામ અને ઘેર ઘેર ફરતા હોય, તેમની વીરવાણીનો ધોધ વહેતો જ હોય.

આખા તાલુકામાં લડત અંગેની હરેક બાબતની પત્રિકાઓ પ્રસિદ્ધ થતી હતી. એ પત્રિકાઓ ગામેગામ દરરોજ નિયમિત વહેંચાતી.



કોઈ પડ્યું, કોઈ આખડ્યું, કોઈએ મક્કમતા દાખવી, કોઈએ વીરતા દાખવી, કોઈએ સંયમ રાખી સરકારનો જુલમ મલકાતે મોંએ સહન કર્યો પણ તાબે થઈને એક પાઈ પણ ભરી નહીં, કોઈને ખાલસાની નોટિસ મળી તો ફૂલ અને કંકુથી વધાવી લીધી, કોઈની ભેંસો પકડી તો હસતે મુખે જવા દીધી - આવા આવા સમાચારો વાંચીને લોકોનો હરખ હૈયામાં સમાય નહીં, લોકો વાંચી વાંચીને આનંદ પામે અને ઉત્સાહમાં આવી જાય. પોચા કઠણ થાય. વિરોધીનો વિરોધ નાશ પામે, અશ્રદ્ધાવાન શ્રદ્ધાળુ બને, નિસ્તેજ તેજસ્વી બને.

સરદાર પોતાની વીરવાણીથી ખેડૂતોને મર્દાનગીના જે રંગ ચડાવી રહ્યા હતા, એ વિશે શ્રી મહાદેવભાઈ દેસાઈએ લખ્યું છે :

'મેં તો ચાર વરસ પર બોરસદમાં એ રણે ચડેલા સરદારની સાથે ચોવીસ કલાક ગાળ્યા હતા. ત્યાર પછી પણ ઘણીવાર તેમને બોલતા સાંભળ્યા હતા. પણ આ વેળા એમની વાણીમાં જે તેજ ભાળ્યું, આંખમાંથી કેટલીક વાર વહ્નિ વરસતો જોય તેવો કદી જોયો નહોતો. લોકોની જમીન ખાલસા થાય તેમાં જાણે પોતાના શરીરના કટકેકટકા થતા હોય અને જે તીવ્ર વેદના થતી હોય તે વેદનાથી ભરેલા તેમના ઉદ્‌ગારો નીકળતા હતા. એ ભાષણોની તળપદી ભાષા, તેમાં ક્ષણેક્ષણે ઝબકી ઊઠતા, ભૂમિમાંથી પાકેલા,

ભૂમિની સુગંધ ઝરતા પ્રયોગોએ ગામડિયાઓને હલાવવા માંડ્યા. અંગ્રેજીના સ્પર્શ વિનાનું, સ્વતંત્ર જોમવાળું એમનું ભાષા ઉપરનું પ્રભુત્વ આ સભાઓમાં પ્રગટ થતું મેં પહેલું ભાળ્યું :'

ગામડામાં અંગ્રેજ સરકારના બે પગ : 'એક તો ગામનો પટેલ કે મુખી અને બીજો તલાટી. આમાંના એક પગને પટેલાઈનો મોહ છોડવાનાં ઈંજેક્ષનો આપતાં અંભેટી ગામની સભામાં સરદાર કહે :

'સરકારને આ હાથે પૈસા નહીં મળે, એની મેળે ભલે વસૂલ કરી લે.'

'પણ એ વસૂલ કોણ કરે? મુખી, તલાટી, રાવણિયા જોઈએ. બાવળનું ઝાડ કાપવા બાવળનો જ હાથો જોઈએ.'

'ગામનો પટેલ એટલે ગામનું મોઢું, નહીં કે સરકારનો સાત રૂપિયાનો નોકર! નહીં તો સરકાર એનો ધણિયામો ને એ તેનો દૂબળો!'

'આ તાલુકામાં જન્મેલા પટેલો ખરી પટેલાઈ બજાવશે કે ધણિયામાને ત્યાં સાત રૂપિયામાં વેચાયેલા દૂબળા બનશે? સાત રૂપિયા ખાતર જે માણસ પોતાનાં કુટુંબીઓનાં ગોદડાં ચૂંથવા જાય, એને દૂબળો ન કહીએ તો શું કહીએ? અરે, દૂબળો પણ પોતાના ધણિયામાના ઘરમાં એવું કામ કરવા ન પેસે.'

પૂણી ગામમાં મળેલી સભામાંસરદારે સપાટા ચલાવ્યા :



'સરકારનું ગાડું પટેલ અને તલાટી એ બે બળદથી ચાલે છે. તેમના ઉપર ચાબુક-પરોણાના માર પડે છે, આર વાગે છે, પણ કોઈ વખતે ગોળ ચટાડે છે તેથી રાજી થઈ ગાડું ખેંચ્યે જાય છે.'

'પટેલો, તમે ખરી પટેલાઈ શીખો, કલેકટરને કહી દો કે અમારું નામ વેઠિયામાં દાખલ ન કરશો. અમારે આવાં કાળાં કામ કરી સ્મશાનના લાડુ ખાવા નથી!'

અને સરદારના સપાટાની ધારી અસર થઈ. ટપોટપ પટેલોએ રાજીનામાં આપી દીધાં.

વાલોડની એક સભામાં સરદાર કહે :

'તમારું ગામ સરકારને તલાટી પૂરા પાડવાનું કારખાનું છે! તમે પચાસ તલાટી આપ્યા છે. એટલે તમે તો ખેડૂતોને બે તરફનો માર મારો છો. જપ્તી કરવા કોણ આવશે? તમારા જ ગામના તલાટીઓ!'

'વર્ષોની લોકો સાથેની મહોબત ભલે તૂટે, ઈશ્વરની મહોબત ભલે તૂટે! નહીં તો આપણું જ અન્ન ખાનારો તમારી જપ્તી કરવા આવે? એવી નોકરી પર પૂળો મૂકવાનું પસંદ નહીં કરે? પણ આ તો સગા બાપને ઘેર જપ્તી કરવાનો હુકમ મળે તોયે જવાને તૈયાર!'

'તમારો આસિસ્ટંટ કલેકટર ગામ બહાર મુકામ કરે છે,

અને ચિઠ્ઠી લખીને લોકને બોલાવે છે. એક ભાઈને કહે છે કે, મારા જેવાની મહોબતને ખાતર એક રૂપિયો તો ભરો! તેને કહો કે, અમારી મહોબત ખાતર તુંયે એક રાજીનામું તો આપી દે!.... દુઃખને વખતે રૈયતની પડખે ઊભો રહે તે જ અમલદાર, બાકી તો બધા હવાલદાર!'

બારડોલી સત્યાગ્રહ ચાલતો હતો એ અરસામાં વલ્લભભાઈનું નામ ખેડૂતોના 'સરદાર' પડ્યું. કોઈકના મોંમાંથી એ નામ નીકળ્યું અને જેણે જેણે એ સાંભળ્યું તેણે તેણે એ ઉપાડી લીધું.

અને કેમ ન ઉપાડી લે? જેણે જેણે બારડોલીની લડત વખતનાં વલ્લભભાઈનાં ભાષણો સાંભળ્યાં અને વાંચ્યાં તેણે તેણે ખેડૂતોને માટે લીધેલો એમનો ભેખ જોયો, ખેડૂતોને માટે ઊકળતું એમનું હૈયું ઓળખ્યું, ખેડૂતોનાં દુઃખોનું એમનું જ્ઞાન જાણ્યું, ખેડૂત કેવાં કષ્ટ ખમી ખેતી કરે છે અને ખેડૂત ઉપર ક્યાં ક્યાંથી, કઈ કઈ જાતના માર પડે છે તેનું અનુભવજ્ઞાન સરદારના જેવું કોને હશે અને તેની રજૂઆત તેમના જેવી બીજું કોણ કરી શકે એમ હતું?

ખેડૂત વિશેના ઉદ્‌ગારો સરદારનાં બારડોલીનાં ભાષણોમાં જોવા મળે છે તેટલા અગાઉના કોઈ ભાષણમાં જોવા નથી મળતા.

ખેડા સત્યાગ્રહમાં તો વલ્લભભાઈ ગાંધીજીની સરદારી



નીચે સિપાહી હતા, એટલે ઝાઝું બોલતા જ નહોતા.

બોરસદ સત્યાગ્રહની લડત હતી તો ખેડૂતોની જ લડત. પણ તે ખેડૂતમાત્રના સામાન્ય દુઃખમાંથી ઊઠેલી લડત નહોતી. બોરસદનો પ્રશ્ન વિશિષ્ટ હતો, અને એ વિશિષ્ટ પ્રશ્ન અંગેના જ ભાષણો ત્યાં થતાં.

પરંતુ જમીન મહેસૂલનો પ્રશ્ન એ જ ખેડૂતોનો મુખ્ય પ્રશ્ન છે, એટલે ગુજરાતના ખેડૂતોની સેવા કરવી હોય, તો તે જમીનમહેસૂલના કૂટપ્રશ્નનો નિકાલ કરીને જ થઈ શકેએવો સરદારનો જૂનો નિશ્ચય હતો. એ સેવાની તક સરદારને બારડોલીએ આપી.

ખેડૂતો ઉપરના અપાર પ્રેમની પાછળ સરદારના દિલમાં રહેલી ભાવના તેઓ વારંવાર કહી સંભળાવતા : 'કણબી કેડે ક્રોડ, કણબી કોઈ કેડે નહીં' અને 'ઓ ખેડૂત તું ખરે જગતનો તાત ગણાયો.'

સરદાર ઘણી વાર કહેતા : 'દુનિયામાં ખરા પેદા કરનાર વર્ગ ખેડૂત અને મજૂર છે. બાકીના બધા ખેડૂતો અને મજૂરો ઉપર જીવનારા છે. એ પેદા કરનારાઓની સ્થિતિ સૌથી ઉત્તમ હોવી જોઈએ તેને બદલે આપણે સૌથી અધમ કરી છે.'

પોતાની આ અંતર્વેદના વ્યક્ત કરતાં સરદારે બારડોલી સત્યાગ્રહ વેળાએ એક ભાષણમાં કહ્યું :

'આખું જગત ખેડૂત ઉપર નભે છે. દુનિયાનો નિર્વાહ એક ખેડૂત અને બીજો મજૂર એ બે ઉપર છે. છતાં સૌથી વધારે જુલમ કોઈ સહન કરતા હોય તો આ બે છે. કારણ તેઓ બંને મૂંગે મોઢે જુલમ સહન કરે છે.'

'હું ખેડૂત છું, ખેડૂતનાં દિલમાં પેસી શકું છું. અને તેથી તેને સમજાવું છું કે તેના દુઃખનું કારણ એ છે કે પોતે હતાશ થઈ ગયો છે, આવડી મોટી સત્તા સામે આપણું શું વળે એમ માનતો થઈ ગયો છે.'

'સરકારને નામે એક ધગડું આવીને પણ એને ધમકાવી જાય, ગાળ ભાંડી જાય, વેઠ કરાવી જાય, સરકાર ઈચ્છામાં આવે એટલો કરનો બોજો તેના ઉપર નાખે છે. વરસોની મહેનત કરી ઝાડ ઉછેરે તેના પર વેરો, ઉપરથી વરસાદનું પાણી ક્યારીમાં પડે તેના ઉપર જુદો વેરો, કૂવો ખોદી ખેડૂત પાણી કાઢે તો તેના પર પણ સરકાર પૈસા લે.'

એક ગામમાં સભામાં સરદારે પોતાના દિલની ભાવના વ્યક્ત કરતાં કહ્યું હતું :

'મારું પેટ ખેડૂતોનાં દરદથી ભરેલું છે. હું પ્રભુ પાસે રાતદિવસ એટલું જ માગ્યા કરું છું કે ખેડૂતોની સેવા કરતાં મારાં હોડ પડે.'

ખેડૂતોને ચાહનારા આવા સરદારની સરદારી હેઠળ



બારડોલી સત્યાગ્રહની લડત પુરજોશમાં આગળ વધતી હતી.

ગાંધીજી પણ વચ્ચે બારડોલી આવી ગયા. સરદારની આગેવાની હેઠળ સફળતાપૂર્વક અને વ્યવસ્થિત ચાલતી લડત જોઈને ગાંધીજી પણ પ્રસન્ન થયા.

છ છ મહિના સુધી બારડોલીના લોકો સરકાર સામે બરોબર ઝૂઝયા. લોકોની મક્કમતા જોઈને સરકારને છેવટે નમતું જોખવું પડ્યું. જે ખેડૂતોની જમીનો જપ્ત થઈ હતી એ પાછી આપવાનું વચન સરકારે આપ્યું. કેદીઓને છોડી મૂકવાની બાંયધરી આપી. જે તલાટીઓને છૂટા કરવામાં આવ્યા હતા તેમને પાછા નોકરીમાં લેવાની સરકારે માન્યતા આપી.

આટલું નક્કી થયું, એટલે સરદારે પોતાનો સંતોષ જાહેર કર્યો. જાહેર રીતે સરદારે સરકાર સુધ્ધાં સૌનો આભાર માન્યો અને ખેડૂતોને ઉદ્દેશીને પત્રિકા પ્રસિદ્ધ કરી, તેમાંનો મુખ્ય ભાગ આ હતો :

'આપણી ટેક જાળવવાને સારુ આપણે ઈશ્વરનો પાડ માનીએ. આપણે હવે જૂનું મહેસૂલ ભરવાનું છે, વધારો ભરવાનો નથી. જૂનું મહેસૂલ ભરવાની તૈયારી સૌ કરી મૂકશો એવી આશા રાખું છું. ભરવાનો સમય થયે જાણ કરીશ.'

આખરે બધા કેદીઓને છોડી દેવામાં આવ્યા. તલાટીઓને નિમણૂકના હુકમો કલેકટર તરફથી મળ્યા. અને લોકોએ એક

મહિનાની અંદર બધું મહેસૂલ ભરી દીધું.

આમ, 'નિર્બલકે બલ રામ'નો આધાર રાખી પોતાની ટેક ઉપર ઝૂઝનારા અને સંકટસહન જ મોટું શસ્ત્ર માની છ મહિના સુધી બળિયાની સાથે બાથ ભીડનારા બારડોલીના ભલાભોળા ખેડૂતોનો વિજય થયો.

સરદારની ત્રણ સફળ સત્યાગ્રહની લડતોમાંની ભારેમાં ભારે આ લડત હતી. સ્વરાજ્યને પંથે તેમણે નાખેલા મજલ દાખવનારા સ્તંભોમાંનો આ ત્રીજો વિજયસ્તંભ.

સમાધાનની અને સત્યાગ્રહના જ્વલંત વિજયની વાત વીજળીની જેમ બધે ફરી વળી.

સરદાર ઉપર ચારે તરફથી અભિનંદનના તારો વરસ્યા તથા દેશનાં બધાં વર્તમાનપત્રોમાં પ્રશંસાના લેખો ઊભરાયા.

મહાત્મા ગાંધીજી તે પ્રસંગે બારડોલીમાં જ હતા. તેમણે મુંબઈ સરકારને, બારડોલીના ખેડૂતોને અને સરદારને પોતાના પત્ર 'યંગ ઈન્ડિયા'માં અભિનંદન આપ્યાં. સરદાર વિશે ગાંધીજીએ લખ્યું :

'વલ્લભભાઈની દૃઢતા તેમ જ નમ્રતા વિના સમાધાન થઈ જ ન શક્યું હોત.'

લાલા લજપતરાય પછી એક વાર સિમલામાં સરદારને દેખતાંની સાથે જ 'ભલે પધારો બારડોલીના સરદાર! તમે



ઈતિહાસ ઘડ્યો છે.' એમ બોલીને ઉમળકાથી એમને ભેટ્યા હતા.

છેવટે શ્રીનિવાસ શાસ્ત્રીજી જેવા મહાન દેશભક્તના ઉદ્‌ગારો ટાંકી આપણે સંતોષ માનીએ :

'બારડોલી પ્રકરણનું પરિણામ સાંભળીને મને કેટલો આનંદ થાય છે! બંને પક્ષને તે શોભા આપનાર છે. વલ્લભભાઈ પટેલ બહુ ઊંચું ચડ્યા છે. પૂજ્યભાવથી મારું મસ્તક તમને નમે છે...'

આમ, મોટાંથી માંડીને નાનાં સુધી સૌએ સરદારને પ્રેમથી અને ઉમળકાથી ખૂબ વધાવ્યા. એક વૃદ્ધ માજીના શબ્દો સરદારના કાનમાં સદા ગુંજતા જ રહ્યા હશે. માજીએ સરદારને સૂતર આપતાં કહ્યું હતું :

'ધન્ય છે તમારી માતાને !'

આ બધાં અભિનંદનોના સખત મારા નીચે સરદારની મનઃસ્થિતિ યોગી જેવી જ હતી. તેઓ પોતાની મર્યાદા નમ્રભાવે સ્વીકારીને બધું સ્વસ્થપણે જોઈ રહ્યા હતા. તેમના મનોભાવ બારડોલીમાં તેમના થયેલા સ્વાગતના જવાબમાં દેખાઈ આવે છે.

મહાત્મા ગાંધીજીએ બારડોલીની સભામાં સરદારને માનપત્ર આપતાં તેમની પીઠ ઉપર શાબાશીનો મજબૂત થાબડો લગાવ્યો.

સરદારની મૂંઝવણ એથી વધી પડી. તેઓ નમ્રભાવે બોલ્યાઃ

‘અહિંસાના સિદ્ધાંતનું પાલન કરનારા તો હિંદુસ્તાનમાં છૂટાછવાયા અજ્ઞાત ઘણાયે પડ્યા છે, તેમના ભાગ્યમાં જાહેરાત નથી. જે પૂરું પાલન નથી કરતા તેમનાભાગ્યમાં જાહેરાત આવી પડી છે !’

‘અહિંસાના પાલનની વાત કરવી એ જ મારે માટે તો નાને મોઢે મોટી વાત કરવા જેવું છે - કોઈ માણસ હિમાલયની તળેટીએ બેસીને તેના શિખરે પહોંચવાની વાત કરે તેના જેવું છે. પણ કોઈ કન્યાકુમારી આગળ બેસીને તે શિખરે પહોંચવાની વાત કરે તેનાં કરતાં તળેટીએ બેસીને વાત કરે તે કંઈક વધારે ડાહ્યો કહેવાય એટલું જ.’

‘બાકી હું તો ગાંધીજીની પાસેથી ભાંગ્યો તૂટ્યો સંદેશો તમારી આગળ મૂકું છું. તેટલાથી જ જો તમારામાં પ્રાણ આવ્યા, તો જો હું પૂરો પાળનારો હોત તો ૧૯૨૨ની પ્રતિજ્ઞા પાળીને આપણે બેસી ગયા હોત.’

આવા હતા આપણા સરદાર ! એટલે જ તેઓ લોકહૃદયમાં આદરભર્યું સ્થાન પામીને અમર થઈ ગયા.

આવા બાપુભક્ત સત્યાગ્રહી સરદારશ્રીને આપણાં કોટિ કોટિ વંદન!



પેલાં વૃદ્ધ માજીના શબ્દો આપણા કાનમાં પણ ગુંજી ઊઠે છે :

‘ધન્ય છે તમારી માતને!’

❒

............